


કુમાર
સંસ્થાપક: રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોનું માસિક
તંત્રી: બચુભાઈ રાવત
ઑગસ્ટ-ઈ. ૧૯૫૮
અંક ૪૧૬




પચાસ વર્ષ પૂર્વે લી દ ફોરેસ્ટે તારનો એક ટુકડો વાળી દુનિયાને પલટી નાખી. એને લીધે બિનતારી સંદેશ, રેડિયો, ધ્વનિફિલ્મ, ટેલિવિઝન રેડાર અને ધ્વનિમુદ્રણ શકય બન્યાં.



અમેરિકામાં આયોવા ખાતે જન્મેલા એક પાદરીના એ પુત્રે કુમાર વયે જ બૅટરી, હોકાયંત્રો, ઇલેક્ટ્રિક મોટરો અને ઢોળ ચડાવવાનું યંત્ર બનાવેલાં. એડિસન તેની પ્રેરણામૂર્તિ હતા.




કપરી ગરીબીમાં કૉલેજનો અભ્યાસ પૂરો કરી તેમણે વાયરલેસના પ્રયોગો શરૂ કર્યા. જોડા બચાવવા ઉઘાડે પગે ચાલતા ને એક માત્ર પાટલૂન ઓછું ઘસાય તે માટે મોટે ભાગે ઊભા રહેતા.




૧૯૦૩માં તેમને પહેલી સફળતા મળી અને તેમની સંદેશા-વ્યવહાર કંપનીએ નૌકાદળ, વર્તમાનપત્રો ને સમાચાર-સંસ્થાઓને આપેલી સેવાઓમાંથી ૩૧મે વર્ષે તો લાખોપતિ થયા.



પણ વધારે પડતા વિસ્તારથી કંપની ભાંગી પડી અને દ ફોરેસ્ટે આફતને બાજુએ હડસેલી હવાનાં મોજાં પર માનવીનો અવાજ મોકલવાનો પ્રયત્ન શરૂ કર્યો;—અને સિદ્ધિ પણ મેળવી.



૧૯૦૬માં તેમણે પ્લૅટિનમનો તાર વાળીને હવા વિનાની નળીમાં ખોસ્યો. આજના ઉદ્યોગના પાયા સમી આ ઑડિશન ટ્યૂબ. કેટલાક તેને વીસમી સદીની સૌથી મોટી શોધ ગણે છે.



છતાં લોકોને શ્રદ્ધા ન બેઠી. એક વાર તો તેમને છેતરપિંડીના આરોપસર અદાલતમાં પણ ઘસડ્યા. અને માનવ ધ્વનિને ઍટલાન્ટિકની પાર મોકલવાનો દાવો કરવા બદલ ન્યાયાધીશે તેમને સખત શબ્દોમાં ઠપકો આપ્યો.



પણ અંતે ૧૯૨૦માં તેમણે એક ઇજનેરના અવાજને અમેરિકાથી પારીસ મોકલ્યો. પછી તો તરત સેંકડો ધ્વનિપ્રસારક મથકો ઊભાં થયાં. એક નવા યુગનો ઉદય થયો. બનાવો બનતાંવેંત લોકોને તેના ખબર મળવા લાગ્યા.



દ ફોરેસ્ટે નાનકડો તાર વાળીને કાચની નળીમાં ન સેરવ્યો હોત તો બોલતી ફિલ્મો ઇલેક્ટ્રિક ગ્રામોફોન અને સ્વરમુદ્રિકાઓ અશકય બનત. હૉલીવૂડ પાસે સાદાઇથી રહેતા દ ફોરેસ્ટ આજે ૮૫ વર્ષે પણ હજી આગળ શોધો કરે છે.



કુમાર

ઑગસ્ટ ૧૯૫૮

અંક ૪૧૬

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

ઓરડે અજવાળાં

· મિશ્ર ·

પ્રભાતનો સૂર્ય પથે મળેલ તે
સૌ વૃક્ષ ને પર્ણ મહીં રમંત
હવા લઈ સંગ મહીં હસંત
આવે અમારા ઘરમાંહિ, ઓરડે.

કુટીર નાની અવકાશ-મોકળી
બની રહે, ઉડ્ડયને વિહંગ
કિલ્લોલતાં ત્યાં ઘર-વસ્તિ-વૃંદ
(છાયાથી બ્હેળું) સહુ શું રહે ભળી:
સોહંત શી ભૂમિની ચંદ્ર-ઓકળી!

અહીં વલોણે ઊછળંત ગોરસ:
અમી થકી અંતર તૃપ્ત સર્વનાં;
અહીં રચ્યો શાશ્વત યજ્ઞ, પર્વનાં
ગવાય છે ગીત અહીં નિરંતર.

રાજેન્દ્ર શાહ

નથી

· ગઝલ ·

જોઈ લીધું કે જીવન સ્વપ્ને ભર્યું નથી!
ને જે મળ્યું છે થોડું સુખ તે નર્યું નથી!

હૈયું ધર્યું છે કિન્તુ સામું વર્યું નથી!
અથવા તો મેં જ સાચી રીતે ધર્યું નથી?

જે થૈ ગયું છે તેનો હવાં ઇલાજ શો?
આંસુ સર્યું નયનથી પાછું ફર્યું નથી!

આ ચન્દ્ર-સૂર્ય કાજે ઊછળી મરે છતાં
સાગરનું દુઃખ એણે હૈયે ધર્યું નથી!

સૌ વ્યર્થ આશ પાછળ ભમવું નથી હવે,
ઝાકળનું બિન્દુ કો દિ’ મોતી ઠર્યું નથી!

છલકે છે તે સમાવા તટની મજાલ ક્યાં!
અશ્રુમાં કોઇ જોકે ડૂબ્યું-તર્યું નથી!

હું કૈંક તો જગતને આપી જ જવાનો
સૌરભ દીધા વિના કો’ ફૂલડું ખર્યું નથી!

હેમન્ત દેસાઈ

હું

· પરંપરિત હરિગીત ·

જોઇને મુજને વિમાસણમાં પડયો!
આ હું અહીં (?!)
મુજ બાલ્યવય કેરી છબીની સાથમાં અરીસો મઢયો
ત્યાં ધારી ધારી જોઇને ખોવાઈ જાઉં છું છતાં
કેમે ય તે એમાં મને ‘હું’ ના મળ્યો!

હેમન્ત દેસાઈ

ખોરડું

· ગાન ·

ફરી પાછું આ ખોરડું ચૂવે;
એકબીજાને બાથ ભરીને નળિયાં રાતાં પાણીએ રૂવે,
આજ ફરી પાછું ખોરડું ચૂવે.

કાલ સુધી તો તૂટલી વાંસ-ખપાટમાંથી રોજ ઊતરી હેઠે
ચાંદરણાં કો’ક ચીતરી જાતું;
(એ)ગારતણી પરસાળ આછા અંધારથી લીંપી કોઇ આજે એના
અણુઅણુમાં ઊતરી જાતું.
ચાળણી જેવું છાપરું જળતી જાતને નેણનાં નીરથી ધૂવે.
ફરી પાછું આ ખોરડું ચૂવે.

ઉપર આડા મોભ ધરુજે, બારીઓ-બારણાં હીબકાં ખાતાં,
એ ય બાજુની લથપથે ભીંત રેલેરેલે એનાં ધોળ ધોવાતાં,
માંહ્ય રે’નારાં વલખે
—ને દૂર ચાળનારાં વણુથડક્યાં સૂવે!
મનનું મારું ખોરડું ચૂવે.

ગુલામમોહમ્મદ શેખ

લાચાર

· ગાન ·

હું મુજથી લાચાર,
અવર લોકને કહ્યું કરાવું,
મુજ પર ના અધિકાર!
માહરો મુજ પર ના અધિકાર?—હું મુજથી૦

મુજ ઇચ્છયું ના કોઇ કરે તો
આજીજી કે ક્રોધ
વહાવતી, વળી એ ન ફળે તો
અવગણતી અવરોધ;
પણ વિનતિ, સંયમ, અવહેલા
કરી શકું ન લગાર—
અસર ના મુજ પર મારી લગાર.—હું મુજથી૦

ઘર બ્હારે જગ સંગ મળે ના
સાંકળતી કડી કોઈ,
ચેન પડે ના જરી ય ઘરમાં
પળપળ આતમ રોઈ;
પડછાયા શો ઝલાય ના કે
છૂટે નહીં તલભાર
‘હું’નો મુજ આ કારાગાર.—હું મુજથી લાચાર.

ગીતા પરીખ



૪૧૫મા અંકમાં રાણકપુર તથા અચલગઢ બાબતના મારા ખુલાસાના ઉપરના ભાગમાં આપે મારો પરિચય આપ્યો છે તેમાં ત્યાંના શિલ્પી તરીકે મેં તથા મારા મોટા ભાઇ શ્રી પ્રેમશંકર ત્રિવેદીએ કામ કરેલું, નકશાઓ બનાવેલા ને સમુદ્ધારકાર્ય પણ સંભાળેલું, એટલે હું અધિકારપૂર્વક માહિતી આપી શકું ખરો; પરંતુ લાખો રૂપિયા ખર્ચીને શેઠ આણંદજી કલ્યાણજીએ જે સમારકામ કરાવ્યું તે શ્રી દલછારામ ખુશાલદાસ ત્રિવેદીના હસ્તક થયું ગણાય, કારણ તેના મુખ્ય શિલ્પી તરીકે તેઓ હતા. ઉપર મુજબનો ખુલાસો છાપવા યોગ્ય કરશોજી.

(દેલવાડા : આબુ) —અમૃતલાલ મૂ. ત્રિવેદી

અંક ૪૧૪માં ભાઈ રમણલાલ એન્જિનીઅરે બે વાતો સ્પષ્ટ કરી છે: એ લેખકનું નામ Sanford Benett છે, અને એનાં બે પુસ્તકો છે. એટલે મારી બન્ને ભૂલો સુધરી છે. પુસ્તકનું નામ 'Old Age: Its cause and Prevention' બીજાનું નામ 'Exercising in Bed'; પહેલું જ સૌથી છેલ્લું પ્રકટ થયું.

'કુમાર' પત્રનો આ એક લાભ છે કે એની દ્વારા મારી ભૂલો સુધરી. બીજો અણધાર્યો લાભ બીજા લેખકોનાં ઓળખાણ છે. તેમાં ય આ વખતે મુંબાઈના એક સંમિત્રે[1] પોતાની જ મેળે ફોન કરી મને કહ્યું કે 'બેનેટનું એક પુસ્તક મારી પાસે છે ને હું તમને મોકલીશ.' તે પ્રમાણે તેમણે મોકલ્યું પણ ખરું. તે 'Old age' (વૃદ્ધાવસ્થા) વિષેનું પુસ્તક છે. ઘણાં ચિત્રો છે: ૫૦ ને ૭૦ની ઉંમરનાં બે ચિત્રો લાક્ષણિક ને આકર્ષક છે. બીજાં ઘણાં ચિત્રો પથારીમાં કરવાની કસરતોનાં છે. એ મિત્રે સન ૧૯૨૩માં એ ખરીદ્યું, ને તે પુસ્તક ૧૯૨૧માં Dodd, mead and Company એ ન્યૂ યૉર્કમાં છપાવેલું.

તે જોતાં મને માલૂમ પડયું કે મેં જોએલું તે પુસ્તક 'પથારીમાં કરવાની કસરતો'નું જ હોતું જોઇએ. લેખકના નામની નીચે 'The man who grew young at Seventy' (સિત્તેર વર્ષની ઉંમરે જે જુવાન થયો તે માણસ) એમ ઓળખાણ આપ્યું છે. પાનાની છેક ઉપર એમનું એક સૂત્ર અંગ્રેજીમાં લખ્યું છે: 'All muscles and all organs increase in size, strength and elasticity when properly exercised. This is the principal secret of health, strength, elasticity and a long life.'[2]

મારી દૃષ્ટિએ એ બીજું પુસ્તક સરખાવી જોવાની મારે જરૂર છે. વૃદ્ધત્વનું પુસ્તક છેલ્લું છે, પણ બીજામાં (કાળક્રમે પહેલામાં) નવી કસરતો હશે? બેનેટ કેટલાં વર્ષ જીવ્યો? આશા છે કે ગૅફર્ડનના જીવનમાં છેવટે જે કરુણા આવી, ને પાકિસ્તાની પહેલવાન (પહેલાંના હિન્દી પહેલવાન) ગામાની બાબતમાં જે મુશ્કેલી નડતી હમણાં સાંભળીએ છીએ એમાંથી બેનેટ બચી ગયો હોય.

(ખાર) —કાન્તિલાલ છ. પંડયા

૧. આ સન્મિત્રનું નામ એમને પૂછયા વિના લખી શકતો નથી. વળી એમ પણ બીક રહે છે કે એમની ઉપર દરોડો પડે તો! ૨. આ લેખ જરા લાંબો થયો ન હોત તો આ સૂત્રનું ગુજરાતી જરૂર આપ્યું હોત. વાચક જરૂર હોય તો બીજાની પાસેથી સમજી લે.

અંક ૪૧૪: સૅન્ડફર્ડ બેનેટ: Old age; its causes and prevention: આ પુસ્તકનો ગુજરાતી તરજુમો 'જુવાનીની ચાવી' છે. લેખક: ચુનીલાલ મ. દેસાઇ: B.A. વડોદરામાંથી ઇ.સ. ૧૯૨૮ના અરસામાં શ્રી સયાજીસાહિત્યમાળાના મણકા રૂપે પ્રસિદ્ધ થએલું છે. અને વડોદરા અને અમદાવાદના મોટા પુસ્તકભંડારોમાંથી મળે છે. પુસ્તકાલય માસિકના તંત્રી પાસેથી પણ હકીકત મળશે. વૃદ્ધાવસ્થા માટેની કસરતો માટે બે વિશેષ પુસ્તકોમાં પણ હકીકત છે. (૧) प्राकृतिक चिकित्सक ले. दूबे B.A. ठे. प्राकृतिक चिकित्सा कार्यालय : बनारस की. रु. ७। सात આશરે. પુસ્તક હિન્દીમાં છે પણ મને ઘણું ગમ્યું છે. યૌગિક જીવન: લેખક હરિભાઈ પટેલ B.A. ભક્તિમાર્ગ કાર્યાલય: સલાપસ ક્રૉસ રોડ: અમદાવાદ. અખંડ આનંદ જૂન ૧૯૫૨માં પ્રસૂતા માટે વ્યાયામ નામના લેખમાં ડૉ. આડતિયાએ આશરે ૧૦ કસરત આપી છે. આ કસરતો વૃદ્ધ પુરુષો પણ કરી શકે તેવી છે. ઘણો ફાયદો થશે. હાલ હું નિવૃત્ત જીવન ગુજારું છું. ૬૪મું વર્ષ ચાલે છે. ઉપરની બધી બાબતોનો મને સારી રીતે અનુભવ થયો છે. અને મને ખૂબ ફાયદો થયો છે.

(રાજકોટ) —હરિભાઇ નારણભાઇ પટેલ

જૂન અંકમાં પા. ૨૩૧ ઉપરનાં ચિત્રોમાં નંબરો ખોટા લખાયા છે. ૨ છે તે ૩; ૩ છે તે ૪; ૪ છે તે ૨ જોઇએ એમ લાગે છે.

લોનાવલાથી સ્વામી કુવલયાનંદજી યોગમીમાંસા નામનું ત્રૈમાસિક વર્ષો પૂર્વે કાઢતા હતા. લોનાવલામાં 'યોગ કૉલેજ' પણ ૩-૪ વર્ષથી ચાલે છે. ત્યાં એક લૅબોરેટરી પણ શરૂઆતથી જ છે. દરેક આસનમાં કયા કયા અવયવો, શરીરના કયા કયા સાંધા, ભાગ, નાડીઓ ઉપયોગમાં આવે છે, અવયવ ઉપર આસનોની કેવી રીતે, શી અસર થાય છે એ સર્વ ઘણા જ વિસ્તારપૂર્વક ચિત્રો સાથે દર્શાવવામાં આવતું. કયા કયા રોગ ઉપર કયું કયું આસન લાભ કરે છે, કયા કયા રોગોમાં કયું કયું આસન ન કરવું એ પણ એમાં જણાવવામાં આવ્યાનું યાદ છે. શીર્ષાસન જરૂર 'બેધારી તલવાર' (શ્રી રમણલાલ એંજિનિયર જણાવે છે તે પ્રમાણે) છે જ. મુ. કાન્તિભાઇએ, આ લેખકને, એમના એક મિત્ર–(શીર્ષાસનના ખાસ અભ્યાસી જાણકાર)–શીર્ષાસન કરતે કરતે જ નાકમાંથી લોહી નીકળતાં મૃત્યુવશ થયાનું કહીને એ આસનથી દૂર જ રહેવા સૂચના આપેલી. આસનો કરનારે દાક્તરને પ્રકૃતિ દેખાડીને જ યોગ્ય જાણકાર પાસેથી જ શીખવાં જોઇએ. સ્વા. કુવલયાનંદ લોનાવલા તથા સાંતાક્રૂઝમાં (૧૯૩૨) ડૉ. સ્વ. મર્ચંટ પાસે દરેક અભ્યાસીની શારીરિક તપાસ કરાવ્યા પછી જ વર્ગમાં દાખલ કરતા. વડોદરામાં એક સ્વ. વકીલ સાહેબ લાંબા વખત સુધી ૦ાા–૦ાા કલાક શીર્ષાસન કરતા. એ જળોદરથી મૃત્યુ પામ્યા. શીર્ષાસન પછી શવાસન કરવાનું ખાસ જરૂરનું છે. છતાં શીર્ષાસન જેટલું જ લાભકારી બીજું એક આસન 'સર્વાંગાસન' છે: અને શીર્ષાસન જે કેટલાક અમુક રોગોવાળાને પથ્ય નથી તેવાને પણ ફાયદાકર્તા છે એમ આસનોના જાણકાર કહે છે. 'કુમાર'માં અનુક્રમણિકાવાળા પૃષ્ઠ ઉપર ડાબે ખૂણે નીચે 'છપાય છે' એ જાહેરાત વાંચી. એ પુસ્તક 'કુમાર કાર્યાલય' છાપવાનું હોય તો આ લેખકે જે મરાઠી પુસ્તક વિષે 'કુમાર'ના આગલા અંકમાં 'વૃદ્ધાંચે આરોગ્ય'નું સૂચન કર્યું છે તેમાંનાં–કેટલાંક આસનો અથવા કસરતો–સૅન્ફર્ડ બેનેટમાં પણ છે તે સૂને સૂતે–બેઠેબેઠે–ઊભેઊભે કરવાનાં છે તે ક્રમવાર તેમાં દાખલ થાય તો ઠીકઠીક ઉપયોગી થશે.

(નડીઆદ) —ભાનુશંકર હ. યાજ્ઞિક

એપ્રિલ અને મે અંકોમાંનાં શ્રી મનહર મોદીનાં બે કાવ્યો 'આપને જોયાં' 'વિદાયટાણે'ને મથાળે 'ગઝલ' શબ્દો છે. પરંતુ ગઝલના

બંધારણની દૃષ્ટિએ જોતાં એ કાવ્યોને ગઝલ કહી શકાય નહિ.

ગઝલમાં આરંભથી અંત સુધી કોઈ પણ છંદ, એક જ રદીફ, અને સરખા માપ તથા સ્વરવાળા કાફિયા જળવાઈ રહે એનો ખયાલ રાખવાનો હોય છે. ગઝલના એક શેર (કડી)માં દર્શાવેલા વિચારને, બીજા શેર સાથે કશો જ સંબંધ હોતો નથી. ગઝલનો પ્રત્યેક શેર પાણીદાર મોતી જેવો અને સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઇએ. એવા ત્રણ, પાંચ, સાત કે એથી વધુ શેરોના એક ઝુંડને 'ગઝલ' કહેવામાં આવે છે.-જ્યારે શ્રી મનહર મોદીની ચારચાર પંક્તિઓવાળી એ બન્ને કૃતિઓમાં, સળંગ એક, એક વિચારનું નિરૂપણ થયું છે. એક પણ શેર સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતો નથી. માટે એ કૃતિઓને 'ગઝલ' નહિ કહી શકાય.-પણ એ કૃતિઓમાં ફારસી શૈલીના કત્અ (મુક્તક)નું બંધારણ જળવાએલું હોઈ, એને કત્અ કહેવામાં વાંધો નથી.

ફારસી શૈલીના કત્અમાં ચાર પંક્તિઓ હોવી જરૂરી ગણાય છે. એ ચાર પંક્તિઓમાં સળંગ એક વિચાર દર્શાવવામાં આવે છે. એની છેલ્લી પંક્તિમાં સૉનેટના અંતભાગ જેવી ચોટ લાવવાની હોય છે. કેટલીક વાર કત્અની પહેલી, બીજી અને ચોથી પંક્તિઓમાં કાફિયા-રદીફનું બંધન જાળવવામાં આવે છે. જ્યારે કેટલીક વાર કેવળ બીજી અને ચોથી પંક્તિઓમાં જ કાફિયા-રદીફનું બંધન જાળવવામાં આવે છે. આ બન્ને રીતો બંધારણ મુજબની અને પ્રચલિત છે. કત્અ માટે રૂબાઈની જેમ કોઈ છંદ મુકરર નથી. એ કોઈ પણ છંદમાં રચી શકાય છે અને એમાં કોઈ પણ વિષયને લગતા વિચારોને સમાવી શકાય છે.

(બારડોલી) —દીપક બારડોલીકર

[*કત્અને ગઝલ ગણવાનો સાધારણ ખયાલ આપણે ત્યાં પ્રચલિત થયો હોવાનું કારણ આ બતાવી શકાય: મુક્તકને પણ જેમ આપણે 'કવિતા' કહીએ છીએ, તેમ ગઝલના પિંગળમાં જ રચાએલી, જાણે ગઝલમાંથી જ પાણીદાર કડીઓ ચૂંટી કાઢી હોય એવા-ગઝલના જ અંગરૂપ લાગતા કત્અને ગઝલ, જાડી સમજણ પ્રમાણે, કહી શકાય; બાકી આમ તો ઉપર્યુક્ત શાસ્ત્રસૂક્ષ્મ આગ્રહને અમે આવકારીએ જ છીએ.]

જૂન 'કુમાર'માં પૃ. ૨૧૮ પર 'ભારતીઓમાં પ્રથમ' એ શીર્ષક નીચેના લખાણમાં ભારતીય પ્રથમ 'ગવર્નર જનરલ' તરીકે શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારીનું નામ ઉમેરાય તો સારું.

(કાણોદર) —અમૃતલાલ શુક્લ

એપ્રિલ અંકના ૧૬૩મા પાના પર શિવાજીની મૃત્યુતારીખ ૫ એપ્રિલ ૧૬૮૦ જણાવી છે. તે ૫મી નહિ પણ ૪થી જોઇએ. વડોદરામાં સંગ્રહસ્થાન પાસે શિવાજીનું પૂતળું છે તેના પર નીચે મુજબ લખાણ છે: જન્મ તા. ૧૦-૪-૧૬૨૭, વૈશાખ સુદ ૫, ૧૫૪૯; રાજ્યારોહણ-તા. ૬-૬-૧૬૭૪, જેઠ સુદ ૧૩ ૧૫૯૬; મૃત્યુ તા. ૪-૪-૧૬૮૦, ચૈત્ર સુદ ૧૫ ૧૬૦૨.

(મુંબાઇ) —માર્ક એમ. ક્રિશ્ચિયન

જુલાઈના 'કુમાર'ના અત્યંત કલાત્મક પૂઠા માટે હાર્દિક અભિનંદન. આખી આકૃતિની asymmetrical symmetry, તથા groundની પીળી રેખાઓ ખૂબ ગમ્યાં. ફોટોગ્રાફ વગરનાં છેલ્લાં ૫-૭ વર્ષનાં પૂઠાંમાં આ કદાચ સર્વોત્તમ હશે.

(મુંબાઇ) —અશ્વિન મહેતા

એક પ્રશ્ન છે—વાંચવાની ઝડપ વધારવાનો. આજે લગભગ દરેક મનુષ્યને ધંધાદારી તેમજ સામાન્ય જ્ઞાન માટે અનેકવિધ પુસ્તકો વગેરેનું વાચન કરવું પડે છે. સરકારી અધિકારીઓને પત્રવ્યવહારમાં જ ઘણોખરો સમય જાય છે. તંત્રીઓનાં તો દિવસરાત તેમાં જ જાય છે તેમ કહીએ તો ચાલે. એટલે વાંચવાની ઝડપ એ એક અગત્યનો સવાલ થઇ પડચો છે. આલાપતાં આલાપતાં વાંચવાનું તો પરવડે જ નહિ. મારી માહિતી પ્રમાણે લંડન શહેરમાં તો વાંચવાની ઝડપ વધારવા અંગે એક ક્લબ પણ ચાલે છે. આ વિષય પર જેને જાણકારી હોય તે પ્રકાશ પાડશે તો આભારી થઈશ.

(સૂરત) —પ્રિયવદન રતિલાલ શાહ

માર્ચ અંક, 'પચ્ચીસ વર્ષ પહેલાં': હાર્ડિંજ ને હર્બર્ટ પર્વતની ઊંચાઈ માપી તે માહિતીમાં ભૂલ જણાય છે. શરૂમાં જણાવ્યું છે કે હાર્ડિંજ પહાડથી આશરે પાંચસોક ફૂટ દૂર બે ફૂટ જેટલો ખાડો ખોદી બાર ફૂટ લાંબી લાકડી જમીનમાં દાટે છે. પણ પછી ગણતરી કરતી વખતે એમ છે કે ખૂંટીથી પહાડની તળેટીનું અંતર પાંચસો ફૂટ હતું. પરંતુ ખરી રીતે તો એ અંતર પાંચસો પંદર ફૂટ હોવું જોઈએ.


તમે 'કુમાર'માં આધ્યાત્મિક વિષય ઉપર પ્રકાશ પાડતા લેખ ન આપી શકો?

(મુંબાઇ) —કુ. ધનલક્ષ્મી પરમાનંદ

માર્ચના 'કુમાર'માં છેલ્લા પાનાની ગણિતગમ્મતમાં એક ભૂલ છે. ૪૫ ધારતાં બે શેષ તો શૂન્ય આવે છે, પણ ૧ શેષને ૪૫ વડે ગુણતાં ૪૫ આવે છે; ને તેને ૯૦ વડે કેવી રીતે ભાગવા?

(કલોલ) —પ્રવીણ એસ. શુક્લ


[*ભૂલ નથી. ૪૫ને ૯૦ વડે ભાગતાં ભાગ ચાલે જ નહિ; એટલે ૪૫ પોતે જ શેષ વધે છે,—જે તમારો ધારેલો આંકડો.]




ભારતીય નૌકાદળના પ્રથમ 'ધ્વજ-જહાજ' તરીકે આ 'દિલ્હી' ક્રૂઝર આવી તે પહેલાં તેનું નામ 'ઍકિલિસ' હતું. હિટલરના મગરૂર યુદ્ધ જહાજ 'ગ્રાફ-સ્પી'નો રિવર પ્લેઇટના સંગ્રામમાં નાશ કરનાર ત્રણ ક્રૂઝરો પૈકીની એક એ 'ઍકિલિસ'. ત્યારે તેના કૅપ્ટન ડબ્લ્યુ. ઈ. પેરી હતા. ૧૯૪૭માં હિંદના ભાગલા થતાં ભારતને ભાગે આવેલું નૌકાદળ તેની જવાબદારીના પ્રમાણમાં નાનું થઈ ગયું; અને પાકિસ્તાને કેળવેલી દુશ્મનાવટ સામે, ઉઘાડા પડી ગએલા હિંદી કિનારાનું રક્ષણ કરવાની અગત્ય પણ ઊભી થઈ. આથી ૧૯૪૮માં બ્રિટન પાસેથી ભારતે એ 'ઍકિલિસ' તથા તેના કૅપ્ટન પેરીની સેવાઓ પણ મેળવી, અને તેને 'દિલ્હી' નામ આપી પેરીને ભારતના પહેલા નૌકાસેનાપતિ બનાવ્યા. ◖ દિલ્હી ૭૦૩૦ ટનની 'લિન્ડર' વર્ગની ક્રૂઝર છે. તેની મુખ્ય તોપો છ ઈંચના વ્યાસની છે અને બીજી સંખ્યાબંધ વિમાન વિરોધી તોપો તે પર છે. જરૂર પડ્યે તેને ટૉર્પિડો વડે પણ સજ્જ કરી શકાય છે. તે વધુમાં વધુ ૩૨ નૉટ (દરિયાઈ માઇલ) એટલેકે આપણા ૩૬ માઈલની ઝડપ કરી શકે છે, અને તેના પર અફસરો તથા ખલાસીઓ મળી ૮૦૦થી વધુ માણસો કામ કરે છે. માત્ર તેના પાછલા તૂતક (ક્વાર્ટર ડેક) પર જ ખુલ્લી જગ્યા છે. બાકીનું એ જંગી જહાજ યંત્રો, તોપો અને શસ્ત્રોથી ભરેલું છે. એના બ્રિજ, મિનારા, ખૂવા ને તેની તોપોની ગોઠવણી એને ભવ્ય ને પ્રભાવશાળી બનાવે છે.


નીચે: આપણું હાલનું ધ્વજ-જહાજ ક્રૂઝર 'મ્હૈસુર'] **ક્રૂઝર** [ઉપર: આપણું અગાઉનું ધ્વજ-જહાજ ક્રૂઝર 'દિલ્હી'

ક્રૂઝર એ લાંબી મજલ માટેનું તેજ ગતિવાળુ આરમારી જહાજ છે. વચ્ચે બળતણ લેવા અટક્યા વિના બહુ લાંબે સુધીનો દરિયો ખેડી શકે એ તેની વિશિષ્ટતા. આરમારી બેડામાં સૌથી વધુ શક્તિશાળી જહાજ આ જ હોય છે. શાંતિકાળમાં એ મોટે ભાગે દેશના દરિયાઇ વ્યાપારી માર્ગોની ચોકી કરવામાં વપરાય છે. દરિયામાં દૂર સુધી જઈ તે શત્રુની હીલચાલ પર ધ્યાન રાખે છે અને જરૂર પડ્યે તેનો સામનો કરી તેને હાંકી કાઢવાની શક્તિ પણ ધરાવે છે. આને માટેની જરૂરી બધી જ શસ્ત્રસામગ્રી તેના પર હોય છે. તેજ ગતિને કારણે ઘણી વાર યુદ્ધકાળમાં તેની ફરજો 'સ્કાઉટ' જેવી બની જાય છે અને લડાઇના સંચાલનના મથક તથા દરિયા પર લડતા કાફલાની વચ્ચેનો જરૂરી વહેવાર સાચવવા માટે પણ તેનો ઉપયોગ કરાય છે. દુશ્મન પર હુમલો કરવામાં તેને કાફલાના અગ્ર ભાગે રખાય છે. લાંબે સુધી ગોલંદાજી કરી શકે તેવી તોપો વડે તે દૂરથી દુશ્મન-કંઠાર પર તોપમારો કરી ત્યાં પોતાનું લશ્કર ઉતારવા જેટલી સાફસૂફી કરવાના કામમાં પણ લેવાય છે. આજે આપણી મોટામાં મોટી ક્રૂઝર 'મ્હૈસુર' જે હવે 'દિલ્હી'ની પછી આપણું 'ધ્વજ જહાજ' બન્યું છે તેનું ચિત્ર આ નીચે આપ્યું છે.





તાના-રીરી · ચિત્રકાર કનુ દેસાઈ — કુમાર અંક ૪૧૬ · કલાકારના સૌજન્યથી



ભરતનાટ્યમથી યે પ્રાચીન વિરલ ભવ્ય કથકલી નૃત્યકલાનો મૃતપ્રાય દશામાંથી પુનરુદ્ધાર કરનાર અને કેરળાના મહાકવિ

વળ્ળત્તોળ નારાયણ મેન્વન

લેખક
સુનીલ કોઠારી

કેરળાના નાના એક ગામમાં ગોરજટાણે ચારે દિશાઓને ભરી દેતો ચંડ વાદ્યનો પ્રચંડ નાદ પડઘા પાડવા લાગ્યો. લૂંગી વીંટાળેલા અને ખભે જનોઈપટે બાંધીને શરીરના નાભિભાગ પાસે રાખેલ ચંડ વાદ્ય પર બે દાંડીઓ વડે જોરશોરથી નાદ કરતાંકરતાં એક મલયાળી યુવકે પ્રણાલી અનુસાર જાહેર કર્યું કે રાતે ગામના મંદિરના વિશાળ ચોગાનમાં કથકલી નૃત્યપ્રયોગ થવાનો છે! બાળકો હર્ષભેર નાચવા કૂદવા લાગ્યાં. અને ચારપાંચ ફીટ ઊંચા પિત્તળના દીપકની મોટીમોટી શિખાઓને અજવાળે આભના તારામઢ્યા ચંદરવા હેઠળ ગામલોક કુતૂહલ અને ઉત્સાહપૂર્વક કથકલી જોવા ભેગું મળ્યું. ખાસ કોઈ રંગભૂમિ નહોતી. એ જ ચોગાનની ધૂળિયા ભૂમિ પર થોડે દૂર કપડાંનો રંગબેરંગી મોટો પડદો ઝાલી બે મલયાળી યુવકો ઊભા રહ્યા, અને ભભકાદાર વસ્ત્રોથી ઓપતા, મોટા મુગટધારી નટોએ એ પડદા પાછળ કથકલી નૃત્યારંભ શરૂ કર્યો. મદ્દાલમ, કાસાનાં બે છમછમિયાં, ગૉંગ (gong) અને આ ચંડ વાદ્યના કોલાહલથી દિશાઓ ગાજવા લાગી. મલયાળી ભાષામાં તારસ્વરે ગાયકો નૃત્ય-નાટકના કથાવસ્તુનો આરંભ કરતા હતા. વાતાવરણના અણુયે અણુમાં ચેતના પ્રગટી ઊઠી...

કથકલી નૃત્યની જન્મભૂમિ કેરળાનાં ગામડાંઓમાં આજેય આ ઢબે કથકલી રજૂ થાય છે. પણ વીસમી સદીના પૂર્વાર્ધની પહેલી પચ્ચીસી-માં આ કલાપ્રકાર લુપ્તપ્રાય: થઈ રહ્યો હતો. એવે મલયાળમ સાહિત્ય-ના આકાશમાં મહાકવિ શ્રી વળ્ળત્તોળ નારાયણ મેનોનની પ્રતિભાનાં સહસ્રરશ્મિનો ઉદય થયો. કેરળાના માનીતા આ યુવાન કવિ ત્યાંની સંસ્કૃતિનો માત્ર ભારતવર્ષને જ નહિ પરતુ જગતને પણ જે સચોટ પરિચય કરાવવાના હતા એની ત્યારે કોઇને કશી કલ્પના ન હતી.

સને ૧૯૧૪ના વર્ષની આ વાત છે. કથકલી નૃત્યના વર્તમાન સમયના વૃદ્ધ ગુરુ શ્રી કુંજુકુરૂપ ત્યારે કુણ્ણગુળમ્ મણ્ણપાટમ્ ગામે, મણ્ણ કુળ્ળત્ત વલ્લીય કુન્યુનીરાજાના દિગ્દર્શન હેઠળ, કથકલી નૃત્યની તાલીમ આપતી એક નાનીશી શાળા ચલાવતા. આશ્રમ-જીવનની પ્રણાલી અનુસાર ત્યાં શિક્ષણ અપાતું. આ અરસામાં કવિ વળ્ળત્તોળ એ નૃત્યશાળાની બાજુમાં રહેતા ને મુકુંદરાજ નામના પોતાના નિકટના મિત્ર જોડે ઘણી વાર ત્યાં જઈ નૃત્યપ્રયોગો નિહાળતા. એ કાળે કથકલી વિષે ભદ્ર સમાજમાં સારો મત નહોતો. શિક્ષિતો એ જોઇને નાકનું ટીચકું ચડાવતા. જે અવમાન ને અવહેલના કથકલી નટોને ભોગવવાં પડતાં તે જોઈ કવિનો આત્મા કકળી ઊઠ્યો. માત્ર રાજકુટુંબો, અમીર ઉમરાવો ને જમીનદારોના મનોરંજનનું સાધન બની રહેલા કથકલીનો લોકો તિરસ્કાર કરતા અને કથકલી નટોને એમના ગુલામ કહી ધિક્કારતા. સામાન્ય મજૂરને ય મજૂરી કરી બે ટંક પેટ ભરી ખાવા મળતું, ત્યારે બાર બાર વર્ષની કઠોર તપસ્યા અને સાધના બાદ એ કથકલીનટો રાત્રિભર તનતોડ નૃત્ય કરતા ત્યારે એમને માત્ર એક કે દોઢ રૂપિયો મળતો! શ્રેષ્ઠ ગણાતા કથકલી નટ પોતે પણ ત્યારે એથી વિશેષ વેતનની આશા રાખવાની 'ધૃષ્ટતા' કરી શકતા નહિ! આવા ઉચ્ચ નૃત્યપ્રકારને આમ નામશેષ થતો જોઈ કવિને બહુ લાગી આવ્યું અને તેને બચાવવાની પ્રતિજ્ઞા લીધી. આજે તો કથકલી નૃત્યને આંતરરાષ્ટ્રીય કીર્તિ પ્રાપ્ત થઈ ચૂકી છે, પરંતુ કવિએ જ્યારે કમર કસીને તેના પુનરુદ્ધારનું કાર્ય પ્રારંભ્યું ત્યારે તો સામાજિક પરિબળોનો વિકટ સામનો કરવો પડેલો.

કથકલી નૃત્યને આ ગ્રહણમાંથી છોડાવવાના દૃઢ નિર્ધાર બાદ કવિએ તેના પુનરુત્થાનના પ્રયત્નો શરૂ કર્યા. 'કલામણ્ડલમ્'ની સ્થાપના કરીને, ત્યાં બની શકે તેટલા યોગ્ય ગુરુઓ અને વિદ્યાર્થીઓને એકત્રિત કરી આ નૃત્યપ્રકાર પરત્વે લોકોને આકર્ષિત કર્યા. અને અવિશ્રાંત પરિશ્રમ કરીને કવિએ આત્મહત્યાને પંથે પળતી આ નૃત્યકલાને બચાવી લીધી.

જનહૃદયમાં એ સંસ્થાને અચલ સ્થાન અપાવવા કવિએ દેશ-વિદેશો ખેડી નાણાં એકઠાં કર્યાં હતાં. ૧૯૨૭માં ઉટાકામંડના એવા પ્રવાસ વેળા અમદાવાદના સર ચિનુભાઈના કુટુંબ સાથે ત્યાં સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઇ તથા શ્રી રવિશંકર રાવળ પણ હતા, જેમણે એ નૃત્યપ્રયોગોનાં કરેલાં રેખાંકનો સાથેનો પરિચય છેક એ કાળમાં 'કુમાર'માં (ગુજરાતમાં સૌપ્રથમ) આવી ગયો છે. એ જ વર્ષમાં કવિ અમદાવાદમાં સર ચીનુભાઈના મહેમાન થઇને આવ્યા અને કથકલી પ્રયોગો રજૂ કર્યા, ત્યારે ભાવદર્શન મુદ્રા આદિમાં અત્યંત સમૃદ્ધ એવા આ નૃત્યપ્રકારનું સૌંદર્ય જોઈ સંસ્કારસંપન્ન ગુજરાતીઓ ચકિત થયા હતા. ખ્યાતનામ શ્રી ઉદયશંકરના ગુરુ સ્વ. શ્રી શંકરન્ નમ્બુદ્રી ભાવ-દર્શનમાં કેવા કુશળ કલાકાર હતા એનું ઉદાહરણ ટાંકતાં શ્રી રવિભાઇ-એ કહેલું: 'શિલ્પમાં અને ચિત્રમાં તો અર્ધનારીશ્વરના ભાવને ઉતારી શકાય છે; પરંતુ નશ્વર એવા આ માનવ-દેહના માધ્યમ દ્વારા એ ભાવનું અભૂતપૂર્વ પ્રકટીકરણ તો જીવનની કોઇ ધન્ય પળે જ જોવા મળે! શંકરન્ નમ્બુદ્રીએ એ ભાવદર્શન દર્શાવેલું! એક આંખ રૌદ્ર, બીજી સૌમ્ય–શાંત; એક હોઠ સ્ત્રીસુલભ માર્દવથી મઢ્યો, ને બીજે જાણે મૂર્તિમંત કઠોરતા! જાણે કે ચહેરાના બે ભાગ જ પડી ગયા હતા! આ દર્શને અમને દંગ કરી મૂકયા!' કથકલીનૃત્ય, વિકાસની કેવી ચરમ સીમાએ પહોંચ્યું હશે એનું આકલન આપણે આ દૃષ્ટાંત પરથી કરી શકીશું. રશિયન 'બૅલે'માં જોવા મળતા ઉત્કૃષ્ટ નાટ્યક્ષમ નૃત્યપ્રયોગોના સમાંતર પ્રસંગો કથકલીમાં મળી આવે છે. નળ દમયંતીના કથાપ્રસંગમાં દમયંતીને નળરાજાનો સંદેશો કહેવા જનાર હંસનું પાત્ર કથકલી નૃત્યમાં ઘણું જાણીતું અને માનીતું પણ છે. વયોવૃદ્ધ શ્રી પણીકર હજી એ પાત્ર એટલી કુશળતાપૂર્વક ભજવે છે કે પક્ષીની ઉડ્ડયન-ગતિ, એની હીલચાલ વગેરેનો આવો સૂક્ષ્મ અને ઝીણવટભર્યો અભ્યાસ આ કલાકારોએ કઇ પેરે કર્યો હશે એનું આપણને આશ્ચર્ય જ થયા કરે.

ભારતવર્ષનો પ્રવાસ પૂરો કરી મલાયાની સફર બાદ ૧૯૩૪માં કવિ બ્રહ્મદેશ પણ ગયા હતા. રંગૂનમાં ત્યારે, કથકલીનૃત્યના એકમાત્ર અધિકારી અંગ્રેજી પુસ્તક 'કથકલી—ધ સેક્રેડ ડાન્સ ડ્રામા ઑવ મલબાર' પુસ્તકના કર્તા શ્રી કે. ભરત આયર નોકરી કરતા હતા. કવિના એ પરમ ભક્ત હતા અને કવિનાં લખાણો વિષે અધિકારી વક્તા–વિવેચક ગણાતા. કવિ બર્માના પ્રવાસે આવવાના છે જાણી બર્માવાસી મલયાળી લોકોના આનંદની સીમા ન રહી. ત્યારે કવિએ મલયાળી ભાષામાં અત્યંત રસિક પ્રવચન કર્યું હતું અને એ પ્રવચનનું તરત

દીપકમાંની બે જ્યોત તે સૂર્ય-ચંદ્રના પ્રતીકરૂપ છે. (ફોટો : ડોનાલ્ડ સી. ડોનાલ્ડસન)



કવિ અને કથકલી : ભારત સરકારના ફિલ્મ્સ ડિવિઝન-તરફથી કથકલી ઉપર તૈયાર થએલા દસ્તાવેજી ચિત્રના શૂટિંગ વખતે, કથકલીની વિશિષ્ટ વેશભૂષામાં સજ્જ કથકલીના કલાકાર શ્રી કલામંડલમ્ કૃષ્ણન્ નાયરને સૂચના આપતા કવિ વળ્ળત્તોળ.


જ ભાષાંતર કરીને અંગ્રેજીમાં એનો સાર કહેતા ભરત આયરે કવિની વાણી જાણે આત્મસાત કરી ન હોય તેવો શ્રોતાઓને પરિચય થયો!

આથી મુગ્ધ થએલાં રંગૂને ૧૯૩૫માં કવિને ખાસ આમંત્રીને કેરળા કલામણ્ડલમ્‌ના કલાકારોનાં કથકલીનૃત્યોનો સતત પાંચ દિવસ લગી મહોત્સવ ઊજવ્યો. જે જાણીતા કથકલી કલાનાયકોએ આ પ્રસંગોમાં ભાગ લીધો હતો એમાં રાષ્ટ્રપતિએ હાલ ચંદ્રક આપી જેમનું બહુમાન કર્યું છે તે વયોવૃદ્ધ શ્રી કુંજુકુરૂપ, નારાયણ નાયર, કોચ્ચુરામ પીલ્લૈ, કલામંડલમ્ કૃષ્ણન્, માધવન, આનંદશિવરામન્, કેળુનાયર ને સ્વ. શ્રી રામનકુટ્ટી હતા (આ સૌ પ્રથમ હરોળના કલા-વિધાયકો છે ને એમનો પરિચય ભવિષ્યમાં 'કુમાર'માં આપવાની ઇચ્છા છે); અને સંગીત સહાયકોમાં જાણીતા કલાકારો શ્રી વેંકટેશકૃષ્ણ ભાગવત, ચંડ-વાદ્ય વગાડનાર માધવ વારીઅર, કલામણ્ડલમ્ નમ્બીસેન વગેરે હતા.

દેશભરમાં ત્યારે ભારતીય નૃત્યના પુનરુત્થાનનો જાણે જુવાળ ચડયો હતો. કવિવર રવીન્દ્રનાથ ટાગોર મણિપુરી નર્તનના સંસ્કરણની પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યા હતા; મદ્રાસમાં શ્રી ઇ. કૃષ્ણ આયર ભરતનાટ્ય નૃત્યના પુનરુદ્ધાર માટે પ્રયત્નો કરી રહ્યા હતા; ને પશ્ચિમ કિનારે કવિ વળ્ળત્તોળ કથકલી માટે અતૂટ પરિશ્રમ કરી રહ્યા હતા.

કલામણ્ડલમ્‌ની સ્થાપના એ કથકલી નૃત્યના પદ્ધતિસર શિક્ષણની દિશામાં મહત્ત્વનું પગલું થયું. એ સંસ્થાના ગુરુપદે કથકલી-નૃત્ય-વિશારદ સદ્‌ગત શ્રી રાકુન્ની મેનનને અને ઉપગુરુ તરીકે કથકલી કલાનાયક શ્રી કુંજુકુરૂપને નીમ્યા. આ જ સંસ્થામાં આંતરરાષ્ટ્રીય કીર્તિ પ્રાપ્ત કરી ચૂકેલાં નૃત્યકારો પૈકી શ્રી રામગોપાલ, શ્રીમતી રાગિણીદેવી, મિસ લાઈફૂટ, શ્રી રત્ના, શ્રીમતી શાંતા રાવ આદિએ કથકલી નૃત્યની તાલીમ લીધી. પૂર્વની કલાના ચાહક એક યુરોપિયન સદ્‌ગૃહસ્થે કરેલી મોટી સખાવતમાંથી એક અલગ વર્ગ ખોલીને શ્રી કુંજુનાયરે કેટલાક ચુનંદા વિદ્યાર્થીઓને કથકલી નૃત્યાભ્યાસ કરાવ્યો. વળી સ્વ. વૈદ્યરત્ન પી. એસ. વારીઅરના 'નાટ્યસંઘમ્'ની લોકપ્રિયતાનો ત્યારે મલબારમાં પાર નહોતો. કથકલીના પુનરુદ્ધારના શુભારંભથી આકર્ષાઇને વૈદ્યરત્નને પણ પોતાના 'નાટ્યસંઘમ'નું કથકલી નૃત્યમંડળીમાં રૂપાંતર કરવાની ઇચ્છા થઈ, અને આમ, કથકલી નૃત્યના પ્રમાણભૂત શિક્ષણની અજોડ શાળા અસ્તિત્વમા આવી.

આ થયો, કવિના કથકલી-પુનરુદ્ધારક તરીકેના કાર્યનો પરિચય. પણ એ અગાઉ એમની પ્રતિભા મલયાળી સાહિત્યને દીપ્તિવંત કરી ચૂકી હતી. લગભગ ૧૯૧૦ના ગાળામાં જ, ૩૦ વર્ષની વયે એમણે વાલ્મીકિ રામાયણ ઉપરથી મલયાળમ્ ભાષામાં રામાયણની ઉત્કૃષ્ટ રચના કરી. સંસ્કૃત મહાકાવ્યોમાં વાલ્મીકિકૃત રામાયણનું અને હિંદીમાં તુલસીકૃત રામાયણનું જે સ્થાન છે તેવું જ મલયાલમ ભાષામાં એમના રામાયણનું છે. આ દરમિયાન એક દુઃખદ ઘટના બની. રામાયણની રચનાના ગાળામાં જ એમને કાનનું સખત દર્દ ઊપડયું, અને ચાર વર્ષની યાતના બાદ કવિ સંપૂર્ણપણે બધિર બની ગયા! છતાં કવિ કહેતા : 'એ આપત્તિએ તો મને મૌનના સંગીતનો આનંદ લેતો કર્યો છે!' શંકરાચાર્ય પછી કેરળાને અદ્વિતિય પ્રસિદ્ધિ જો કોઇએ આપી હોય (અનુસંધાન પૃષ્ઠ ૩૨૬)



મળયાળમ્ ભાષાના મહાકવિ અને ભારતની યશસ્વી નૃત્ય-શાખા કથકલીના પુનરુદ્ધારક વળ્ળત્તોળ નારાયણ મેન્વનના, ૧૩મી માર્ચે 'પટની રાતે, એર્નાકુલમ્ ખાતે ૭૯ વર્ષની વયે થએલા અવસાનથી ભારત સમસ્તના સાહિત્ય-સંસ્કૃતિના સંવિધાન ક્ષેત્રે એક મહાન ખોટ પડી ગઈ. 'કેરળાના ટાગોર' તરીકે પ્રથિતયશ આ કવિનું સ્થાન મળયાળી જગતમાં આપણા ગુજરાતના મહાકવિ પ્રેમાનંદ જેવું છે. મલબાર-પ્રદેશનો એક અદનો ગાડીવાન પણ તેમને ઓળખે, એટલી વ્યાપક અસર તેમના અનેકવિધ પાસાદાર વ્યક્તિત્વની હતી. ૧૯૫૪માં ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'ની સંમાનભરી પદવીથી નવાજ્યા હતા.

ઈ. ૧૮૭૮ની ૧૧મી નવેમ્બરે મલબારના ચેન્નરા ગામમાં એક સંસ્કૃતભક્ત કુટુંબમાં તેમનો જન્મ. પિતાનું નામ કડુંગોટ્ટ મલ્લીશ્શેરી દામોદરન્ એળયદ, અને માતાનું નામ કુટ્ટી પારૂ અમ્મા. પિતા મોટા કલાપ્રેમી અને માતા પણ એવાં જ વિદુષી હતાં. નાની વયથી જ તેઓ મળયાળમ્ તેમજ સંસ્કૃતમાં કાવ્યો રચતા. પંદર વર્ષની વયે તો શ્રેષ્ઠ કૃતિ બદલ એમને 'કાલિકટ ભાષાપોષિણી સભા' તરફથી પારિતોષિક મળેલું. વ્યવસાયે વૈદ્ય, પણ સંસ્કૃત અને મળયાળમ્‌ના અચ્છા વિદ્વાન એમના મામા રામુણ્ણિ મેનન પાસેથી તેઓ મળયાળમ્ અને સંસ્કૃત શીખેલા. તેઓ કદી નિશાળે ગયા નહોતા, તેમ અંગ્રેજી પણ ભણ્યા નહોતા! મામાએ તેમને વૈદકીય અભ્યાસ પણ કરાવ્યો, જે તેમણે 'આરોગ્યચિંતામણિ', 'વૈદ્યજીવિતમ્', 'વૈદ્યભૂષણમ્', 'બાલચિકિત્સા', 'નેત્રામૃતમ્' વગેરે ગ્રંથો રૂપે કવિતામાં જ વ્યક્ત કરવા માંડ્યો! ૧૯૨૦માં તેઓ માધવી અમ્મા સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

૨૪ની વયે તો તેમણે વાલ્મીકિ રામાયણ પરથી મળયાળમ ભાષામાં ઉત્કૃષ્ટ રામાયણની રચના કરી. દરમ્યાન શીતળાના પ્રકોપથી ઊપડેલા કાનના દર્દની ચાર વર્ષની યાતના બાદ તેઓ સંપૂર્ણ બધિર બની ગયા. આ દુ:ખની કરુણતા તેમણે 'બધિરવિલાપમ્' નામના કાવ્યસંગ્રહમાં ગાઈ છે. તેમની પહેલાં સંસ્કૃત છંદોનો જ કવિતામાં બહુધા પ્રયોગ થતો; પણ તેમણે દેશી-પ્રાચડી છંદોમાં બહોળો કાવ્ય-પ્રયોગ કરી છંદ-ક્ષેત્રે ક્રાંતિ આણી.

બાપીકી સંપત બહેનોને આપી દઈ તેમણે કોચીન રાજ્યના ત્રિચુર શહેરમાં પાંચ વર્ષ લગી 'કેરળા કલ્પદ્રુમ પ્રેસ' ચલાવ્યું ઉપરાંત 'કેરળોદય' નામના દૈનિકના તેઓ સહતંત્રી, અને 'આત્મપોષિની' નામના માસિકના તંત્રી પણ હતા. દરમ્યાન તેમણે 'ચિત્રયોગમ્' કાવ્ય પૂરું કર્યું, ને 'સાહિત્યમંજરી' નામનો એમનો પ્રથમ ખંડકાવ્યઃસંગ્રહ પ્રગટ થયો. આ જ ગાળાના તેમના લેખસંગ્રહ 'ગદ્યવિહાર'થી તેમની ગદ્યશક્તિનો પણ અચ્છો પરિચય મળી રહે છે.


ત્રાવણકોરમાં રહીને તેમણે વામન, મત્સ્ય, માર્કંડેય વગેરે પુરાણોને માતૃભાષામાં ઉતારવાનું એવું મહાભારત કાર્ય કર્યું કે કેરળાના લોકો તો, સંસ્કૃત સાહિત્યગંગાને મળયાળમ ભૂમિ પર આણવાને તેમણે કરેલા આ ભગીરથ પ્રયાસ માટે તેમના પર આફરીન થઈ ગયા. શ્રેષ્ઠ સંસ્કૃત નાટકો 'સ્વપ્નવાસવદત્તમ્', 'ઉન્મત્તરાઘવમ્', 'ઊરુભંગમ્', 'મધ્યમવ્યાયોગમ્' તથા 'પંચરાત્રમ્'ના અનુવાદો તેમણે આપ્યા. કાલિદાસના 'અભિજ્ઞાનશાકુન્તલમ્'-નું ભાષાંતર તો તેમની યશકલગીરૂપ રચના છે. 'વિલાસલતિકા' અને 'ઋતુસંહાર'નો તેમણે 'ઋતુવિલાસમ્'ને નામે અનુવાદ કર્યો છે અને 'મગ્દલન મરિયમ' નામની ઈસુખ્રિસ્તની જીવનકથા વર્ણવતી ગાથા તેમનાં ખંડકાવ્યોમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. દેવદાસીની શોચનીય સ્થિતિનું બયાન કરતી એમની 'કાચ્ચુસીતા' (બાલસીતા) કવિતા, તેમજ 'એક પત્ર', 'શિષ્ય ને પુત્ર' તથા 'પિતા-પુત્ર' નામના કાવ્યખંડો પણ લોકપ્રિય છે. ૭૫ની વયે તેમણે ઋગ્વેદને મળયાળમમાં ઉતારવાનું સાહિત્યનું એક વધુ સીમાસ્તંભરૂપ કાર્ય આરંભ્યું.

૧૯૨૮માં તેમણે કથકલીના પુનરુદ્ધારનું કાર્ય હાથ ધર્યું. અને એ નૃત્યના પદ્ધતિસરના શિક્ષણ તથા પ્રચાર માટે 'કેરળા કલામંડળમ્' સ્થપાયું. ૧૯૩૮માં તેમની ષષ્ઠીપૂર્તિના સમારંભ વેળા કોચીનના મહારાજાએ તેમને 'કવિતિલકમ્'ના બિરુદથી તથા 'કવિ સાર્વભોમ'ની પદવીથી, અને ૧૯૪૮માં મદ્રાસ સરકારે 'અસ્થાન કવિ'ના બિરુદથી નવાજ્યા.

તેઓ સામ્યવાદી વિચારના હતા, છતાં ગાંધીજીના પરમ ભક્ત હતા 'એંદે ગુરુનાથન્' કાવ્યમાં તેમણે ગાંધીજીને 'વિશ્વ-વરિષ્ઠ વિભૂતિ' કહ્યા છે. રાષ્ટ્ર જાગૃતિના જુવાળની વેળાએ મલબારમાં 'ઝંડા ઊંચા રહે હમારા' જેટલું જ લોકપ્રિય એમનું ધ્વજગીત 'પોરા પોરા' હતું.

તેમની વક્તૃત્વશક્તિ પ્રભાવશાળી અને સંભાષણ કવિત્વમય તથા ઉક્તિ-લાવણ્ય ભર્યું રહેતું. ઉત્તર ભારત, મલાયા, ઈટલી, ઇંગ્લંડ, ફ્રાન્સ, સોવિયેત સંઘ ને ચીન દેશોના તેમણે પ્રવાસો ખેડેલા. તેમનું કદ સશક્ત ને ઊંચું હતું. તેઓ ખાદીનાં કપડાં અને સાદાં ચંપલ પહેરતા. મોંમાં દાંત મળે નહિ, પણ વૃદ્ધ હોવા છતાં ટટ્ટાર ચાલતા. ચાલુ વર્ષના માર્ચની શરૂઆતમાં જ તેમને લીવરના 'સાઇરૉસિસ'નું દર્દ ઊપડેલું, તે ૧૩મી માર્ચની સાંજે ઓચિંતું વધી ગયું ને રાત્રે દસ વાગ્યે તેમનું નિધન થયું.

કવિને પાંચ પુત્રો અને ત્રણ પુત્રીઓ છે અને તેમનાં પત્નીની ઉમર ૭૨ વર્ષની છે.



કવિના ચીનના પ્રવાસ વેળા લેવાએલી છબિ—ડાબી બાજુથી : કવિના જ્યેષ્ઠ પુત્ર, કવિ પોતે, માદામ સુનયાત સેન, કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, ચીની અધિકારી.

હૃદયરોગ

લેખક: તારક મહેતા



નજર સામે દંપતીનો ખંડ છે એમ ખબર પડે તો આપણામાંના કેટલાક આ નાટિકા જોવાનું જ માંડી વાળે; —અને ઘણાની ઉત્કંઠા વધી જાય.

ખંડમાં વધુમાં વધુ ધ્યાન ખેંચનાર વસ્તુ સુઘડતા છે, અને તેને પણ ચમરી ઢાળતા હોય તેમ બારીના જાળીદાર પર્દા આમતેમ ઊડાઊડ કર્યા કરે છે. સામાન્ય એવા ખાટલા પર સ્વચ્છ ચાદર પાથરેલી છે. ડાબી બાજુના ખૂણામાં ગાદલાંનો ઢગલો છે, એને પણ રંગીન ચાદરથી શણગાર્યો છે. એક બાજુ જૂના કબાટના કાચમાંથી કેટલીક સુશોભનની ચીજો દેખા દે છે. વચ્ચે ખુરશીઓ અને ટ્રીપૉય છે. આગળ ડાબી બાજુએ ટેબલ છે. ટેબલ ઉપર ઠીકઠીક ચોપાનિયાં અને પસ્તી જમા થયાં છે. કેટલાંક કાગળિયાં ભોંય પર વેરાએલાં પડ્યાં છે.

પર્દો ખૂલે છે ત્યારે 'સૂરજ' (સૂર્યકાન્ત) કંઈક લખવામાં મશગુલ છે. વીણા જમીન ઉપરથી કચરો વાળી રહી છે. ટેબલ નજીક આવી તે અટકે છે. ભોંય ઉપરનું કાગળિયું લઇ તે વાંચે છે. મોટેથી હસી તે સૂરજનું ધ્યાન ખેંચે છે, પણ સૂરજ જોતો નથી.

વીણા: એઈ...તમારા પગ અદ્ધર લો જરા.

સૂર્યકાન્ત: (ચિડાઈને) આવી પહોંચી તું! મેં જ્યાં કલમ લીધી કે તેં ઝાડુ લીધું જ છે.

વીણા: એમ જ હોયને ત્યારે. તમે આ આખી સાહિત્યની સૃષ્ટિનો કચરો એકઠો કરો તો પછી મારે એ જ કરવું પડેને!

સૂર્યકાન્ત: જો વીણા, મને આ નથી પસંદ! મેં તને હજાર વેર કહ્યું છે કે તું તારું બોલવાનું સુધાર. ફરીફરીને તું મારી વાર્તાઓને પસ્તી કહે તે મને જરા પણ પસંદ નથી.

વીણા: તંત્રીઓ તમારી વાર્તાઓના આપે છે તે કરતાં પસ્તીવાળા વધુ પૈસા આપે છે.

સૂર્યં૦: (ઉશ્કેરાઇ) હવે મને ખબર પડી કે મારાં ઘણાં કાગળિયાં કેમ નથી મળતાં!

વીણા: તે મારી ઉપર તડૂકવાની કંઈ જરૂર નથી! આખો દિવસ લખલખ કરો ને બે વખત ખાવા માગો તે મારે રસોડું શી રીતે ચલાવવું? મારી પાસે તે કંઇ અક્ષયપાત્ર છે?

સૂર્યકાન્ત: જો વીણા, મેં તને લગ્ન પહેલાં જ બધી વિગતો કહી હતી કે...

વીણા: (ચાળા પાડતાં) મારા પિતા આપણને સંમતિ નહિ આપે...મદદ નહિ કરે... એ જાણશે તો એમને આઘાત થશે...આપણને આર્થિક મુશ્કેલીઓ પડશે...આપણને...

સૂર્યકાન્ત: વાહ! નિખાલસતાનો શો બદલો મળે છે!

વીણા: (વ્યંગમાં) ના રે! નિખાલસતામાં બધું આવી ગયું. મારી બા તો બિચારી ઘણું યે કહેતી કે "છોકરો લેખક છે, ને લેખકો તો એવા કે ખિસ્સામાં મમરા ભર્યા હોય પણ વાતો પકવાનની કરે!...દીકરી, એ તો ધૂની કે'વાય; પ્રેમ કર્યે કંઈ પેટ ન ભરાય..."

સૂર્યકાન્ત: ચાલો, પસ્તાવાનું પ્રકરણ મંડાયું. શી તમારી કદરદાની! મારા બાપુજીની તને સહેજે લાગણી થાય છે? મેં તને સેંકડો વાર કહ્યું છે કે એમને હાર્ટ-ટ્રબલ છે, ને એવા હૃદયરોગના દર્દીને આપણા સ્નેહલગ્નની ખબર પડે તો કેટલો જીવલેણ આઘાત લાગે! તારી સાથે લગ્ન કરીને મેં એમના જીવન સાથે રમત કરી છે. મારે કોઇ બીજું ભાઈબહેન હોત તો વાત જુદી હતી. તારે અને સાહિત્યને ખાતર અભ્યાસ પડતો મૂકી હું અહીં આ રાત ને દિવસ વાર્તાઓ લખું છું, પણ તેની યે તને પડી નથી. લાગણીનો એક છાંટો હોય તો ને!

વીણા: મારી આગળ કોઈ મહાન પ્રેમી પેઠે ભાષણ આપવાની જરૂર નથી કે મને કદર નથી, મારામાં લાગણી નથી...તે વિના તમને આમ પરણ્યાં હોઈશું? પણ મોટા સાહિત્યકારને પરણ્યાં છીએ એમ માત્ર મન જ મનાવ્યા કરવું? એથી કંઈ મારું ને તમારું પેટ ભરાવાનું છે? અને આ લગ્ન ક્યાં સુધી છૂપું રહેશે? બિચારા બાપુજી! એમને અંધારામાં રાખી હજુ તમે એમની પાસેથી પૈસા મંગાવ્યા કરો છો! જે દિવસે એ જાણશે તે દિવસે..... ના, મારાથી આ પાપનો બોજો સહન નથી થતો. સૂરજ, હજુ પણ કહું છું કે આ ઢાંકપિછોડો પડતો મૂકો, અને ચાલો. એ વડીલોના પગમાં નમીશું તો એ પાટુ નહિ મારે. મને ખાતરી છે કે હું એમને મનાવી લઈશ. એમને જરા પણ ઓછું નહિ આવવા દઉં. મારો અંતરાત્મા કહે છે કે એમને કંઈ નહિ થાય. અરધું તો વાર્તાઓ લખીલખીને તમારું મગજ તુક્કાબાજ થઇ ગયું છે.

સૂરજ: તું પરિસ્થિતિ સમજતી નથી ને નાહકની બોલબોલ કર્યા કરે છે. મારા બાપની લાગણી હું સમજું કે તું?

વીણા: (ગુસ્સાથી) બસ ત્યારે! તમે તમારા બાપુજીને અંધારામાં રાખીને પૈસા મંગાવ્યા કરો. એ બિચારા એમ સમજે છે કે દીકરો મારો કુંવારો છે ને ભણે છે...ને આ એમના રતન પ્રેમલગ્ન કરીને બેઠા છે ને બાપને પૈસે સાહિત્યસેવા કરે છે! જે દિવસે એ છેતરપિંડીની એમને જાણ થશે એ દિવસે એમને બમણો આઘાત લાગશે. અને ત્યારે જો એમને કંઈ થશે તો—તમારી તો ખબર નથી, પણ હું તો રૌરવ નરકમાં પડીશ.

સૂર્યકાન્ત: ઓ ભગવાન! આ બૈરી તો—

વીણા: હું તમારી બૈરી નથી, પત્ની છું.

સૂર્યકાન્ત: બૈરાં એ બૈરાં...! (વીણા ઊભી થાય છે. હાથમાંનું ઝાડુ દૂર ફેંકી દે છે અને રણચંડીની જેમ ટેબલ પર ધસી જાય છે અને સૂર્યકાન્તના કાગળો ચારે બાજુ ઉડાડે છે.)

સૂર્યકાન્ત: એઈ! એઈ! આ શું કરે છે?!

વીણા: 'પત્ની' અને 'બૈરાં'માં કેટલો ફેર તે સમજાવું ને તમને?

સૂર્યકાન્ત: નથી સમજવું મારે...(વીણા કાગળના ચીરા કરે છે)...અરે મૂક! આ શું કરે છે વીણા, તું?

વીણા: સાહિત્યસેવા! બિચ્ચારી સરસ્વ-

તીને એક દરિદ્રી લેખકના પંજામાંથી છોડાવું છું.

સૂર્યકાન્ત : મારી કેટલા મહિનાની મહેનત. (પાછળ પડે છે)

વીણા : (નાસે છે) જેની કોડીની ય કિંમ્મત નથી.

સૂર્ય૦: તને. (ઘડીભર નાસભાગ ચાલે છે.) તું આપે છે કે નહિ, કાગળ?

વીણા : નહિ; મારે તમારી બિનશરતી શરણાગતિ જોઈએ.

સૂર્યકાન્ત : ભલે ત્યારે, તું ફાડી નાખ એ, ને કર તારું કાળજું ટાઢું. હું જાણું છું તારે શું જોઈએ છે તે...પૈસાની ભૂખી છો, પૈસાની!

વીણા : હા હા, મારે પૈસા જોઇએ છે. ગળે મોટી લગડી બાંધવી છે ખરીને? મારે શેઠાણી થવું છે; અને તું બાપને પૈસે લેખક થા. (વીણા રડવા લાગે છે.)

સૂર્ય૦: છેલ્લું હથિયાર! (એક પળ શાંતિ...) હું ઘેરથી પૈસા મંગાવું તે તને ન ખપે. પૈસા મેળવવા વાર્તાઓ લખું તે તને ન ગમે.

વીણા : (ઊંચું જોઇ) કેમકે તમારા બંને માર્ગ ખોટા છે. બાપુજીને અંધારામાં રાખી તમે પૈસા મેળવો છો; અને જેમાં મહેનત કરો છો તેમાં કોઈ કાળે પૈસા મળવાના નથી.

સૂર્યકાન્ત : ભગવાનને ખાતર તું એવું નિરાશાજનક ન બોલ.

વીણા : હું તમને નિરાશ કરવા નથી કહેતી સૂરજ... પરંતુ એક પત્ની તરીકે મારી ફરજ છે કે મારે તમને સાચી હકીકત કહેવી; પછી ભલે તે કડવી હોય. જુઓ, તમે જે કંઈ લખો છો તેમાં નથી કોઈ ચિંતન, કે નથી એમાં હોતા દુનિયા સામે મૂકવાના કોઈ આદર્શો. તમે તો માત્ર પોતે જ ઊભા કરેલા સંજોગોમાં ગૂંચવાઈ ગયા છો અને એ ગૂંચવણમાંથી નીકળવાની છટકબારી રૂપે આ લખવાનું શરૂ કર્યું છે. ને પાછા મનને મનાવો છો કે મહા પુરુષો તો દરિદ્રતામાંથી જ ઊંચા આવે છે! પણ સૂરજ, તમે એક વાત ભૂલી જાઓ છો કે મહાન પુરુષોનાં મનમાં કદી દરિદ્રતા નથી પ્રવેશતી.

સૂર્યકાન્તઃ (દુઃખથી) અને હું મનથી દરિદ્રી છું એમ જ ને?

વીણા : ઊંધું ન સમજ, સૂરજ! તું મહાન લેખક બને તો સૌથી વધુ આનંદ તો મને જ થાયને? અને હું ધનની પણ ભૂખી નથી સૂરજ; પરંતુ માત્ર નિયમિત પૈસા મળ્યા કરે તે માટે કે પછી હિંમતને અભાવે તું બાપુજીથી લગ્ન છુપાવ્યા કરે તે તારું પતન મારાથી નથી ખમાતું. હું તારી લાગણી સમજું છું, પરંતુ કોઈ એક પળે તો મન મજબૂત કરીને હકીકતનો સામનો કરવો જોઇએ. આપણે સાચા હોઇશું તો ઈશ્વર આપણે પક્ષે જ રહેશે એવી શ્રદ્ધા ધરવી જોઇએ.

સૂર્યકાન્ત : આ બધું તું કહી શકે છે કારણ કે તું મારા બાપુજીનો સ્વભાવ જાણતી નથી. મેં તને હજારવાર કહ્યું કે એ આપણા સ્નેહલગ્નની વિરુદ્ધ છે; એનો આઘાત એ ન જીરવી શકે તો હું તેમના મૃત્યુનું કારણ બનું.

વીણા : પણ આ જુઠાણું તું કેટલા દિવસ ચલાવીશ? ઊલટું, જાણશે ત્યારે તો બમણો આઘાત લાગશે કે તેં એમનાથી વાત છુપાવી.

સૂર્યકાન્ત : પણ બીજો રસ્તો જ નથી. તું શું એમ માને છે કે મેં એમને આ વિષે વાત જ કરી ન હતી? પણ આ બધા રૂઢિચુસ્ત માણસો આંતરજ્ઞાતીય લગ્નની વાત કાને પડે તો ય સ્નાન કરે એવા!

વીણા : હું તો એટલું સમજું કે આમાં કંઇ ઠીક નથી થતું..આ તો તારું પતન...

સૂર્યકાન્ત : મહેરબાની કરીને તું કંઈ બીજી વાત કાઢશે?

વીણા : હા, હા, કેમ નહિ વળી? ખાસ વાત કરવાની તો હજી બાકી જ રહી છે.

સૂર્યકાન્ત : શી?

વીણા : આ મહિનાના હિસાબ માટે...

સૂર્યકાન્ત : હવે તું જાય છે કે નહિ અહીંથી?

વીણા : મારે તો જવું છે, પણ તમે રજા ક્યાં આપો છો? (બારણે ટકોરા પડે છે.) હાશ. મને લેવા માટે ભગવાને વિમાન મોકલ્યું...

સૂર્યકાન્ત : ખટારો હશે, ખટારો!

બહારથી કોઈ વૃદ્ધનો અવાજ : સૂર્યકાન્તભાઈ છે કે?

સૂર્યકાન્ત : (ધીમેથી–સચિંત) કોણ હશે?

વીણા : ઉઘરાણી!

વૃદ્ધનો અવાજ : અરે, ઘરમાં કોઈ છે કે?

સૂર્યકાન્ત : કોણ છે?

વૃદ્ધનો અવાજ : મહેમાન.

સૂર્યકાન્ત: માર ડાલા! ગામથી કોઇ આવ્યું લાગે છે. વીણા, હું કહીશ કે તું પણ મહેમાન છે.

વીણા : પણ...

સૂર્યકાન્ત : સંભાળી લેવું પડશે...(ફરી બારણે ટકોરા થાય છે. સૂર્યકાન્ત બારણું ખોલે છે. વીણા રસોડામાં ચાલી જાય છે. એક વૃદ્ધ હાથમાં પોટલું લઈ દાખલ થાય છે. માથે ફાળિયું, જૂની ઢબનાં ચશ્માં, ચોળાએલો કોટ અને જાડું ધોતિયું પહેર્યા છે. સૂર્યકાન્ત જરા બાઘો બની જોઇ રહે છે. વૃદ્ધ ઝીણી આંખે ઓરડીનું અવલોકન કરે છે.)

સૂર્યકાન્ત : ઓહો! નરભેરામ કાકા!

નરભેરામ : ખરા ભઈ, તમે શ્હેરવાળા! આવકાર આલવાનો તો કોરે રયો. પંદર ઘાંટા પાડીએ તાં હુધી તો બારણું ય ઉઘાડતાં નથી.

સૂર્યકાન્ત : મારી જરા આંખ મળી ગઇ હતી.

નરભેરામ : એ આંખે ય ખરી, ભઈ–વખત કવખતે મળી જાય, હેં! (ખડખડાટ હસે છે અને પોતાના હાથમાંનું પોટલું સૂર્યકાન્તના હાથમાં આપે છે.)

સૂર્યકાન્ત : એમ તો નહિ કાકા... પણ તમે જરા અણધાર્યા.. ખરુંને?

નરભેરામ : કેમ, રતિલાલે તને સમાચાર નથી આલ્યા?

સૂર્યકાન્ત : શાના?

નરભેરામ : હં, તેમાં ત્યારે. પછી તો ક્યાંથી તને ખબર પડે? હું તારે તાં ઊતરવાનો છું એ ખબર રતિલાલે તને કહી જ નથી! આળહુ... તમે બધા જ આળહુ! કાગળના હરખા જવાબે ય ન આલો. મારે નીકળવાને છેક છેલ્લે દા'ડે રતિલાલનો કાગળ આયો કે અમારા માળામાં બાંધકામ ચાલે છે એટલે તમે સૂરજભાઇને ત્યાં ઊતરજો. તેથી તો અઈ...

સૂર્યકાન્તઃ (ઉપરઉપરથી) તે તો સારું જ કર્યું કાકા...પણ તમારે મને તો બે લીટી—

નરભેરામ : ભઈ, મને એમ કે એ જ તને કે'શે. અને વળી તારા બાપા કે' કે તમતમારે ચિઠ્ઠીચપાટી કર્યા વિના જાવ ને,...એ વાંઢા મે ઘેર કશી અગવડ નહિ...(રસોડામાં અવાજ થાય છે તે તરફ ધ્યાન દોરાતાં) પણે માહીં કોણ છે?

સૂર્યકાન્ત : કોઈ નહિ, મહેમાન છે.

નરભેરામ : મને જાણે ભરમ થયો કે કોક બાઈ માણહ છે, તેથી—

સૂર્યકાન્ત : (કચવાતાં) હા. એમ જ છે... મહેમાન છે; થોડા દિવસથી જ છે. એમના ભાઈ મારા ભાઈબંધ થાય તે આવ્યાં છે. (રસોડા તરફ જોઇ) અરે! વીણાબેન, જરા એક લોટામાં પાણી લાવજોને!

નરભેરામ : તે અંદર શું કરે છે?

સૂર્યકાન્ત : એ તો, હમણાં અમે કામચલાઉ રસોડું ચલાવીએ છીએ.

નરભેરામ : લો ત્યારે; મારે તો એય ઠેકાણું એની મેતે પડી ગયું. હેં...પણ આ છે કુંવારાં?!

સૂર્યકાન્ત: હા કાકા;–ના;–એટલે,...આમ જુઓ તો...એમનો વિવાહ થઈ ગયો છે.

નરભેરામ : કયે ગામ? (વીણા માથે આધું ઓઢી પાણીનો લોટોપ્યાલો લઈ પ્રવેશે છે.)

સૂર્યકાન્ત : (હસીને વીણા તરફ જોઇ) આ અમારા ગામના, કાકા...!

નરભેરામ : ગામના કાકા, અલ્યા?

સૂર્યકાન્ત : એટલે મારા કાકા છે...મારા ગામના છે.

નરભેરામ : એમ કે'ને, ત્યારે!

વીણા : નમસ્તે, કાકા!

નરભેરામ : જીવતી રે' બૉન!

સૂર્યકાન્ત : (વાતાવરણ હળવું કરવાના મિથ્યા પ્રયત્નથી) આ કાકા પૂછે છે કે તમારો વિવાહ કયે ગામ થયો છે?

વીણા : (તરત) અહીં જ! (સૂર્યકાન્ત ઠંડો! નરભેરામ એની સામે જુએ છે.) આ ગામમાં.

નરભેરામ : તમારા ભઈ હમણાં કાંક બ-હાર ગયા છે, ખરું?

વીણા : ભઈ?!

સૂર્યકાન્ત : (ઉતાવળે વાત સંભાળી લેતો) હેં હેં! હા; બાબુભાઈ હમણાં જ બહાર ગયા. એ તો આવશે. કાકા, તમે જરા નિરાંત કરો હવે.

નરભેરામ: નિરાંત જ છે ને ભઇ! આ ડગલો ઉતાર્યો કે નિરાંત—

સૂર્યકાન્ત : ગરમ પાણી તૈયાર છે, તમારે નહાવું હોય તો. એટલામાં ચા પણ થઈ જશે.

નરભેરામ : એમ જ કરીએ. તું મને જરા જગા બતાવી દે એટલે હું પરવારી લઉં.

સૂર્યકાન્ત : ગરમ પાણી તો છે ને, વીણા?

વીણા : (ટુંકારાના આ બફાટથી ચેતી જઈ, જતાં) બધું બરાબર છે. તમે એમને મોકલો.

નરભેરામ : તે અલ્યા, તું આવડી મોટી બઇને ટુંકારો દઈ કેમ બોલાવે છે?

સૂર્યકાન્ત : એ તો કાકા... નાનપણમાં અમે સાથે રમેલાં ને?

નરભેરામ : અરે વળી તું કયે દા'ડે એની હારે રમેલો? તમારી તો બધી વાત જ ઓર છે. ઐવી રીતે ના બોલાવીએ, હમજ્યો!

સૂર્યકાન્ત : હા કાકા. (નરભેરામ પોટલું છોડે છે. સૂર્યકાન્ત અંદર આંટો મારી આવે છે.)

સૂર્યકાન્ત : ત્યારે તમે પરવારો, કાકા!

નરભેરામ : હા ભઈ, પહેલું એ. અને જો, તમારે ત્યાં ભગવાનની છબી છે કે નહિ? મારે જરા નાહીને પૂજા કરવા જોઇશે. હું તૈયાર થયો અને દેવની છબી પાટ ઉપર જ ભૂલી ગયો.

સૂર્યકાન્ત : છબી તો નથી, પણ ક્યાંકથી...

નરભેરામ : અરે ગમે તેવી.

સૂર્યકાન્ત : કૅલેન્ડર છે-

નરભેરામ : ચાલશે. (નરભેરામ અંદર જાય છે. સૂર્યકાન્ત, જે અત્યાર સુધી સ્વસ્થ રહેવા મથતો હતો તે એકલો પડતાં જ ગભરાઈ જાય છે. ક્યાંકથી એક કૅલેન્ડર કાઢી તે સાફ કરે છે. થૂંકથી ડાઘા કાઢે છે. કૅલેન્ડર લઈ બાવરો બની આંટા મારે છે. એટલામાં વીણા પ્રવેશે છે.)

વીણા : તમે આ શું માંડયું છે?

સૂર્યકાન્ત : શું કરું ત્યારે?

વીણા : મહેરબાની કરીને સાચું કહી દોને! મારાથી આ નાટક નહિ થાય.

સૂર્યકાન્ત : તું મને ગભરાવી નાખે છે. ઊભી રહે, મને જરા વિચાર કરવા દે. એટલું બધું અણધાર્યું થઈ ગયું, કે મેં એમને તારે માટે શું કહ્યું હતું તે જ હું ભૂલી ગયો! હા; મેં જાણે એમ કહ્યું કે તું મારી મહેમાન છે. તારી જોડે મારા ભાઈ છે જે તારા ભાઈબંધ છે... અરે, તારા ભાઈબંધ મારા ભાઈ છે... અરે,—

વીણા : મારા ભાઈ તમારા ભાઈબંધ છે. પણ હવે કરવાનું શું છે?

સૂર્યકાન્ત: એક ઉપાય છે. હું જઇને નલિનને જલદી બોલાવી લાવું.

વીણા : નલિનનું શું કામ છે?

સૂર્યકાન્ત : એ તારો ભાઈ બનીને આવે, અને કહે કે આપણે અત્યારની ગાડીમાં જવાનું છે. તારે એની સાથે જવાનું.

વીણા : ના, હું એમ તમારા ભાઈબંધોની સાથે રખડવા નહિ જાઉં.

સૂર્યકાન્ત: જો વીણા... અત્યારે સમય નથી. અહીંથી તું એક વાર જાય પછી તો તારે જ્યાં જવું હોય ત્યાં, તારી બહેનપણીને ઘેર કે કોઈ સંબંધીને ઘેર,—ગમે ત્યાં... પણ પ્લીઝ, અત્યારે મને ગભરાવ નહિ. જો આ કાકા આગળ એકવાર ભંડો ફૂટયો, અને બાપુજીને ખબર પડી, તો એમને આઘાત લાગશે.

વીણા : પણ મને આ નાટક નહિ આવડે.

સૂર્યકાન્ત : તારે કંઈ કરવાનું નથી. જો તું અત્યારે પેટી ગોઠવવા માંડ. એ પૂછે તો કહેવાનું કે ઘેરથી તાર આવ્યો છે. મારે માટે પૂછે તો કહેવાનું કે મારા ભાઇને,—એટલેકે તારા ભાઇને ખોળવા ગયા છે.

વીણા : મારાથી આવું જૂઠું...

સૂર્યકાન્ય : વીણા, વીણા! અત્યારે તું આટલું સંભાળી લે, પ્લીઝ...

વીણા : વારુ; તો તમે ઝટ જાઓ. અને એમને પણ બરોબર પઢાવીને લાવજો, નહિ તો વળી પાછા એ કંઈ બાફશે.

સૂર્યકાન્ત : એની ફિકર ન કરીશ. તું તારે જલદી તૈયાર થા. અને હું આવું કે તરત તું નીકળી જ જજે.

વીણા : ભલે. (સૂર્યકાન્ત જાય છે. વીણા ખાટલા નીચેથી પેટી કાઢી કપડાં વગેરે આડાંઅવળાં ગોઠવતી થાય છે, ત્યાં નરભેરામ પ્રવેશ કરે છે. એ નાહ્યા હોય તેમ લાગતું નથી.)

વીણા : કેમ કાકા, નાહ્યા?

નરભેરામ : હા, દીકરી. અરે! પણ તેં આ ક્યાંની તૈયારી કરવા માંડી.

વીણા : કંઈ નહિ કાકા... આ તો ઘેરથી જરા તાર આવ્યો છે. મારે ને મારા ભાઇને હમણાંની જ ગાડીમાં નીકળી જવું પડશે.

નરભેરામ : ઘેર તો બધાં સારાં છેને?

વીણા : હા, કાકા. આ તો સગામાં એક લગન ઠર્યું એટલે...

નરભેરામ : સારું સારું; ચાલો, મંગળ કેવા'ય. એમ... ત્યારે તમે ક્યારે કરવાનાં?

વીણા : આ ભણવાનું છેલ્લું વરસ છે હવે. પછી તો છે જ ને?

નરભેરામ : તમારે શહેરમાં ભણવાનું બહુ લાંબું. અરધી જિંદગી તો ભણવામાં જ જાય. તે કરતાં પરણીને પછી નિરાંતે ભણતાં હો તો?

વીણા : પછી તો નિરાંત કેવી, કાકા?

નરભેરામ : હાસ્તો, કેમે કરતાં અહીં નિરાંત તો નહિ જ. હવારથી હાંજ સુધી બધા દોડયા જ કરતાં હોય. મગજને જરાય જંપ નહિ. હશે, ચાલો. મને એમ, કે આપણે બે દા'ડા ભેગા રઈશું તો ગમશે. પણ પ્રારબ્ધ છે એ તો.

વીણા : હા, કાકા. અમને પણ આનંદ... (વીણા વાત કરતી જાય છે અને ચીજો ગોઠવતી જાય છે. નરભેરામ પલંગમાં બેસીને બધો તાલ જુએ છે.)

નરભેરામ : (ધીમેથી) તે આ લગન તમારી પોતાની પસંદગીનું કે?

વીણા : (ધૂનમાં) હા, કાકા.

નરભેરામ : બરોબર.

વીણા : (એકાએક સવાલ યાદ કરીને ચમકે છે.) હેં લગ્ન! લગ્ન નહિ કાકા!

નરભેરામ : હમજી ગયો, હમજી ગયો. તમે લોકો એમ હમજો છો કે આ ઘયડામાં કોઈ જાતની અક્કલ જ નથી. જેમ નાટક દેખાડીશું તેમ માની જશે. એમ?

વીણ : પણ કાકા—

નરભેરામ : પણ તમને ક્યાં ખબર છે કે આ કાચી આંખો તો તમે ધારો તે કરતાં વધારે જુએ છે, હમજ્યા?

વીણા : તો... કાકા... તમને...

નરભેરામ : હા દીકરી, કાકાનો ઉપલો માળ છેક ખાલી નથી.

વીણા : પણ તમને ક્યાંથી ખબર પડી?

નરભેરામ : તે તમે એમ હમજો છો કે હું અંદર ન્હાતો'તો? હું બધું ય હાંભળતો'તો. જોતો'તો અમારા સૂરજનું પરાક્રમ... છોકરાને ઉછેરીને મોટો કરો, ભણાવો અને પછી એ કુંવર આમ નાટક કરે!

વીણા : ના કાકા, તમે ખોટું સમજ્યા છો. સૂરજનો... આઈ મીન એમનો ઇરાદો તમને છેતરવાનો ન હતો. પણ એમને એમના બાપુજીની ચિંતા... એમના હૃદયરોગને લીધે...

નરભેરામ : બહુ સારી કાળજી લીધી બાપા-

નાહૃદયરોગની. બાપાને હૃદયરોગ થયો છે; ને તમને શું થયું છે, ભઈ? આ યે હૃદયનો જ રોગ છે ને? ઉમરઉમરના રોગ છે બધા. પોતે તો પોતાના રોગની દવા કરી, પણ પેલો બાપ બિચારો ત્યાં પીડાયા કરે તેનું શું? પણ તમારે શું? તમારે કયાં ઘૈડિયાની જરૂર છે? તમારે તો આ ઘર માંડયું એટલે જાણે જગ જીત્યાં!

વીણા: પણ એમાં એમનો વાંક છે જ નહિ; એ તો મારા આગ્રહને વશ થઈ...

નરભેરામ: એમ તું તારે માથે ઓઢી લે એમાં તો તારી ખાનદાની; પણ એથી કંઈ એનો ગુનો માફ ન થાય. એણે પણ ફરજ હમજવી જોઈએ કે, નંઈ. એ તો છે જ એવો. એ ગામ આયો તે દા'ડાથી રઢ લઇને બેઠો'તો, કે બસ મારે'તો પરનાતમાં પયણવું છે. પણ અલ્યા ભઈ, અમે એમ કેમ હા પાડીએ? સૂરજના બાપ તને ઓળખે નંઈ; કે કંઈ તારા કુટુંબના કોઇની કંઈ ઓળખપારખ. પછી અમારી તે અક્કલ ગામ ગઈ હોય કે હા પાડી દઇએ? આ તો 'રાજાને ગમી તે રાણી' એવી વાત; ને પોતાને તો હજુરિયા જ લેખવાના? ધાર્યું તો એમનું જ કર્યું. ને અમને મેલ્યા પડતા! એક સે'જ થોડા દા'ડા થોભી જઈને પછે મારા જેવા કોઈની સલાહ-શીખામણ લીધી હોત તો?

વીણા: પણ કાકા, એમને બાપુજીના હૃદયરોગની ચિંતા હતી. હજી પણ એકે દિવસ એવો નહિ જતો હોય કે બાપુજીની ચિંતા... નહિ કરતા હોય.

નરભેરામ: બસ? ચિંતા કરી એટલે પતી ગયું? આ બધું છાનું રાખ્યું તે હોશિયારી કરી? જાણે દુનિયાની તો આંખો જ ફૂટી ગઈ છે. આવી વાત કયાંલગી છાની રે'વાની હતી? કો'કનું કો'ક તો જાણે જ. અને પછી ગામમાં જે દા'ડે જાહેર થાય તે દા'ડે નાક કોનું કપાય? એનું કે એના બાપનું? શું પાકયો દીકરો! જો દીકરાએ બાપાના હૃદયરોગની દવા કરી!

વીણા: એવું ન કહો કાકા... અમારો વાંક એટલો કે એમના રોગની વાતથી ગભરાઈ ગયાં. હવે તમે જ કંઈ ઉપાય બતાવો.

નરભેરામ: (વીણાને સાંભળતા જ ન હોય તેમ બબડે છે) બિચારા બાપને ચારે બાજુથી નીચે જોવાનું. ગામનો મોચી ય એમને પૂછે કે ભઇએ લગન કર્યાં ને કોઇને કીધું હરખું ય નંઈ. તમારે કયાં એ જોવા-હાંભળવા આવવું છે, કે માબાપની શી દશા છે તેની પરવા કરવી છે! હૃદયરોગ તે ઘટાડયો કે વધાર્યો? મા ત્યાં ભૂખે મરે, ને બાપ...

વીણા: અરે રામ! મેં આ શું કર્યું? (વીણા પોતાનું મોં ખોબામાં ઢાંકી દે છે. નરભેરામ તેને માથે હાથ ફેરવે છે.)

નરભેરામ: લે ચાલ હવે, છાની રહી જા. હમણાં સૂરજ આવશે. જે થવા કાળ છે તે થયા જ કરે છે. પણ શાણાં માણસ એક ભૂલ ઉપર બીજી ભૂલ ન કરે, હમજી? (વીણા રડયા જ કરે છે.) જો ત્યારે, તમારા કરતાં તો મને હારું નાટક કરતાં આવડે છે ને? આટલા માટે તો મને ખાસ મોકલ્યો'તો.

વીણા: (ચમકીને) આટલા માટે?

નરભેરામ: હા, આટલા જ માટે. સૂરજે ત્યાં આવીને જક કરેલી તે દા'ડાથી બધાયને ખણખૂટ તો હતી જ. વળી પાછું સૂરજનાં બાને એમ, કે કાં'ક છોકરો પાછો લાગણીનો માર્યો કંઈ અવળુ કરી બેસે, તે કરતાં તો ભલે એની જિદ્દ પૂરી કરે. પણ અમારે હરકીસનદાહને હૌથી મોટી ચિંતા કુટુંબની આબરૂની. ઘરમાં રોજ છોકરાની વાતમાં ટપાટપી ચાલે. હૌનો જીવ તાળવે.

વીણા: પછી?

નરભેરામ: આમાં કેમ કરીને ખબર પડે કે આ છોકરો કંઈ લાયક ખોળી લાયો છે કે પછી એવું જ. અમારાં ભાભી—એટલે કે સૂરજનાં બા તો કે' કે મને તો છોકરામાં વશવાહ છે. એ જે કરશે તે પાકે પાયે વિચારીને કરશે... આમ બધી વાતો ચાલતી'તી, ત્યાં જ ખબર આઈ કે ભઈ પયણી ગયા છે! કોઇને કંઈ પૂછયું નંઈ, કર્યું નંઈ, ને વાતનો છેડો આણી દીધો. ને ભાભી પડી ગયાં માંદાં...

વીણા: અને બાપુજી?

નરભેરામ: કાપ્યા હોય તો લોહી ન નીકળે. મને ફડકો હતો કે કાંક એમનો રોગ ઊથલો ન ખાય... મને કે' કે નરભેરામ, દીકરો તો દા'ઊઠેલ નીકળ્યો. પણ પારકી છોડી જોડે એ આમ રખડી ખાય અને બેઆબરૂ થાય એ તો ઠીક નહિ. અંદરખાને જીવ બાળ્યા કર્યો. બે દા'ડા તો ઘરના ચૂલા ય ઠરેલા રયા. પછી બેય જણ મને બોલાઇને કે' કે દીકરાને તો માબાપ જીવે છે કે મરે છે તેની તથ્યા છે નહિ; પણ વહુ કેવી છે એ તો જોઈ આવો. એ પારકી છોડીનો શો ગનો?

વીણા: (શ્વાસ હેઠો મૂકીને) હે ભગવાન!

નરભેરામ: એટલે મારે તો અહીં આવીને જોવાનું હતું કે છોડી ખાનદાન છે કે નહિ. અને હવે તને તો જોડે જ લઈને વળતી ગાડીએ મારે પાછા જવાનું છે.

વીણા: અત્યારે જ?

નરભેરામ: હા દીકરી... એટલે તો મેં તને પેટી ગોઠવવા દીધી. (હસે છે.)

વીણા: પણ કાકા, એમના વિના...

નરભેરામ: (કૃત્રિમ ગુસ્સાથી) એ બાધકનું નામ જ મારી આગળ ના લેતી. એનામાં કયાં કશી બાણી છે? એકે કામ એણે પાંશરું કર્યું છે? આ જોને દેદાર! (ઓરડી બતાવીને) આ ઘરે ય તને પૂરું માંડી આલ્યું છે? ઉપરથી પાછો મને બનાવવા નીકળ્યો છે...

વીણા: એ વાત તો સાચી, કાકા; મારે રોજ એ બાબતમાં એમને બોલવું પડે છે. પણ એમના પેટમાં પાપ નહિ, હોં કાકા.

નરભેરામ: મારે તારું ભાશણ નથી હાંભળવું. એ હજુ પયણવાને લાયક થયો જ નથી.

વીણા: (શરમાતી) એમ તો કેમ કહેવાય?

નરભેરામ: એમ પયણી ગ્યા એટલે જાણે વાઘ માર્યો? પયણવું એટલે શું એ કંઈ હમજે છો? કે બસ ઓલ્યા શિનેમામાં આવે છે એવું? એને માટે કંઈ ઘરબાર જોઇએ, ધંધાનોકરીનું ઠામઠેકાણું પડવું જોઈએ; ને હગાંવહાલાંની જરૂર પડે કે નંઇ? આ તો માબાપને મેલ્યાં નેવે! ઘેર માબાપને ટટળાવ્યાં ને અહીં આ દેદાર! જ્યાં હુધી એની આંખ ન ઊઘડે ત્યાં હુધી તારે તો આપણે ગામ જ રે'વાનું.

વીણા: પણ કાકા, એ કેવું લાગે?

નરભેરામ: આ અત્તારે રે' છો એ કરતાં હારું લાગે. એને તો આજે શું ભાન છે? પણ તું આમ જ અડવી ફરે તો હાંભળવાનું એના બાપને કે કોઈ બીજાને? તમે હજુ નાનાં છો; વહેવારમાં ના રહો તો તમારે ચાલે, પણ એ લોકોને ના ચાલે. અને હવે તું અહીં રે' ને આવા હાલે રે' એમાં એમની આબરૂ શી?

વીણા: તમારી વાત તો સાચી છે કાકા; પણ મારાથી એમને આમ છોડીને તો ન જ અવાય ને? એમના વગર ગામમાં હું આવું પણ શી રીતે?

નરભેરામ: તું ય જો આમ આવવાની ના પાડે, ને કાલ ઊઠીને, ન કરે નારાયણ, ને હરકીશનદાહને કંઈ થયું તો? તો ય તમારી ફરજ તમને તો નંઈ હમજાય!

વીણા: એવું નથી કાકા.

નરભેરામ: તો પછી? આમાં તમારી મરજીનામરજી જોવાની જ નંઈ. ને તારે તો હવે હાહુ-હહરાનું મન કેમ ઠરે એ પે'લું જોવાનું. તું એમનું મન રાખીને એને આટલી શિક્ષા થવા દે. જે દા'ડે એમ ખબર પડશે કે સૂરજ વેદિયો મટીને પાંશરો થયો છે, બરોબર ઠરીઠામ થયો છે, કે વેપાર-ધંધામાં ધ્યાન આપતો થયો છે, તે દા'ડે એમની મેળે બોલાવશે. માબાપનો જીવ કંઈ રે'વાનો છે?

વીણા: તમે કહો છો એ બધું ખરું લાગે છે, કાકા; પણ... (અનુ. પૃ. ૩૨૮મે)



ભારતીય નૌકાદળ
ઈતિહાસ અને વિકાસ

સ્વયં-સંચાલિત અણુશસ્ત્રોના આ કાળમાં નૌકાદળ દેશના રક્ષણાર્થે કેટલું ઉપયોગી થઇ શકે એ પ્રશ્ન આજે ચર્ચાઈ રહ્યો છે. પરંતુ હિંદના છેલ્લા અંગ્રેજ નૌ સેનાપતિ વાઈસ્‌ ઍડમિરલ સર સ્ટિફન કાર્લિલના શબ્દોમાં કહીએ તો, 'ટૉર્પિડો શોધાયા ત્યારે પણ નૌકાદળની અગત્ય નહિ રહ્યાનો આવો એક સૂર ઊઠેલો જ; પરંતુ લાંબા અંતરની તોપો અને વિમાનોએ નૌકાદળોમાં ઉમેરાઇને તેની અગત્ય વધારી દીધી. ટૂંકામાં કહીએ તો, જ્યાં સુધી માણસ દરિયાનો ઉપયોગ કરે છે ત્યાં સુધી તો નૌકાદળો ટકશે જ—બલ્કે અનિવાર્ય રહેશે.'

અને ભારતને તો, ત્રણ બાજુએ મોટા મહાસાગરો ઘૂઘવતા હોઇ તેની ૩૦૦૦ માઇલની કંઠાળ-સીમાનું રક્ષણ કરવાની તથા તેના વ્યાપારી વહાણવટાની સલામતી સાચવવાની પહેલી અગત્ય છે. આ દૃષ્ટિએ, આજે બાલ્યાવસ્થામાંથી મજબૂત પગલે આગળ ડગ માંડતા આપણા નૌકાદળને તેના ગૌરવશાળી ભૂતકાળની શાન ફરી અપાવવા આપણે, ખાસ કરીને યુવકો ઉદ્યુક્ત થઇએ એ જરૂરી છે. પોતાના દેહની ધોરી નસ જેવી મહાનદીઓ ને ચોપાસ જગતનો એક જગી મહાસાગર ધરાવતા ભારતને માટે નૌશાસ્ત્ર એ જીવાદોરી સમાન ગણાવું જોઇએ.

સાહિત્ય, કળા, શિલાલેખો, ઉત્ખનનો અને પ્રાચીન સિક્કાઓ વગેરે અનેક સામગ્રી પરથી ભારતના પ્રાચીન વહાણવટા તથા નૌકાદળ વિષેના ઉલ્લેખો મળી આવે છે. આમાં, સૌથી પ્રાચીન ઉલ્લેખ ઋગવેદ (૧:૧૧૬-૩)માં તુંગ્ર રાજાએ પોતાના પુત્ર ભુજ્યૂને (ભારતની) નજીકના કોઇ ટાપુ પર સમુદ્રમાર્ગે ચડાઈ કરવાની આજ્ઞા આપ્યાનો છે. કોઈ કારણસર આ કાફલો નાશ પામતાં અશ્વિનીકુમારોએ તેને પોતાની સો હલેસાંવાળી નૌકામાં બચાવી લીધાની વાત પણ તેમાં છે.

સાગર-માર્ગે પરદેશીઓ ભારત પર ચડી આવ્યાનો સૌ પહેલો ઉલ્લેખ કદાચ ઈ.સ. પૂર્વે ૮૦૦ વર્ષ પહેલાંનો છે. એ હુમલો હતો આસિરિયા-બૅબિલોનિયાની મહારાણી સેમીરામિસનો. પરતુ સપ્તસિંધુની કદાવર પ્રજાએ તેનો જોરદાર સામનો કરી સિંધુનાં જળમાં તેની ચાર હજાર નૌકાઓનો આમૂલ નાશ કર્યો. એરિયને ઉલ્લેખ્યા પ્રમાણે, કહેવાય છે કે, સેમિરામિસના એ વિશાળ નૌકાસૈન્યમાંથી માત્ર ૨૦ જ જણ બચી શકેલા, અને રાણીએ પોતે પણ જિંદગી મહામુસીબતે બચાવી હતી. તેણે લડેલી અસંખ્ય લડાઈઓમાં માત્ર ભારતમાં જ તેને આવી શિકસ્ત મળી હતી. આ પરથી અનુમાન કરી શકાય કે એ કાળે સપ્તસિંધુનું નૌકાદળ કેટલું વિકાસ પામ્યું હશે.

આ પછીનો બીજો ઉલ્લેખ છે સિકંદરના વખત(ઈ.સ. પૂર્વે ૩૨૬)નો. રાવીથી આગળ વધવાનો તેના સૈન્યે ઈન્કાર કરવાથી જ્યારે તેને પાછા ફરવાની ફરજ પડી ત્યારે માર્ગમાં તેણે જેટલાં મળ્યાં તેટલાં દેશી વહાણો પકડી તેનો સિંધુ નદી પાર કરવામાં ઉપયોગ કર્યો. આમાં પંજાબના ઝાથોરી (xathori) જાતિના હોશિયાર વહાણ બાંધનારા કારીગરોને પકડ્યાનો પણ ઉલ્લેખ છે, જેમણે તેને ૩૦-૩૦ હલેસાંવાળી યુદ્ધનૌકાઓ બાંધી આપેલી. ગ્રીક નૌકાદળમાં જે ૮૦૦ વહાણો હતાં તેમાં ૩૦ યુદ્ધનૌકાઓ હતી. ભારતમાં યુદ્ધનૌકાઓની બાંધણીનો આ કદાચ સૌથી જૂનો ઉલ્લેખ ગણાય.

આ પછી નૌકાદળનું મહત્ત્વ સમજી તેનો વિકાસ કરનાર સૌ પ્રથમ ભારતીય સમ્રાટ કદાચ ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ. પૂર્વે ૩૨૧-૨૯૩) કહી શકાય. કૌટિલ્યના અર્થશાસ્ત્ર પરથી જાણી શકાય છે કે તેના યુદ્ધખાતાના છ વિભાગોમાં નૌકાદળને માટે પણ ખાસ અલગ વ્યવસ્થા હતી.

તે પછીના લગભગ ૮૦૦ વર્ષ સુધીના ગાળાની આ વિષયની કોઈ ખાસ નોંધ મળતી નથી. છતાં ભારતના રોમ, મિસર, બૅબિલોન વગેરે સાથેના તત્કાલીન વ્યાપારી સંબંધો, તથા ઈંડોનેશિયા વગેરે સ્થળોએ સ્થપાએલી ભારતીય વસાહતો વગેરે પરથી સમજી શકાય છે કે એ સમયના વ્યાપારી વહાણવટાને નૌકાદળનો પણ સારો એવો સથવારો હોવો જોઇએ, નહિતર ચાંચિયાઓનો સામનો તથા દૂર દેશાવરોમાં વસાહતોની સ્થાપના ક્યાંથી થઇ શકે?

પછીના ભારતીય રાજાઓ પણ નૌકાદળનું મહત્ત્વ સારી પેઠે સમજતા હતા. ચૌલુક્ય વંશના મહાન રાજા પુલકેશીએ પોતાના નાના ભાઇ વિષ્ણુવર્ધનને નૌકાદળ લઇ પૂર્વ ભારતીય પ્રદેશો જીતવા મોકલેલો. તેણે કલિંગ, આંધ્ર વગેરે પ્રદેશો જીતી ગોદાવરીના પ્રદેશમાં હાલ વેગી તરીકે ઓળખાતા 'વેન્ગી' નામના સ્થળે પોતાની હકૂમત સ્થાપેલી (ઈ.સ. ૬૧૫). સાડા ત્રણ સદી બાદ ચોળ વંશના અમલમાં ફરી ભારતીય નૌકાદળની પ્રવૃત્તિઓનો વેગ જોવા મળે છે. કોરોમંડળ કાંઠાના આ રાજાઓ પોતાના રાજ્યકાળની સર્વોચ્ચ ટોચે હતા ત્યારે (ઈ.સ. ૯૮૫ થી ૧૦૫૪) પોતાનું કાયમી નૌકાદળ નિભાવતા. મહાન ચોળ નૃપતિ રાજરાજ પહેલા (૯૮૫-૧૦૧૪) ને રાજેન્દ્ર પહેલા (૧૦૧૪-'૪૪)એ પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા પોતાનું નૌકાદળ પણ વિસ્તારેલું. રાજરાજ પહેલાએ મલબાર કાંઠે કંડલૂર મુકામે ચેરા નૌકાદળને હરાવેલું. ઉપરાંત તત્કાલીન લખાણો પરથી જણાય છે કે તેણે પલ્કની સામુદ્રધૂનિ ઓળંગી લંકાના રાજાને હરાવીને તેની રાજધાની અનુરાધાપુરને સળગાવી મૂકી રામાયણનું સ્મરણ કરાવેલું. રાજરાજના પુત્ર રાજેન્દ્ર પહેલાએ તો ચોળ અમલની અસ્મિતાને ચરમ સીમાએ પહોંચાડેલી. તેણે લંકાદ્વીપ સર કર્યો, આંદામાન ટાપુઓ પણ જીત્યા અને બ્રહ્મદેશ, કેડાહ, પાલેમબંગ તથા સુમાત્રાને પણ પોતાના નેજા હેઠળ લીધેલા. આ બધા વિજયો પરથી સમજી શકાશે કે એ કાળે ભારતમાં નૌકાદળ કેટલું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી ચૂકયું હશે.

નૌકાયુદ્ધનો આ પછીનો ઉલ્લેખ ૧૨૭૦માં મહમદ ગઝની સામે જાટ જાતિએ કરેલા યુદ્ધનો છે. સોમનાથ લૂંટી પાછા ફરતી વખતે પંજાબના જાટ લોકોએ તેના લશ્કરને સારી પેઠે તગડ્યું. આથી તેણે મુલતાન જઈ ૧૪૦૦ નૌકાઓ તૈયાર કરાવી. એ દરેક નૌકાની આગળ બંને પડખે એક એક અણીદાર ભાલું ભરાવરાવ્યું. એ દરેકમાં વીસવીસ તીરંદાજોને બેસાડી તેમને દુશ્મન કાફલામાં સળગતાં તીર વડે આગ લગાડવાની સામગ્રીઓ આપી રાખી; અને પછી ૪૦૦૦ નૌકાઓના જાટ કાફલા સામે તેણે હુમલો કર્યો. જાટ નૌકાઓ જ્યારે જ્યારે તુર્ક નૌકાઓની સમીપ આવી પડતી ત્યારે પેલા ભાલાંઓને લીધે કાં તો તે ભરાઈ પડતી કે ડૂબી જતી. આમ, ઘણી જાટ નૌકાઓ નાશ પામી અને જે કઇ બચવા પામ્યા તેમને તલવારે પૂરા કર્યા

દરિયાઈ તાસીર

ભારતનો વિશાળ દરિયાકાંઠો એ ભારતની પ્રજાને કુદરતની ભેટ છે. એવા આ સમુદ્રથી જે ડરશે તેમના પર વરુણ દેવનો શાપ ઊતરે જને? જે સમુદ્રનાં મોજાંનું આમંત્રણ સ્વીકારશે, તેમની જ ઉન્નતિ થાય. સમુદ્રયાત્રાનો નિષેધ ફરમાવીને આપણા પૂર્વજોએ આપણી ભાગ્યલક્ષ્મીને જ જાણે કે દેશવટે રાખી.

ભારત સરકાર મોટાં મોટાં જહાજ ખરીદી શકે છે. આપણી વિશાખાપટ્ટનની ગોદી(ડૉક યાર્ડ)માં ઘણાં જંગી જહાજ આજે તૈયાર પણ પડયાં હશે. પણ આપણે તો મોટા બતેલા, ફતેમારીઓ, સ્ટીમલૉંચો તેમજ નાનાંમોટાં વહાણો તથા હોડીઓ—બધી જાતની નૌકા-સામગ્રી જોઇએ. નાનામાં નાની કિસ્તીને પણ આજે તો નાનકડું મશીન લગાડીને પાણીમાં વેગથી વહેતી કરી શકાય છે. આપણે રસ્તા તરીકે—વહનમાર્ગ તરીકે સમુદ્રનો જેટલો ઉપયોગ પહેલાં કરતા હતા એટલો આજે નથી કરતા, એ જ મોટી દુઃખની વાત છે.

આપણા દેશમાં અંગ્રેજોએ રેલવેની જાળ પાથરીને નવો જમાનો શરૂ કર્યો. એથી આપણા જીવનમાં આધુનિકતા પણ આવી. પરંતુ આપણે પછી એ એક જ પૂંછડું પકડી રાખ્યું. કૉટન નામના એક અંગ્રેજે આખા ભારત પર રેલવે જેવી નહેરોની જાળ પાથરવાની યોજના અંગ્રેજોના જમાનામાં તૈયાર કરેલી તે ઓછી વ્યવહારુ નહોતી. એથી નજીવા ખર્ચે રેલવેનો હેતુ સરી શકત, ને ખેતીને પણ નહેરોનો લાભ થાત. પણ અંગ્રેજોએ રેલવેને પસંદગી આપી ને અહીંથી કરોડો રૂપિયા ખેંચી ગયા.

આપણા દરિયાને કાંઠેકાંઠે સર્વત્ર રેલવે થઈ ચૂકી છે. જ્યાં નથી થઈ ત્યાં ગણતરીના જ દિવસોમાં તે આવી જવાની. આની સામે ફરિયાદ નથી. પરંતુ સમુદ્ર માર્ગે માલ લાવવો-લઈ જવો બહુ સસ્તો પડે છે. પાણી અને હવાનો લાભ ઉઠાવીને નૌકાઓ ચલાવવી એ એક સરસ ધંધો છે. એ માટે જંગલમાંથી નથી લાકડાં ફાડી લાવવાં પડતાં કે નથી જમીનના પેટાળમાંથી કોલસો ખોદી લાવવો પડતો. વહાણને સઢ ચડાવી દીધા અને અંદર માલ લાદ્યો કે ઊપડયા! હજારો વર્ષો સુધી મનુષ્ય આ ઉપાય અજમાવતો આવ્યો છે. આજ પણ એ છોડી દેવો ન જોઇએ.

વહાણ પર સવાર થઈ દેશદેશાંતર ઘૂમવાનો સ્વભાવ એ રાષ્ટ્રનો કીમતી વારસો છે. દરિયાઈ સ્વભાવ એ રાષ્ટ્રની એક આંતરિક સંપત્તિ છે. તેને ગુમાવવી એ રાષ્ટ્રના હિતમાં નથી. સ્વરાજ્ય-સરકારે તેને પ્રોત્સાન આપવું જોઈએ. જૂની કે નવી રીતે વહાણો ચલાવનારા લોકોને સરકાર તરફથી પ્રોત્સાહન મળવું જોઈએ; દરિયાઇ બહાદુરી દાખવનારા લોકોને ઇલકાબો આપવા જોઇએ. સમુદ્રયાત્રાના નિષેધનો પ્રચાર આપણા વડવાઓએ કર્યો, એટલો જ પ્રચાર હવે ઊલટી દિશામાં સમુદ્રયાત્રના પ્રોત્સાહન માટે થવો જોઇએ.

અંગ્રેજ લોકોએ પ્રત્યેક દેશની આજુબાજુનો દરિયો કેટલો ઊંડો છે તેનાં માપ લીધાં છે. અંગ્રેજોએ બનાવેલા એ દરિયાની ઊંડાઈના તથા દરિયાના પ્રવાહોના નકશા સર્વ સ્થળે માન્ય થએલા છે. વહાણમાં બેઠાંબેઠાં લાંબા દોરડાને એક છેડે બાંધેલો ઓળંભો પાણીમાં ઉતારી દે છે અને પછી માપે છે કે કયાંકયાં પાણી કેટલું ઊંડું છે. આ કામ આપણે હવે ફરીથી કરવું જોઈએ. નૌવિદ્યાના હજારો અને લાખો ગ્રૅડયુએટ તૈયાર કરવા જોઈએ. પણ આ તો થઈ માત્ર પ્રાથમિક તૈયારી. તે પછી, આપણે હજારો જહાજો બનાવીને દેશદેશાંતર ખેડવાની ટેવ પાડવી જોઇએ. નફો થાય કે ન થાય, ગમે એટલું જોખમ હોય, કેવળ મૉજને માટે કે શૉખને ખાતર, એક વ્યસનની માફક દરિયાઈમુસાફરી કરવાનો સ્વભાવ લોકસમસ્તમાં ઉત્પન્ન કરવો જોઇએ. રાજસ્થાનના, ઉત્તર પ્રદેશના કે હિમાલયના લોકો આ દરિયાઈ વ્યવસાયનું મહત્ત્વ કદાચ ન પણ સમજે પરંતુ એમને પણ પ્રોત્સાહન આપીને દરિયાઈ માનસ સમજાવવું જોઇએ. જો મુંબાઇના ઉત્સાહી તરુણો હિમાલયનાં ભિન્નભિન્ન શિખરો ઉપર વિજય મેળવવાનો મનસૂબો કરી શકે, તો હિમાલયના તરુણો જહાજો પલાણીને દૂરદૂરના દેશો સુધી કેમ ન જાય?

પહેલાંના જમાનામાં લોકો મન ફાવે એ દેશથી ચાહે એ દેશ સુધી દરિયાઈ સફર ખેડી શકતા. કયાં યે કોઇને કશો પ્રતિબંધ ન હતો. પણ હવે એવું નથી રહ્યું. આજે તો જવા–આવવા માટે ડગલેડગલે પ્રતિબંધ છે. પરંતુ આપણે જે જગતમાં રહીએ છી મ તેમા બીજાઓ જેટલા જ અધિકાર આપણને પણ હોવા જોઈએ. વિદેશનો માલ જો વિદેશી જહાજોમાં ભરાઇને અહીં આવતો હોય, તો આપણો માલ પણ આપણાં જ વહાણોમાં ભરાઇને ત્યાં કેમ ન જાય? વિદેશીઓને જે જે સગવડો આપણે આપીએ છીએ, એ બધી આપણને પણ હોવી જ જોઈએ. એ કાંઈ કઠણ કામ નથી. આપણી સરકાર જાગૃત છે પરંતુ જનતા પૂરી જાગૃત નથી; કેમકે આપણે સામુદ્ર-માનસ—દરિયાઇ સ્વભાવ ગુમાવી બેઠા છીએ. ખેતી કરવી, બાગબાની કરવી, ધંધોરોજગાર ચલાવવો, એ જેવો કરોડો લોકોનો સ્વભાવ છે, તેવો જ વહાણ ચલાવવાં, દરિયાઇ સફર કરવી એ આપણા લોકોનો—દસવીસ લોકોનો નહિ, દસ-વીસ લાખનો 'સ્વભાવ' હોવો જોઇએ.

અને આપણા સાહિત્યમાં પણ દરિયાઇ આનંદ, દરિયાઇ કાવ્ય અને દરિયાઇ બહાદુરીનું વર્ણન આવવું જોઇએ, જેથી આવતી પેઢીને પણ એ જ માનસની દીક્ષા મળે. જે મહાસાગરને 'ઇંડયન ઓશન' કહે છે, ભારતીય મહાસાગર કહે છે, તેનો પરિચય આજ જો કોઇને ન હોય તો તે એક ભારતીયોને જ! આનાથી બીજું મોટું આશ્ચર્ય અને દુઃખ કયું હોઈ શકે?

— કાકા કાલેલકર

તે પછીનાં નૌકાયુદ્ધોના ઉલ્લેખોમાં બલબને (ઈ. ૧૨૬૬–'૮૬) પોતાના બંગાળના સુબા તઘરીલખાન સામે ચડાઈ કર્યાની વાત મુખ્ય છે. એ તઘરીલખાને પોતાનું સુબાપદ ફગાવી સ્વતંત્ર હકૂમત જાહેર કરવાની ગુસ્તાખી કરીને આ યુદ્ધ નોતર્યું હતું. ઈ. ૧૩૫૩ ને ૧૩૬૦માં ફિરોઝ તઘલખે લખનૌતી(બંગાળ)માં બે કાફલા દોર્યાનો ઉલ્લેખ મળી આવે છે, જેમાં તેણે શત્રુઓની હરોળને તોડી પાડવા માટે ખાસ તૈયાર કરેલી વિશિષ્ટ યુદ્ધનૌકાઓ વાપર્યાની વિગત પણ છે. આ ઉપરાંત, ઈ. ૧૩૭૨માં તેણે સિંધમાં થટ્ટા પર હુમલો કરેલો, જેમાં તે ૫૦૦૦ નૌકાઓમાં ૯૦,૦૦૦ ઘોડેસવારો અને ૪૮૦ હાથીઓ સાથે લઇ ગએલો. તૈમુરે પણ ગંગાના જળ પર કેટલાંક યુદ્ધો કરેલાં. ઈ. ૧૫૨૮માં બાબરે કનોજમાં નૌકાયુદ્ધ કરેલું જેમાં તેણે શત્રુઓની ૩૦–૪૦ યુદ્ધ-નૌકાઓ હાથ કરેલી. આ ઉપરાંત, પટણા નજીક ગંગા ને ઘોગરા નદીના સંગમ પર બંગાળના નવાબ નસરતશાહને તેણે ૧૫૨૯ની ૬ઠ્ઠી મેએ હરાવેલો. આ નસરતશાહ પાસે એ વખતે ૧૦૦ ૧૫૦યુદ્ધનૌકાઓ હતી.

પ્રાચીન ઇતિહાસમાંથી મળી આવતા નૌકાયુદ્ધોના આ બધા જોકે છૂટક છૂટક પ્રસંગો છે; પણ ઈ. ૧૪૯૮ થી તો ભારતના નૌકાદળોનો સળંગ ઇતિહાસ આપણને મળી શકે છે. હિંદુસ્તાનનો જળમાર્ગ શોધવામાં સફળ થએલા વાસ્કો દ ગામાએ જ્યારે ભારતીય વહાણવટાને દાબી દેવા દરિયા પર દાદાગીરી કરવા માંડી અને સમગ્ર એશિયાની સાગરખેડ ઉપર કાબૂ જમાવી મહાસાગરો પર પોર્ટુગીઝ સરકારની






ચીફ ઑવ ધ નેવલ સ્ટાફ્
વાઈસ ઍડમિરલની મુદ્રા



નૌકાદળની
સામાન્ય મુદ્રા



મુખ્ય ધ્વજ-જહાજ 'મ્હૈસુર'ની મુદ્રા

આપણી બીજી ક્રૂઝર 'દિલ્હી'ની મુદ્રા


સદર હકૂમત સ્થાપિત કરવાનો પેંતરો ભર્યો ત્યારે મલબાર કાંઠાના રાજવીઓએ તેની સામે આંખ ઊંચકી. આમાં સોળમી સદીની એક સિદ્ધિ રૂપ પ્રયત્ન તે ફિરંગી સત્તા સામેનો ભારત અને મિસરનો સંયુક્ત પ્રતિકાર છે. એ બંને દેશોના નૌકાદળે સહકાર સાધી ઈ.સ. ૧૫૦૮માં ચૌલ બંદર નજીક ફિરંગી કાફલાને જબરી શિકસ્ત આપી. ઈ.સ. ૧૫૨૧માં ગુજરાતના નૌકાધિપતિએ ફરી એ જ સ્થળે ફિરંગીઓ પર બીજો વિજય મેળવ્યો. પરંતુ ઈ.સ. ૧૫૨૮માં ગુજરાતના ૮૦ માંથી ૭૩ જહાજોનો નાશ કરી પોર્ટુગીઝોએ જીત મેળવી. ભારત–મિસરનો એ સહકાર તો લાંબો ચાલેલો, પણ મિસરી અણઆવડતને લીધે ફિરંગી વિરુદ્ધના આ પ્રયત્નો ભાંગી પડ્યા. પરદેશી મદદ પર આધાર નહિ રાખવાનો ભારતને આથી એક પાઠ મળ્યો અને પરિણામે મલબાર કાંઠાના સર્વ હિંદુ-મુસ્લિમ રાજાઓમાં ફિરંગીઓનો સજ્જડ સામનો કરવા માટે મજબૂત સંગઠન સધાયું. હિંદુ-મુસ્લિમોના આ સંયુક્ત પ્રયત્નોએ ભારતમાંના ફિરંગીઓના અભિમાનને વિચૂર્ણ કરી નાખ્યું અને પ્રદેશો પચાવી પાડવાની તથા વ્યાપારી એકહથ્થુ-ગીરીની પોર્ટુગીઝ મહત્ત્વાકાંક્ષાઓનો તો અંત આવ્યો.

આ હિંદુ-મુસ્લિમ સંયુક્ત કાફલાના અફસરો હતા મુસલમાન કુંજાલી મરક્કારો. એમાંના ચાર અફસરો તો છેક ૧૬મી સદીથી નૌકાધિપતિપદ વારસામાં મેળવતા આવ્યા હતા. આ બધામાં કુંજાલી મરક્કાર બીજાનું નામ બહુ જાણીતું છે. પોર્ટુગીઝ કાફલાનાં તેણે એટલાં બધાં વહાણોનો નાશ કરેલો કે એના નામમાત્રથી ફિરંગીઓ ધ્રૂજતા. પણ આમાંના એક મહમ્મદ કુંજાલી મરક્કારે કાલિકટના રાજા ઝામોરિન સામે બંડ કર્યું. (કુંજાલી મરક્કારોનો એ છેલ્લો સાગરવીર હતો.) આ તક પોર્ટુગીઝોએ ઝડપી લીધી ને ઝામોરિનને પડખે ચડી કુંજાલીનું મુખ્ય મથક કોટ્ટા પડાવી લીધું, તેનાં માણસોને કેદ કર્યાં ને શરણે થએલા-ઓને સાથે રાખવાના વર્તાવ વિરુદ્ધ જઈ મહમ્મદને ગોવાની બજાર વચ્ચે ગરદન માર્યો! આ રીતે પોતાની મહત્ત્વાકાંક્ષાઓનો ચૂરો કરનાર કુંજાલી કુળનો ફિરંગીઓએ ખટપટથી નાશ તો કર્યો, પણ એમને તો એવી થપ્પડ વાગેલી કે ફરી તેઓ હિંદી દરિયા પર દાદાગીરી કરવાની કે અંદરના પ્રદેશોમાં પેસવા સુદ્ધાંની હિંમત ફરી ન જ કરી શક્યા.


મહાન મુઘલ સમ્રાટ અકબરે પણ પોતાનું નૌકાસૈન્ય સારું વિકસાવ્યું હતું. તેણે ૧૮૦૦ વર્ષ પહેલાંના પોતાના પુરોગામી સમ્રાટ



ભારતના સમસ્ત
નૌકાદળનું પ્રતીક




મુખ્ય વિનાશિકા
'રાજપૂત'નું સંજ્ઞાચિહ્ન




મુખ્ય ફ્રિગેટ
'જમના'નું પ્રતીક




નૌ-શિક્ષણની શાળા
'આંગ્રે'નું સંજ્ઞાચિહ્ન



નૌકાદળનો રાષ્ટ્રપ્રમુખનો ધ્વજ



ભારતીય નૌકાદળનો ધ્વજ



નૌકાસેનાપતિ(વાઈસ-ઍડમિરલ)નો ધ્વજ

સાચું પડેલું સ્વપ્ન

ઓગણીસમી સદી આથમતી હતી. જામ સલાયાના એક કિશોરને આફ્રિકા જઇને પોતાનું નસીબ અજમાવવાની તમન્ના હતી, અને એક દિવસ તે સઢવાળા વહાણ ઉપર ચડી બેઠો. તે ઝાંઝીબાર ગયો, મોટો થયો અને દારેસલામમાં ઠરીઠામ બેસી વેપાર અને પ્રતિષ્ઠા જમાવ્યાં.

દેશી વહાણોનો જમાનો ગયો અને આગબોટો આવી. દારેસ્સલામમાંથી જર્મનો ગયા અને અંગ્રેજો આવ્યા. વર્ષો અને દાયકાઓથી ટાંગાનિકાની તવારીખની તેજછાયા જોતા આ સાહસિક હિંદી વસાહતી એક દિવસ સાંજે સાગરકાંઠે ફરવા નીકળ્યા ત્યાં એક બ્રિટિશ મનવાર બારામાં લંગર નાખીને પડેલી જોઈ. તેના સુકાનના તુતક ઉપર રૂપાળો બ્રિટિશ રાષ્ટ્રધ્વજ મગરૂરીથી ફરકી રહ્યો હતો. સૂર્યાસ્તનો સમય હતો અને નૌકાદળના રિવાજ પ્રમાણે સૂર્યાસ્ત થતાં જ બ્યૂગલ વાગ્યું. તેના મધુર સૂર સમુદ્ર અને ધરતી પર ફરી વળ્યા. બ્રિટિશ અફસરો અને સાગરસૈનિકો ઠસ્સાથી ગોઠવાઈ ગયા અને બ્યૂગલના હૃદયંગમ સૂર વચ્ચે હળવે હળવે ઊતરતા બ્રિટિશ રાષ્ટ્રધ્વજને સલામી આપી રહ્યા.

અને પ્રભાતે જ્યારે સૂર્યોદય થયો ત્યારે વાજાંના મધુર અવાજ, સાગરસૈનિકોની કવાયત અને સલામી વચ્ચે હળવે હળવે બ્રિટિશ રાષ્ટ્રધ્વજ કાઠી ઉપર ચડયો અને મગરૂરીથી હવામાં લહેરવા લાગ્યો.

કાંઠે ઊભીને આ પ્રેરક અને પ્રભાવશાળી દૃશ્ય જોઈ રહેલા હિંદી જુવાને નિસાસો નાખ્યો. હજારો માઇલ દૂર, આ મહાસાગરને પેલે પાર તેની જન્મભૂમિ આ જ અંગ્રેજોની ગુલામીમાં રીબાતી હતી. તેને વિચાર આવ્યો : એવો દિવસ ક્યારે આવે કે જ્યારે મારો દેશ સ્વતંત્ર હોય, તેને આવી મનવારો હોય, તેની ઉપર મારા દેશનો રાષ્ટ્રધ્વજ આવી રીતે ને આવા ગૌરવથી ફરકાવવામાં આવે! એવો દિવસ... અરે એવો ભાગ્યશાળી દિવસ ભારતમાતાના ભાગ્યમાં ક્યારે આવે? તેણે નિસાસો નાખ્યો. એવો દિવસ તેને અસંભવિત લાગ્યો.

કાળ કાળનું કામ કર્યે ગયો અને ભારત ઉપરથી ગુલામીની કાળરાત્રી પૂરી થઈ; સ્વતંત્રતાનો સૂર્યોદય થયો.

અને એક દિવસ ખરેખર તેણે એ જ દારેસ્સલામના બારામાં એ જ ઠેકાણે 'દિલ્હી'ને ઊભેલી જોઈ. તેની ઉપર સ્વતંત્ર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. તેને માથે સ્વતંત્ર ભારતનો નૌકાધ્વજ અને તેની પણ ઉપર સ્વતંત્ર ભારતના પોતાના ઍડમિરલનો ધ્વજ ફરકતો હતો!

અને બ્યૂગલના મધુર સરોદ વચ્ચે, સૂર્યાસ્ત સમયે ભારતનો નૌકાધ્વજ વિધિપૂર્વક ઊતરતો તેણે જોયો. અફસરો અને સાગરસૈનિકો તેને સલામી આપતા તેણે જોયા. ફરી પ્રભાતે વાજાં વાગ્યાં, રાષ્ટ્રગીત ગવાયું, કવાયત થઈ, નૌકાધ્વજ વિધિપૂર્વક ચડયો અને સાગરસૈનિકો તથા અફસરોએ ગૌરવપૂર્વક તેને સલામી આપી.

પોણો સો વર્ષની જૂની આંખોએ આ નવું દૃશ્ય જોયું. ભૂતકાળમાં જે સ્વપ્ન જોયું હતું, તરંગ સેવ્યો હતો એ સ્વપ્ન આજે સાચુ પડયું. અને તેની કૃતાર્થ આભારવશ આંખોમાં હર્ષનાં આંસુ ભરાઈ આવ્યાં.

દારેસ્સલામમાં શ્રી નારણદાસ દ્વારકાદાસે જ્યારે પોતાના અનુભવની આ વાત કરી ત્યારે લાગણીથી તેમનો અવાજ રૂંધાતો હતો અને મારી આંખો પણ ભીની થઈ.

—વિજયગુપ્ત મૌર્ય

ચંદ્રગુપ્ત મૌર્યને પગલે ચાલીને શાહી અરમારની રચના કરેલી એવું ડૉ. આર કે. મુખર્જીનું કહેવું છે. અકબરના નૌકાખાતામાં ચાર વિભાગો હતા : નૌકાઓ અને વહાણો બાંધવાં, હોશિયાર નૌ-સૈનિકોને તાલીમ આપી તૈયાર કરવા, નદીઓ પર ચોકી રાખવી તથા બંદરી જકાતોનો વહીવટ કરવો. મુખ્ય મુઘલ નૌકાદળ ઢાકામાં રહેતું અને બંગાળનો કાંઠો સાચવવાનું તથા માગ નામના ચાંચિયાઓથી રક્ષણ કરવાનું કાય તેમનું હતું. તેમાં ૯૨૩ ફિરંગીઓ પણ હતા. નવાં વહાણો બાંધવા તથા તૈયાર કાફલાની જાળવણી પાછળ વર્ષે લગભગ ૮,૪૩,૪૫૨ રૂપિયાનું ખર્ચ થતું. અકબરના અમલ દરમિયાનના બે પ્રસંગો નોંધપાત્ર છે. પહેલા પ્રસંગમાં તો ખુદ અકબરે પોતે આખા કાફલાની સરદારી લીધેલી અને બિહાર-બંગાળના છેલ્લા અફઘાન રાજા દાઉદને હરાવી તેનો પ્રદેશ પોતાની હકૂમતમાં ભેળવી દીધેલો (૧૫૭૬). બીજો પ્રસંગ સિંધમાં થટ્ટા મુકામે મિરઝા જાની બેગે સ્વતંત્ર થવા બગાવત કરી ત્યારે ૧૫૯૦માં તેને નૌકાયુદ્ધમાં હરાવ્યો તે. રાજા માનસિંહ બંગાળનો સૂબો હતો ત્યારે (ઈ. ૧૫૮૯-૧૬૦૪) પણ નૌકાદળની ઠીકઠીક પ્રવૃત્તિઓ ચાલતી રહી હતી.

અને છેલ્લે ભારતના આધુનિક નૌકાદળનો આરંભ ઈ. સ. ૧૬૧૨માં 'જહૉન કંપની' (ઇસ્ટ ઇંડિયા કંપની)ના ચાર્ટરથી સૂરતમાં થયો. ઈ. ૧૬૮૫માં તેનું મથક સૂરતથી બદલીને મુંબાઈમાં નાખવામાં આવ્યું અને ત્યારથી તે ૧૮૩૦ સુધી તે 'બૉમ્બે મરીન'ને નામે ઓળખાયું. એ દરમ્યાન ૧૭૩૫માં મુંબાઈની આજની નૌકાદળની ગોદી બંધાઈ.

આંગ્રેના નૌકાદળના સાગના પછી કંપનીના કાફલાનો બીજો મોટો વિજય તે ૧૮૩૯ની એડનની જીત. હવે 'બૉમ્બે મરીન'ને બદલે 'રૉયલ ઇંડિયન મરીન'ને નામે ઓળખાતા આ કાફલાએ ત્યાર બાદ પહેલા વિશ્વયુદ્ધમાં તો ઘણી યશસ્વી કામગીરી બજાવી. ત્યારે પોતાનાં સૈન્યવાહક(ટ્રુપ શિપ્સ)ને યુદ્ધજહાજ(ક્રૂઝર)ના રૂપમાં ફેરવી તેણે રૉયલ નેવી સાથે ઇરાનના અખાત અને રાતા સમુદ્રમાં કામ કર્યું.


તે પછી ૮મી સપ્ટેમ્બર ૧૯૩૪ના દિવસે શાહી હિંદી નૌકાદળ 'રૉયલ ઇંડિયન નેવી'ની સ્થાપના થઈ. બીજા વિશ્વયુદ્ધ વખતે આ રૉયલ ઇંડિયન નેવી ખૂબ વિકાસાયું, અને લગભગ ૨૦૦૦ અમલદારો તથા ૩૦,૦૦૦ સૈનિકો જેટલું વિસ્તરીને તે અદ્યતન યુદ્ધ જહાજોનો ઉમેરો પામ્યું. તેણે ભૂમધ્ય, આટલાંટિક અને હિંદી મહાસાગરોમાં જર્મનો, જાપાનીઓ અને ઇટાલિયનોનો વીરતાભર્યો

સામનો કર્યો, અને એ મહાયુદ્ધમાં ઇથિયોપિયાના 'માસાવા' બંદરને મુક્ત કરવાનો જશ એને જ લાધ્યો. બ્રહ્મદેશના હુમલાઓમાં તેણે ખુશ્કી દળને જે સહાય કરી બ્રહ્મદેશને મુક્ત કર્યો તેની યશગાથા તો એક ગ્રંથ માગે એવી છે. તેમાં હાલની યુદ્ધનૌકાઓ 'જમના', 'કૃષ્ણા' અને 'કાવેરી' અગ્રણી હતી, અને આજે હિંદી નૌકાસૈન્યના સરખેલ (વાઈસ ઍડમિરલ) બનેલા રામદાસ કટારીએ ત્યારે આટલાંટિક અને હિંદી મહાસાગરોમાં સબમરીન-વિરોધી કામગીરીમાં યશસ્વી કાર્ય કર્યું હતું. પછી પાસિફિકમાં જ્યારે યુદ્ધ પૂરું થયું ત્યારે જાપાનનો કબજો લેવા ગએલા કાફલામાં ભારતીય નૌકાદળનો પણ સમાવેશ થતો હતો.

૧૯૪૭માં દેશના ભાગલા થતાં આપણું એ નૌકાદળ ઘટીને $\frac{૨}{૩}$ થઈ ગયું. ભાગલામાં પાકિસ્તાનને ત્રણ તાલીમ-કેન્દ્રો, અને 'નર્મદા' તથા 'ગોદાવરી' નામની બે સ્લૂપ, 'શમશેર' તથા 'ધનુષ' નામની બે ફ્રિગેટ અને ચાર સુરંગ-નૌકાઓ (માઇન સ્વીપર) મળી; જ્યારે ભારતને માત્ર ચાર સ્લૂપ ('સતલજ', 'જમના', 'કૃષ્ણા' ને 'કાવેરી') બે ફ્રિગેટ ('તીર' તથા 'કુકરી') બાર માઈનસ્વીપર અને 'આસામ' નામની એક કોરવેટ મળ્યાં. ભારત જેવા મોટા દેશ માટે આ ભાગ્યે જ 'દળ' કહી શકાય. વળી આજના પ્રગતિશીલ યુગમાં એ જૂનું ગણાય ને ઓછું પડે.


આથી ભારત સરકારે તરત જ પોતાના નૌકાદળના વિકાસ માટે ચાંપતાં પગલાં લીધાં, અને પોતાના મુખ્ય ધ્વજ-જહાજ તરીકે, મહાયુદ્ધમાં જર્મન ક્રૂઝરને તોબા પોકરાવનારી ૭૦૩૦ ટનની મોટી 'ઍકિલિસ' ક્રૂઝર ઇંગ્લંડ પાસેથી ખરીદી તેને 'દિલ્હી' નામ આપ્યું. એનો વિગતવાર પરિચય એના ચિત્ર નીચે આપ્યો છે. એ ઉપરાંત મોટા 'હંટ' વર્ગની 'રૉથરહામ', 'રીડાઉટ' અને 'રેઈડર' નામની ત્રણ વિનાશિકાઓ (ડિસ્ટ્રૉયર) પણ ખરીદી તેને અનુક્રમે 'રજપૂત', 'રણજિત' અને 'રાણા' નામ આપ્યાં; તેમજ નાના 'રિવર' વર્ગની ત્રણ વિનાશિકાઓ ખરીદી તેને 'ગોદાવરી', 'ગોમતી' અને ગંગા' નામ આપ્યાં. હમણાં તાજેતરમાં જ 'દિલ્હી' કરતાં પણ મોટી 'કૉલૉની' વર્ગની જંગી ૮૦૦૦ ટનની ક્રૂઝર 'નાઈજીરિયા' ખરીદી તેને 'માઈસોર' નામ આપ્યું છે (જુઓ ચિત્ર), અને તે હવે આપણા નૌકા-દળનું અગ્રણી ધ્વજ-જહાજ બન્યું છે. અને એથી યે મોટા ૧૫,૭૦૦ ટનના વિમાનવાહક જહાજ 'હરક્યુલિસ'નો પણ હવે ઉમેરો થવાનો છે.

ઉપર્યુક્ત બે ક્રૂઝરો ('માઇસોર' ને 'દિલ્હી') અને છ વિનાશિકાઓ (રજપૂત, રણજિત, રાણા, ગોદાવરી, ગોમતી, ગંગા) ઉપરાંત આપણા દળમાં 'સતલજ', 'જમના', 'કૃષ્ણા', 'કાવેરી', 'તીર' વગેરે ફ્રિગેટો, 'બૉમ્બે', 'બેંગાલ', 'મદ્રાસ', 'કોંકણ', 'કાકિંદા', 'કાનાનોર', 'કુડાલોર', 'વસાઇ', 'બિસિમ્પારમ' વગેરે સુરંગ કાઢતાં (માઈન સ્વીપર) જહાજો, તથા ઍન્ટી સબમરીન જહાજ 'કુકરી' છે. આ ઉપરાંત, 'શક્તિ' નામનું એક ટૅંકર, 'ધરણી' નામનું એક સ્ટોર-શિપ તથા મો-




ક્રૂઝર 'દિલ્હી'ને સલામી આપીને નવા ધ્વજ-જહાજ 'મ્હૈસુર' ઉપર 'જૅક-સ્ટે' દ્વારા જતા આપણા વાઈસ-ઍડમિરલ (સરખેલ) શ્રી રામદાસ કટારી. બે જહાજ બાજુ-બાજુમાં ધસતાં જતાં હોય ત્યારે આ રીતે દોરડાં અને ગરેડી દ્વારા બીજા જહાજ પર માણસો, તેમજ યુદ્ધકાળમાં દવા, ખોરાક તથા અન્ય પૂરવઠો, 'જૅક-સ્ટે' દ્વારા પહોંચાડવામાં આવે છે, કેમકે દરિયો તોફાની હોય ત્યારે એ માટે હોડીઓ દરિયામાં ઉતારી શકાતી નથી. બે જહાજ જ્યારે એકબીજાને સમાંતરે ૧૦૦ ફીટના અંતરે ધસ્યાં જતાં હોય ત્યારે એક જહાજમાંથી બદૂક ફોડીને તેની હળવી ગોળીમાં બાંધેલી પાતળી દોરી બીજા જહાજ પર પહોંચાડવામાં આવે. એ પાતળી દોરીની પાછળ ઉત્તરોત્તર જાડી દોરી અને પછી જાડાં દોરડાં બાંધેલાં હોય, ને આમ બંને જહાજ વચ્ચે દોરડાંનો પુલ રચાઈ જાય, જે પર ગરેડી (જૅક-સ્ટે) દ્વારા વ્યવહાર ચાલે. આ દરમ્યાન બંને જહાજો વચ્ચેનું અંતર સરખું રાખવા માટે તેનાં સુકાન તથા પંખા પર સતત અને ચાંપતું ધ્યાન આપવું પડે.

જણી માટેના 'ઇન્વેસ્ટીગેટર' સાથે કેટલાંક સહાયક જહાજો ને (હમણાં જ જર્મનીમાં તૈયાર થએલું) 'શંખ' નામનું કાદવ ઊલેચવાનું એક જહાજ પણ છે. આ સિવાય વિશાખાપટ્ટનના 'હિંદુસ્તાન શિપયાર્ડ'માં નૌકાદળ માટે જરૂરી વહાણો બાંધવાની યે યોજના છે.



ટોપીના બિલ્લા: (૧) ચીફ પેટ્ટી ઑફિસરનો (૨) પેટ્ટી ઑફિસરનો (૩) બીજાઓ માટે



બાવડાના બિલ્લા: પેટ્ટી ઑફિસરનો; અગ્રણી નાવિકોનો.

ભારતીય નૌકાદળનાં વિવિધ ખાતાંઓના બિલ્લા



ઍન્ટી-એરક્રાફ્ટ
પહેલો વર્ગ



ક્વાર્ટર્સ આર્મરર
પહેલો વર્ગ



ટૉર્પિડો-ડિટેક્ટર
પહેલો વર્ગ



આર્ટિઝન (કારીગર)
પહેલો વર્ગ



પેટ્ટી ઑફિસર
કુક (રસોઇઓ)



રડાર કંટ્રોલ
પહેલો વર્ગ



ક્વાર્ટર માસ્ટર
પહેલો વર્ગ



સર્વેયિંગ રેકોર્ડર
પહેલો વર્ગ



પેટ્ટી ઑફિસર
સ્ટોકર મિકેનિક



પેટ્ટી ઑફિસર
ઑફિસર્સ સ્ટયુઅર્ડ



કંટ્રોલ રેટિંગ
પહેલો વર્ગ



રડાર પ્લૉટ
પહેલો વર્ગ



માસ્ટર-ઍટ-આર્મ્સ



પેટ્ટી ઑફિસર
ઇલેક્ટ્રિશીઅન



પેટ્ટી ઑફિસર
ઑફિસર્સ કુક



ક્વાર્ટર રેટિંગ
પહેલો વર્ગ



યોમેન ઑવ સિગ્નલ્સ
(સંજ્ઞા અધિકારી)



ફિઝિકલ ટ્રેનર
પહેલો વર્ગ



પેટ્ટી ઑફિસર
રેડિયો મિકેનિક




પેટ્ટી ઑફિસર
રાઈટર



ગનલેયર (તોપચી)
પહેલો વર્ગ



પેટ્ટી ઑફિસર
ટેલીગ્રાફિસ્ટ




ડ્રિલ જંપર ઉપર
બિલ્લા રાખવાની પદ્ધતિ



પેટ્ટી ઑફિસર
માંદાની સારવાર કરનાર




પેટ્ટી ઑફિસર
સ્ટોર ખાતું



મુંબાઈ રાજ્યમાં, પૂના પાસે ખડકવાસલા મુકામે, નામી સિંહગઢની છાયામાં એક વિશાળ ઊંડા સરોવરને કાંઠે સ્થાપવામાં આવેલી 'નૅશનલ ડિફેન્સ ઍકેડેમી'(રાષ્ટ્રીય સંરક્ષણ અકાદમી)નું મુખ્ય મકાન. અગાઉ 'જૉઈન્ટ સર્વિસિઝ વિંગ'ને નામે ઓળખાતી આ સંસ્થાનું અહીં ૧૯૫૫ના જાન્યુઆરીમાં ઉદ્‌ઘાટન થયું. ખુશ્કી તરી તથા હવાઈ, એ ત્રણે દળ માટેની બે વર્ષની તાલીમ આપતું દુનિયાભરમાં આ એકમાત્ર સ્થાન છે. તરી દળના વિદ્યાર્થીઓ જે તાલીમ માટે અગાઉ ઈંગ્લંડ જતા તે તેઓ હવે અહીં એક વર્ષ વધુ રહીને મેળવી શકે છે.

નીચે : 'મૅનિંગ ધ માસ્ટ': વહાણના કૂવાથંભ પર ખલાસી જવાનો આ રીતે ચડીને ગોઠવાય એ ક્રિયાને 'મૅનિંગ ધ માસ્ટ' કહે છે.





શરૂ થએલું, તે આ એપ્રિલમાં વાઈસ ઍડમિરલ કાર્લિલ નિવૃત્ત થતાં તેમની જગ્યાએ શ્રી કટારીની નિમણૂકથી સંપૂર્ણ થયું.(જુઓ રૂપલું ચિત્ર)

આમ, આપણું નૌકાદળ હજી બાલ્યાવસ્થામાં જ હોવા છતાં આજે જરાયે પછાત નથી. પોતાની ખડતલ સાધનસામગ્રી સાથે તે દેશના ૩૦૦૦ માઇલ વિશાળ સાગરકાંઠાની રક્ષાની જવાબદારી ઉઠાવવા ઉપરાંત ગુણદૃષ્ટિએ પણ દુનિયાનાં નૌકાદળોની હરોળમાં ઊભું રહે તેવું છે.

નૌકાદળનાં જહાજો


અરમારી જહાજોના વિવિધ પ્રકારો પૈકી 'ક્રૂઝર' તથા 'ડિસ્ટ્રૉયર'-ની વિગતવાર સમજણ આર્ટપ્લેટો પરનાં તેનાં ચિત્રો નીચે આપી છે. એ ઉપરાંતના મુખ્ય બે પ્રકારો 'ફ્રીગેટ' તથા 'માઈનસ્વીપર'.

ફ્રિગેટ એ વિનાશિકાઓના બેડામાં મદદગાર તરીકે કામ કરતાં જહાજો છે. તે વિનાશિકાઓ જેવાં જ હોય છે, પણ તેની ગતિ પેલાંના જેટલી તેજ નહિ. સબમરીન-વિરોધી કે વિમાન-વિરોધી તરીકેની ખાસ કામગીરી માટે તૈયાર કરી શકાતાં આ જહાજો સ્વતંત્રરીતે પણ અનેક ઉપયોગમાં આવે છે. કંઠાર પર તોપમારો કરવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. આપણાં 'જમના', 'સતલજ', 'કૃષ્ણા' અને 'કાવેરી' આ પ્રકારનાં જહાજો છે. તેમની ગતિ લગભગ ૨૦ નૉટની છે ને દરેક ચાર ઇંચની છ છ તોપો, તથા સબમરીન તેમજ હવાઈ હુમલા સામેના પ્રતિકારની શસ્ત્રસામગ્રીથી સજ્જ છે. આ જ પ્રકારનું 'તીર' આપણે દરિયા પરના નૌ-શિક્ષણ માટે વાપરીએ છીએ.

દુશ્મને દરિયામાં પાથરેલી સુરંગોને શોધીશોધીને તેને દૂર કરી, પાછળ દોરાતા આવતા કાફલાને માટે રસ્તો સલામત કરવાનું કાર્ય માઈનસ્વીપર કરે છે. ઍન્ટી સબમરીન કે ઍન્ટીએરક્રાફ્ટ બેડામાં સહાયક જહાજ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. આપણાં છસો છસો ટનનાં 'કોંકણ', 'બામ્બે', 'બૅંગૉલ', 'રાજપૂતાના' અને 'મદ્રાસ' આ પ્રકારનાં ઍન્ટીસબમરીન શસ્ત્રસામગ્રીથી સજ્જ જહાજો છે.

ખસ-દાદર ને ખીલ-ખરજવા જેવા ચામડીના સામાન્ય રોગો

[માંદગીનાં મૂળનો ૪૨મો હપતો]



ઇંચના ૫૦મા ભાગ જેવડો ખસનો જંતુ : અતિશય મોટો કરી બતાવેલો

આપણા શરીરમાં મોટામાં મોટો અવયવ તે ચામડી છે, છતાં આપણે તેની ઓછી કાળજી રાખીએ છીએ. એનું પોતાનું આગવું જીવન ને કર્તવ્ય છે. આપણી દરેક વૃત્તિના ફેરફાર ઝીલનાર દર્પણ તે છે. આપણાં આરોગ્ય ને માંદગી ત્યાં પ્રદર્શિત થાય છે, તેમ આપણા ક્રોધ, ભય ને આનંદના ભાવ પણ તેના પર પ્રતિબિંબિત થાય છે. એના કેટલાક રોગ હોય છે તો સાદા; પણ તેના ઉપચાર કરવામાં આળસ રાખવાથી એ પણ અસાધ્ય બની જાય છે.

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કેળા પરની છાલની જેમ આપણાં શરીર પર ચામડીનું આવરણ છે. પરંતુ ચામડી એકલું 'આવરણ' જ નહિ પણ અતિ અટપટી રચનાવાળું જીવંત અંગ છે, જે શરીરની કામગીરીમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શરીરના કુલ વજનનો સોળ ટકા ભાગ ચામડી છે, અને એની બનાવટમાં બોતેર ટકા પાણી છે. ચામડી ઘણાં પડોની બનેલી છે. એમાં લોહીની નળીઓ, જ્ઞાનતંતુઓ, ગ્રંથિઓ વગેરે આવેલાં છે. દર ચોરસ ઈંચે એમાં બે હજાર જેટલાં છિદ્રો છે, જે સ્વેદગ્રંથિઓનાં દ્વારો છે. મહત્ત્વના જ્ઞાનતંતુઓના છેડા ચામડીમાં પથરાએલા છે, જે દ્વારા ગરમી ને ઠંડી, દબાણ ને વેદનાની સંવેદનાઓ મગજમાં જાય છે. ચામડીનું એક મહત્ત્વનું કામ ગરમીના નિયમનનું છે. બીજું કામ વરસાદ ને ઈજાથી શરીરનું રક્ષણ કરવાનું છે. ત્રીજું કામ એ કે અતૂટ ચામડી રોગોત્પાદક જીવાણુઓના પ્રવેશને અસરકારક રીતે ખાળે છે.

ચામડી અને જ્ઞાનતંત્ર ગાઢ રીતે સંકળાએલાં છે. આંખનો નેત્રપટ, મગજ, જ્ઞાનરજ્જુ અને ચામડીમાં પથરાએલા જ્ઞાનતંતુઓ, આ સર્વ ગર્ભના આવરણના પડ 'એક્ટોડર્મ'માંથી બનેલાં છે; એટલે ચામડીને મધ્યસ્થ જ્ઞાનતંત્રના એક ભાગ તરીકે ઓળખીએ તો ખોટું નથી.

મન અને શરીરના બગાડ વખતે થઇ આવતા ચામડીના રોગોની કોને જાણકારી નથી? જાણીતું છે કે ઓરી અછબડા ને બળીઆ, ટાઈફૉઈડ ને ટાઈફ્સ, શીળાવા ને સિફિલિસ વખતે ચામડી પર જ દાણા કે ઢીમણાં ફૂટી નીકળે છે. વળી બહારનાં કારણોસર પણ ચામડીને ઈજા પહોંચે છે. પરંતુ આશ્ચર્યભર્યું તો એ છે કે ચામડી પરત્વેની આપણી બેકાળજી હોવા છતાં પણ ચામડીના બહુ રોગો થઈ આવતા નથી.

જન્મગત સ્થિતિઓ, પોષણની ખામી, ને 'એલર્જી'ને લીધે પણ ચામડીના રોગ દેખા દે છે. ફૂગ ને જીવડાંનું ચામડી પરનું આક્રમણ અજાણ્યું નથી. ચામડી ઉપર સૌમ્ય (benign) અને ઘાતક (malignant) ગડ (tumour) થઇ આવે છે. વેપાર કે નોકરી અંગે ડામર, પૅરૅફિન, અલ્ટ્રા વાયોલેટ તથા એક્સ-રે કિરણો તેમજ રંગોના સંપર્કમાં આવતાં ચામડી ઉપર 'ડરમેટોસિસ' (dermatoses) થઈ આવે છે. ચામડીના બધા રોગોનું વર્ણન કરવાનું તો આ સ્થાન નથી; પણ લોકોમાં વિશેષ જાણીતા રોગો વિષે જ અહીં આપણે વિચારીશું.

ખસ (Scabies)

ઘણો જાણીતો ચામડીનો આ રોગ સૈન્યમાં સૈનિકોને ને ગીચ વસતિમાં રહેતા લોકોને થઇ આવે છે. દુનિયાભરમાં વ્યાપક આ રોગ ઉષ્ણ અને બીજા કટિબંધોમાં પણ ફેલાએલો છે. સુખી કરતાં ગરીબ પ્રજામાં આ અતિ સામાન્ય છે, કેમકે ગીચ વસતિ, ગંદાં રહેઠાણ ને ચોખ્ખાઈની બેકાળજીના પરિણામે એ ફેલાવો પામે છે. કોઈ પણ વયે, સ્ત્રી ને પુરુષ બંનેને ખસ થઈ આવે છે; પણ મોટાભાગે તે બાળકોને થાય છે.

ખસના લાક્ષણિક સૂકા ધોળા ફોલ્લા થઈ આવે છે. એમાં પાણી ને પરુ ભરાય છે. આ ફોલ્લા શરીરના આગલા ભાગનાં વળાં(folds)માં, હાથપગની આંગળીઓ વચ્ચેની ચામડી(webs)માં, આંગળીઓની વચમાં, બગલના આગલા ભાગમાં, પૂઠમાં તથા શિશ્ન, કોણી, ઘૂંટણ ને ઘૂંટી ઉપર થાય છે. ખસના ઉગ્ર હુમલામાં મોં માથું અને બંને ખભા વચ્ચેના બરડા સિવાય શરીરના દરેક ભાગ ઉપર ફોલ્લા થઈ આવે છે. ફોલ્લામાં ખંજવાળ આવે છે,—વિશેષ તો જ્યારે રાતના રોગી પથારીમાં હૂંફાળો બને છે ત્યારે.

ખસ થવાનું કારણ સૂક્ષ્મ કીટાણુ છે. ૧/૫૦ ઈંચ લંબાઇનું ને સૂક્ષ્મદર્શક યંત્ર વિના ભાગ્યે જ દેખાય એવા આ કીટાણુનું નામ એકારસ સ્કૅબી (Acarus Scabiei) કે સાર્કૉપ્ટિસ સ્કૅબી (Sarcoptes Scabiei) છે. માદા કીટાણુ રોગ થવાના કારણરૂપ છે. કવચિત્ તે ચામડી ઉપર મેલા રંગના સૂક્ષ્મ ટપકા જેવી ચાલતી દેખાય છે. સૂક્ષ્મદર્શક યંત્રમાંથી તો તે મજબૂત જડબા તથા શરીર ઉપર સુંવાળા અને બરછટ વાળવાળા કાચબા જેવી દેખાય છે! સગર્ભા માદા બે આંગળાં વચ્ચેની પાતળામાં પાતળી અને પોચી ચામડીના ઉપલા પડને ભેદી અંદર પ્રવેશે છે. ચામડીની સપાટી ઉપર તે એક મિનિટે ઇંચના વેગે ચાલે છે, પણ ચામડી ભેદતાં આખા દિવસમાં અરધા ઈંચથી પણ ઓછું અંતર કાપે છે. માફકસરનું આડું દર બનાવી તેમાં માદા ઈંડાં મૂકે છે, જે ક્રિયા થોડાં અઠવાડિયાંથી માંડી બે મહિના જેટલી લાંબી ચાલે છે. થોડા દિવસમાં ઈંડાંમાંથી ઇયળ પેદા થાય છે, જે દરમાંથી બહાર નીકળી આવી, ચામડીની સપાટી ઉપર ફરતી રહી પુખ્ત કીટાણુ બને છે. કીટાણુનાં દર સોયના ઝાંખા ઉઝરડા જેવાં યા ટપકાં કે વાંકાચૂંકા લીટાઓ જેવાં ચામડી ઉપર નજરે પડે છે. નર એકારસ માદા કરતાં અરધા કદનો હોય છે. સંભોગ પછી તેનું મૃત્યુ થતું હોવાથી ચામડી ઉપર તે થોડો જ સમય હોય છે.

કીટાણુને લીધે ચામડી ઉપર ફોલ્લીઓ થઇ આવે છે. તેમાં ખંજવાળને લીધે વધારો થાય છે. ખંજવાળથી ચામડી તૂટે છે અને બીજા જીવાણુઓનો ચેપ લાગુ પડે છે. સતત ખંજવાળથી દર ઉઘાડું પડી જતાં ખસના કીટાણુઓ ખુલ્લા થઇ જાય છે અને સમય વીતતાં તે મરી જાય છે. આથી, ખજવાળીને ઉઝરડી નાખવાથી પણ ખસ મટ-

વાનો સંભવ તો છે; પણ આ ઉપાય ભલામણ કરવા જેવો નથી.

ચોખ્ખાઈના અભાવથી અને કીટાણુઓનો ચેપ લાગવાથી ખસ થઈ આવે છે. ખસ સ્પર્શજન્ય રોગ છે. રોગી બીજી વ્યક્તિને અડકે તો જ ખસનો ચેપ લાગુ પડે છે. બાળકો રોગી મિત્રોને અડકવાથી ખસના ચેપના ખાસ ભોગ બને છે; અને બાળકોને લીધે પછી માબાપને તે લાગુ પડ્યા વિના રહેતો નથી. એક પથારીમાં સૂવાથી કે એક જ ટુવાલથી ડીલ લૂછવાની ટેવના પરિણામે યા ચેપવાળાં કપડાં પહેરવાથી ચેપ લાગુ પડે છે, કારણ કે કપડાં ઉપર ખસના કીટાણુઓ ઘણા દિવસો પર્યંત જીવે છે.

મુખ્ય ઉપચાર તો ખસના કીટાણુઓ અને ઇંડાંનો નાશ કરવાનો છે; ઉપરાંત ચેપવાળાં બનેલાં પહેરેલાં ને વપરાશમાં આવેલાં કપડાંને જંતુશૂન્ય બનાવવાનો છે. સુતરાઉ કપડાંને બાફવાં અને ગરમ કપડાં સાઈલીનના દ્રાવણમાં પલાળી ઠંડા પાણી વતી ધોવાં. ઘરનાં બીજાં માણસોનાં કપડાંથી રોગીનાં કપડાં અલગ રાખી બાફવાં અને ધોવાં. ઘડિયાળના પટ્ટા, બૂટ, ચંપલ વગેરે પણ ફોર્મેલીનની વરાળથી વિશુદ્ધ બનાવવાં. આ માટે પાંચ ગૅલનિયા કોઈ ખાલી ટીનનાં તળિયાની મધ્યમાં ચાળીસ ટકા ફોર્મેલીન ભરેલું પોરસેલીનનું વાસણ મૂકવું. પછી એની આજુબાજુ ટીનમાં બૂટ, ઘડિયાળના પટ્ટા વગેરે મૂકવાં અને ટીનને સજ્જડ બંધ કરવું. અડતાલીસ કલાક રાખી મૂકવા બાદ ટીન ઉઘાડી ફોર્મેલીન–વરાળથી વિશુદ્ધ બનેલી એ ચીજો કાઢી લેવી.

ખસ માટે રામબાણ ઔષધ ગંધકનો મલમ છે. હાથપગ કાર્બોલિક સાબુ વતી ધોવા. જો આખા શરીરે ખસ હોય તો એ સાબુ વતી સ્નાન કરવું. ફોલ્લા ફોડી નાખવા, ને રોગવાળા ભાગ ઉપર ગંધકનો મલમ ઘસીને લગાડવો. જો આખા શરીરે ખસ હોય તો રોગીએ ત્રણ દિવસ પર્યંત નહાવું નહિ અને નવાં કપડાં બદલ્યા વગર રોજ મલમ લગાડવો. ચોથા દિવસે ગરમ પાણીએ નહાવું ને નવાં કપડાં બદલવાં.

ગંધકનો એક અવગુણ છે: કોઇકકોઈકની ચામડી એનાથી તતડી ઊઠે છે અને ચામડીનો સોજો (dermatitis) થઈ આવે છે.

બીજી દવા બેન્ઝાઈલ બેન્ઝોએટ છે. એ દવા મલમ તેમજ પ્રવાહી બંને રૂપમાં વપરાય છે. ચીકાશ વગરનું આ દવાનું પ્રવાહી શરીર ઉપર એક વાર લગાડવાથી ખસના બધા કીટાણુઓ અને ઈંડાં નાશ પામે છે. આ ઉપચારમાં પણ કપડાંની શુદ્ધિ જાળવવાની છે.

દાદર (Ringworm)

ચામડીના આ સામાન્ય રોગથી પણ ઘણા માણસો પીડાય છે. એના કારણરૂપ કોઈ જીવાણુ નથી પણ ફૂગ છે. ચામડીના ઉપલા પડમાં, વાળના મૂળમાં કે ક્વચિત્ નખોમાં તે સ્થાન જમાવે છે. ચામડીના કોઈ પણ ભાગ ઉપર દાદર થઈ આવે છે, પણ તેનાં ઘણાં સામાન્ય સ્થાન માથું, દાઢી, ધોતિયાની એટીવાળો કેડનો ભાગ અને વળાં છે. દાદર આણનારી ફૂગ શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે દેખી શકાય છે. એની ચાર જાતો દ્વારા દાદર થાય છે: વૃષણ અને જાંઘ વચ્ચેના ભાગમાં અને શરીરના બીજા ભાગમાં થતી દાદરનું નામ ટીનિયા ઇમ્બ્રિકેટા. આ જાતની શરૂઆત નાની ફોલ્લીઓ ભરેલા ગોળ ટપકાથી થાય છે. એમાં પુષ્કળ ખજવાળ આવે છે; પછી ટપકું મોટું થાય છે અને એની ગોળ કિનાર ઉપર ફોલ્લીઓ હોય છે.

શરીરના ધડ અને ઢંકાએલા ભાગમાં ધૂળ તથા પરસેવાના લીધે ધાબાં કે વાંકાચૂંકા ગોળાકારમાં થતી દાદર ટીનિયા વર્સીકલર કહેવાય છે, ને છાતી તથા બરડાના ભાગમાં થતી દાદરનું નામ ટીનિયા ફેવસ છે.

બાળકોને માથા(scalp)માં દાદર થઈ આવે છે. શરૂમાં માથાના કોક ભાગમાં રતાશ થઈ આવે છે; પછી નાની ફોલ્લીઓનાં કૂંડાળાં થાય છે. તે ફૂટે છે ને એનું પાતળું ભીંગડું જામે છે કે જેને ખોડો સમજી ધ્યાન નહિ આપવાથી રોગ જામે છે. પહેલા કૂંડાળાની બહાર બીજી ફોલ્લીઓ થાય છે, ને આમ રોગ વધતો જાય છે. ખંજવાળને લીધે પાણી ઝમે છે ને જાડાં ભીંગડાં વળે છે. બેકાળજી રાખવાથી દાદરને લીધે આખું માથું છવાઈ જાય છે. દાદરમાં ખંજવાળ અતિશય આવે છે; ખાસ કરીને રાત્રે. એથી રોગીની ઊંઘમાં ખૂબ ખલેલ પડે છે ને આરોગ્ય પણ બગડે છે. ખંજવાળથી ચામડીમાં ચીરા પડે છે અને ખરજવાના ભુલાવામાં પડાય એવી સ્થિતિ ઊભી થાય છે.

દાદર સ્પર્શજન્ય ચેપી રોગ છે. સીધા સંબંધથી તેમજ હવા વાટે તે ફેલાવો પામે છે. ટુવાલ અને કપડાં દ્વારા રોગ એકથી બીજા માણસે પ્રસરે છે. ધોવામાં બીજાં કપડાંમાં રોગીનાં કપડાં ભેગાં થવાથી પણ દાદરનો ફેલાવો થવા સંભવ રહે છે. માથાની દાદરવાળા રોગીનાં કાંસકો, ટુવાલ, ટોપી ને સાબુ જુદાં રાખવાં. એનાં કપડાં અને પથારીની ચાદર બાફીને ધોવાં. મોટા કુટુંબમાં નીરોગી બાળકનાં માથાં રોજ કાર્બોલિક સાબુ વતી ધોવાં. વાળમાં તેલ નાખવું ને તે વારંવાર ઓળવા. ઉંદર, સસલાં, કૂતરાં ને કૂકડાંની ફૂગને લીધે દાદર થાય છે, તેથી એ પ્રાણીઓના સહવાસથી પણ માણસને દાદર થવાનો સંભવ છે.

ચેપીઓ વા (Impetigo)

હિમો-લાઇટિક સ્ટ્રેપ્ટોકોકાઈ નામના જીવાણુઓને લીધે આ રોગ થઈ આવે છે. આ જીવાણુઓથી પછી શરીરના બીજા રોગો પણ થઈ આવે છે. ચામડીની નાની ફાટ કે ચીરામાંથી આ જીવાણુઓ પ્રવેશ મેળવી પેશીઓ ઉપર સ્થાન જમાવે છે. એમની મદદમાં સ્ટેફિલો કોકાઈ નામના જીવાણુઓ પણ જામે છે.

રોગની શરૂઆતમાં હાથ કે મોં ઉપર વટાણા જેવડા કદના સફેદ ફોલ્લા થાય છે. પાણી ભરેલા આ ફોલ્લાના પ્રવાહીમાં પુષ્કળ રોગ-જીવાણુઓ હોય છે. ફોલ્લા ફૂટતાં પ્રવાહી ચામડી ઉપર ફેલાય છે જેનું ભીંગડું વળે છે. ફોલ્લામાંથી પડેલી ચાંદીમાંથી ઝમતું પ્રવાહી અતિશય ચેપાળ હોય છે. કપડાં કે ટુવાલના સ્પર્શથી કે પ્રવાહી ટપકવાથી ચેપ ફેલાવો પામે છે. મોટા ભાગે આ રોગ બાળકોને થાય છે, પણ જુવાનિયાં એનાથી મુક્ત નથી. રોગ નથી ભયાનક કે નથી લાંબો વખત ચાલતો. દવા વગર એકથી ચાર અઠવાડિયાંમાં મટી જાય છે. વા ફૂંકરાવવાનો કે વા લખાવવાનો ઘરગથ્થુ ઉપચાર બહુ જાણીતો છે, પણ પેનિસિલિન મલમથી અઠવાડિયામાં આરામ થાય છે.

ખરજવું (Eczema)

ખરજવું એ ચામડીનો સોજો છે. એનાં ચિહ્નોમાં ચામડીની રતાશ, ખંજવાળ, નાના ફોલ્લાઓ, કપડાંને અક્કડ બનાવી દે એવો ચામડીમાંથી નીકળતો સ્રાવ છે, જે સુકાવાથી ભીંગડાં વળે છે. ચામડીના બીજા રોગોમાં પણ આવાં ચિહ્નો હોય છે ને લોકો ચામડીના મોટા ભાગના રોગોને ખરજવાના નામે પિછાનતા હોય છે. શરીરમાંના કે બહારના કોઈ અણજાણ કારણથી ખરજવું થાય છે ને તે ચેપી નથી. ઉપચાર વિના ખરજવાવાળી ચામડી જાડી થઈ ચામડા જેવી બને છે.

કુટુંબના ઊતરી આવેલા વલણને લીધે કોકને ખરજવું થઈ આવે છે, તો કેટલાક લોકોની ચામડી આળી હોવાથી સૂર્ય, પવન ને બીજાં કારણોસર દાહ પામવાથી તે થાય છે. કોઇને વળી દાંત, ટૉન્સિલ ને સાયનસોમાં ચેપ હોવાના કારણે ખરજવું થાય છે. સૂકીભઠ ચામડી સાબુવતી દાહ પામવાથી તેમજ વિટામિનોની અછતને લીધે ચામડીની ચેપ સામેની પ્રતિકાર-શક્તિ ઘટવાથી પણ ખરજવા જેવા ચામડીના રોગ થઇ આવે છે. જે લોકોની સ્વેદ-ગ્રંથિઓ બરાબર કામ ના

કરવાથી શરીરનાં વ્યય-દ્રવ્યો બરાબર બહાર ના નીકળે કે શરીર ઠંડું ના રહે તેમને પણ ખરજવું થઈ આવે છે. અપૂરતું પોષણ પણ ખરજવું થવાના કારણરૂપ છે. વિટામિન 'એ'ની અછતના લીધે પરુ થઈ આવે એવું ખરજવું થાય છે. વિટામિન 'બી' જૂથના વિવિધ ઘટકોની અછતના લીધે હાથ અને પગની ચામડી ઉપર ખરજવાની ફોલ્લી કે ફુનસીઓ ફૂટી નીકળે છે.

આ તો ઠીક, પણ કેટલાંક કારણોથી થતી ચામડીની લાહ્ય કે દાહ (irritaion) ખરજવામાં પરિણમે છે. માથું ચહેરો ને ગરદન, વાળના રંગ કે સુગંધિત તેલોના વપરાશથી દાહ પામે છે; તો ચશ્માંની પ્લાસ્ટિક કે ધાતુની ફ્રેમોથી કાન ને નાક દાહ પામ્યા વગર રહેતાં નથી. રોટોગ્રેવ્યોર પદ્ધતિથી છપાતાં (ફિલ્મ ફેર, ધર્મયુગ વગેરે જેવાં) સચિત્ર વર્તમાનપત્રોની કથ્થઇ શાહીવાળાં પાનાં પેટ પર રાખી સૂવાની ટેવને લીધે પણ પેટની ચામડી તતડી ઊઠે છે એવાં બારીક અવલોકન થયાં છે! નાયલોનની ચડ્ડી અને મોજાંના વપરાશથી પણ જાંઘો, પેટ અને પગોની ચામડી બગડી આવે છે. પ્લાસ્ટિકના ઘડિયાળના પટ્ટાને લીધે કાંડા ઉપર આવો બગાડો થઈ આવે છે. જુલાબ, ચા શક્તિ કે લોહી વધારનાર પેટન્ટ દવામાંનું કોઈ દ્રવ્ય પણ અમુક માણસોને ચામડી ઉપર અસર કરનારું નીવડે છે; તો કેટલાકને ડીડીટી અને જંતુનાશક દવાઓની પણ આવી અસરો થાય છે.

આ સિવાય પણ આ રોગ આણનારાં બીજાં કારણો છે, જેમાંનું એક મનઃદૌર્બલ્ય (nervousness) છે. લાગણીના ખેંચાણ હેઠળ પણ ચામડીનો આવો દાહ થઈ આવે છે. માન્યામાં નથી આવતું? વ્યાકુળ કે વ્યગ્ર હો ત્યારે શું થાય છે? ચહેરો લાલ નથી બનતો? ઉશ્કેરાટ કે ક્ષુબ્ધતા વખતે હાથો ઉપર પરસેવો પણ વળે છે. બીક વખતે શરીરના કોક ભાગ પર ફુણસીઓ ઊપસી આવે છે. આમ, લાગણીઓ અને વિચારોને લીધે ચામડી ઉપર ફેરફારો યોજાય છે; જ્યારે ત્યાં તેમની પકડ મજબૂત બને ત્યારે ચામડી તતડી આવી ફોલ્લીઓ ઊપસી આવે એમાં નવાઈ પણ શી?

ખરજવાની ઘણી જાતો છે. બાળકોને ય ખરજવું થઈ આવે છે, તો કેટલીક સ્ત્રીઓને ઘરકામની બાબતો અંગે પણ ખરજવું થઈ આવે છે. તેમના હાથ સાબુ ને પાણીમાં રહેવાથી ખરજવા જેવો ચામડીનો સોજો થઇ આવે છે. સ્થિતિસ્થાપક, જલાભેદ્ય ને ચવ્વડ ચામડી ઘસારાથી કે ઈજાથી ઘસાતાં પણ ખરજવાનો ભોગ બને છે. ગરમ પાણીથી, ઘર્ષણથી, જીવાણુઓના ચેપથી કે સાબુ તથા આમલીથી પણ ચામડીમાં સોજો આવે છે, જે કોક લોકોમાં ખરજવામાં પરિણમે છે. બાળપણ યૌવન અને ઋતુસમાપ્તિ વખતે પણ સ્ત્રીઓ ખરજવાની ખાસ ભોગ બને છે.

સિમેન્ટ, પૅરેફિન કે બીજાં દાહક દ્રવ્યો સાથે કામ કરનાર માણસોને (ઘણાં વર્ષો સુધી ચામડીનો કોઇ બગાડો ના જણાયા છતાં) કોક વખત ખરજવું થઇ આવે છે. આ વખતે એમની ચામડી અચાનક 'એલર્જી'વાળી બનતાં આ પદાર્થોનો જ્યાંજ્યાં સંબંધ થાય ત્યાંત્યાં ખરજવાની સ્થિતિ ઊભી થાય છે, ને પછી તે શરીરમાં ફેલાવો પામે છે. આને કોન્ટૅક્ટ ડર્મેટાઇટિસ કહે છે. અલ્ટ્રા વાયોલેટ ને એક્સ-રે કિરણો તથા કેટલાંક રાસાયણિક પ્રવાહીઓમાં કામ કરનારને થતા ખરજવાને 'ઈન્ડસ્ટ્રીઅલ ડર્મેટાઇટિસ' કહે છે.

તાજા ખરજવાના સોજા ને ખંજવાળ વખતે ચામડીને રક્ષણ તથા આરામની જરૂર છે. આ માટે ઠંડક આપતા લોશનનાં પોતાં મૂકવાં. આનાથી ખંજવાળ મટે છે. ખરજવાના કારણરૂપ બાબતો—જેવી કે વાળનો કલપ, સુગંધિત તેલો, પ્લાસ્ટિકના પટ્ટા વગેરેનો વપરાશ સદંતર બંધ કરવો, સમતોલ આહાર લેવો, બંધકોશ ના રહે તે જાળવવું. એરંડિયું ભીનાસૂકું લગાડયા કરવાથી પણ તાજું ખરજવું મટયાનો ઉપચાર અનુભવસિદ્ધ છે. બાકી તો ખરજવાના પ્રકાર એટલા વિવિધ છે અને તે થવાના કારણરૂપ દરેક રોગીની બાબતો એટલી નિરનિરાળી હોય છે, કે તેને માટેના દેશી પરદેશી સખ્યાબંધ ઉપચારો અજમાવાય છે. આથી કોઈ અનુભવી કે ડૉક્ટર તેનો અભ્યાસ કરી જે ઉપાયો સૂચવે તે જ અમલમાં મૂકવા. હઠીલા ખરજવામાં એક્સ-રેની સારવાર પણ સફળ નીવડે છે.

સોરીઆસિસ (Psoriasis)

શારીરિક શ્રમ, ઈજા, ચેપ, લાગણીની વ્યથા કે ચિંતાના બોજા વખતે દરેક વ્યક્તિમાં પોતાની આગવી રીતે પ્રતિક્રિયાઓ reactions થાય છે. પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓમાં દેખા દેતી પ્રતિક્રિયાઓની કેટલાકને તો કશી અસર થતી નથી, તો કેટલાકને માથાનો દુખાવો, અપચો, ઝાડા, ગભરામણ અને બીજી બેચેનીની ફરિયાદો રહે છે. આ વખતે ચામડી ઉપર પરસેવો, ફુનસીઓ ઊપસી આવવી વગેરે અસરો પણ થાય છે. વારસામાં મળેલી ખાસિયતો પ્રમાણે આ પ્રતિક્રિયાઓ નિરનિરાળી હોય છે. આવા માનસિક બોજા હેઠળ ચામડી ઉપર દેખા દેતી એક પ્રતિક્રિયા 'સોરીઆસિસ'ની છે. આમાં ચામડી ઉપર રતૂમડાં ચામઠાં ઊપસી આવે છે, જે ઉપર રૂપેરી છાલતાં કે ભીંગડાં વળે છે.

બાળપણમાં ટૉન્સિલના ચેપના લીધે સોરીઆસિસ થઈ આવે છે, તો મોટી ઉંમરે આ સ્થિતિ આણનાર જ્ઞાનતંત્રનું તાણ છે. વાગ્યાની જગ્યાએ પણ તે થઈ આવે છે. કોણીના ટેકા, ઘૂંટણ, માથું, ધડનો નીચલો ને પાછલો ભાગ, અને નખ જેવા શરીરના કેટલાક ભાગો ઉપર તે ખાસ થઈ આવે છે. જોકે નાનાં ચાઠાં કે મોટાં ધાબાં રૂપે પણ તે શરીરના કોઈ પણ ભાગ પર થઈ આવે છે, અને એની ઓળખ માટે રૂપેરી ભીંગડાં સદા હાજર હોય છે.

કોલટારના દ્રાવણમાં સ્નાન પછી અલ્ટ્રા વાયોલેટ કિરણોનો શેક આપવાથી એક મહિનામાં આરામ થઈ જાય છે. બીજો ઉપાય ચામઠાં ઉપર ડિથ્રાનોલ કે સિગ્નોલિન પેસ્ટ લગાડવાનો છે.

રસોળી અને ખીલ

ચામડીમાં મેદસ્વી ગ્રંથિઓ આવેલી છે, જેમાંથી ચીકણો સ્રાવ ચામડી ઉપર આવવાથી ચામડી સ્નિગ્ધ અને મુલાયમ રહે છે. જ્યારે આ ગ્રંથિનું દ્વાર બંધ થાય છે ત્યારે રસોળી (cyst) થઈ આવે છે. માથામા રસોળીનું સ્થાન સામાન્ય છે.

યૌવનાવસ્થામાં જ્યારે ચહેરાની ખૂબસૂરતી માટે જુવાનિયાં મરી ફીટતાં હોય છે ત્યારે મોં ઉપર થતા ખીલ(acene)થી કોણ અકળાઈ ઊઠતું નહિ હોય? ખીલ તો થઇને મટી જાય છે, પણ પાછળ રહેતા એના ડાઘા કે ખાડા ચહેરાને બદસૂરત બનાવનારા છે.

યૌવનારંભે છોકરા-છોકરીઓનાં શરીરમાં અજાયબ ફેરફારો આણનારા આંતરસ્રાવી જાતીય ગ્રંથિઓના સ્રાવો (હૉર્મોન્સ) છે. આ સ્રાવોના કામચલાઉ વધારાની અસર નીચે મોં છાતી ને બરડાની ચામડીની મેદસ્વી ગ્રંથિના સ્રાવો વધી પડે છે. એ સ્રાવ સાથે પછી ચામડી ઉપરનો કચરો ભળવાથી ચામડીનાં છિદ્રો પુરાઇ જતાં, ચહેરા ઉપર કાળાં કે રાતાં ટપકાંનું દશ્ય ખડું થાય છે. આ ટપકાં નીચે ચીકાશ વધતી રહે છે. તે બહાર નીકળી નહિ શકવાથી વાળના મૂળની ગાંઠ ખીચોખીચ ભરાઇ જાય છે. આમાં ભરાઈ રહેલા ચામડી ઉપરના જીવાણુઓનો ચેપ લાગુ પડે છે. આથી ચહેરા ઉપર ખીલની ફોડકીઓ, ફોલ્લા કે ગઠ્ઠા ઊભા થાય છે. જે યુવાનમાં મેદસ્વી ગ્રંથિઓનું કામ વધારેપડતું હોય એને ખીલની ફોલ્લીઓ કે ગઠ્ઠા બહુ સતાવે છે.

ખીલથી પીડાનારે સૌ પ્રથમ ચહેરો ધોતાં શીખવાનું છે. ગરમ

પાણી વતી સાબુનું ફીણ બનાવી મોં ઉપર લગાડવું. પછી પાણી વતી તે બરાબર ધોઇ નાખી કોરા સાફ રૂમાલ વતી મોં લૂછવું. આવું દિવસમાં છ-સાત વાર કરવાથી ખીલ પોચા પડી વધારેપડતી ચીકાશ સુકાઇ જઇ ચામડીનાં છિદ્રો ખુલ્લાં થઇ જશે. ખીલને ખણવા કે ચૂંટવા તો નહિ જ. આ ટેવથી ખીલમાં ચેપ લાગતાં તે વીફરવાની દહેશત છે. ખીલ થયા હોય તે વખતે વધારેપડતી ચરબી, ઘી-તેલ, મીઠાઇ, મગફળી કે ચૉકલેટ ન ખાવાં. ટેરામાઇસિન મલમનો વપરાશ ફાયદો આપનાર છે. આ ઉપચાર કરવા છતાંય ખીલ ન મટે તો દાંત, ટૉન્સિલ કે સાયનસના ચેપનો ખયાલ કરવો અને આ માટે દાક્તરી સલાહ અનુસાર ઉપચાર કરવા.

ચામડીના રોગો ઘણી જાતના છે અને એમના મલમ પણ વિધવિધ છે. પણ કેટલાક રોગોની શરૂઆત એકસરખી રીતે થાય છે એટલે રોગ સમજ્યા વગર પરોપકારી માણસો પોતાને વાપરતાં વધેલા મલમની બક્ષિશ કરવા સાથે, એના વપરાશ માટે ભારપૂર્વક આગ્રહ પણ કરે છે. આથી બને છે એવું કે દાદરનો મલમ ખરજવા ઉપર લગાડતાં ચામડીનો સોજો ને વેદના વધી પડી 'કીડીનો વાઘ' થયાની સ્થિતિ ઊભી થાય છે.

બીજી પણ એક હકીકત છે. ચામડીના રોગો માટે પારો, ગંધક વગેરેના મલમો છે. કોક માણસોની ચામડી એવી આળી હોય છે કે તે આ તત્ત્વો સહન કરી શકતી નથી. તેથી આવો મલમ લગાડતાંવેંત જ ચામડીનો સોજો, તતડાટ, પાણીનો સ્રાવ ને વેદના ઘણાં વધી પડે છે. આ બન્ને બાબતોથી ફલિત થાય છે કે ચામડીના રોગોમાં પરોપકારી સજ્જનોની સલાહ અને ઊંટવૈદ્યોથી બચવું અને દાક્તરની સૂચના નીચે જ દવા કરવી. પોતાની વધેલી દવા બીજા કોઇને વાપરવા આપવી નહિ. દુ:ખ વહોરવા કરતાં સાવચેતી રાખવી વધારે સારી છે.

આપણે જોયું કે ચામડીના કેટલાક રોગો થવા માટે વિટામિનોની અછત મહત્ત્વનો ભાગ ભજવે છે. એ પણ જાણીતું છે કે વિટામિનોનું કાર્ય એકબીજા સાથે સંકળાએલું છે. એક વિટામિનની અછત આણનારી સ્થિતિને લીધે બીજાં વિટામિનોની અછત પણ ઊભી થાય છે. આર્થિક ભીડના કારણે દૂધ, માખણ, પનીર, ઈંડાં, મચ્છી અને તાજાં શાકભાજી વગેરે નહિ ખાવાથી વિટામિન 'એ'ની અછત ઊભી થાય છે, જેના લીધે રતાંધળાપણું, આંખનો સોજો ને ફૂલ, તેમજ ચામડીનું બરછટપણું આવે છે. વિટામિન 'બી' જૂથ તો ચામડીના આરોગ્ય માટે ખાસ જરૂરી છે. રિબોફ્લેવીનની અછતના લીધે મોઢાના ખૂણા આગળ ચીરા પડે છે તથા નાક કાન અને કપાળ ઉપર ચીકાશવાળી ફોલ્લીઓ થાય છે. આ વિટામિન મેળવવાનું મુખ્ય સાધન દૂધ અને છાશ છે. નિકોટિનીક ઍસિડ વિટામિનની અછતના લીધે ચામડીનો સોજો (dermatitis) થઈ આવે છે.

આપણા શરીરમાં મોટામાં મોટો અવયવ કોઇ હોય તો તે ચામડી છે, છતાં આપણે તેની પૂરતી કાળજી કે દરકાર રાખતા નથી. હા, વાળ આંખ ને દાંતની ચોખ્ખાઇ સાથે ચહેરાની ચામડીની જેટલી માવજત થઇ શકે છે તેટલીમાં આપણે સંતોષ માનીએ છીએ. પણ ચામડીનું પોતાનું આગવું જ જીવન અને કાર્યો છે. આપણી વૃત્તિના દરેક ફેરફાર ઝીલનાર દર્પણ રૂપ તે છે. ક્રોધ, ભય અને આનંદના ભાવો ચામડી ઉપર પ્રદર્શિત થાય છે. આ જ રીતે આરોગ્ય અને માંદગી પણ ત્યાં જ પ્રદર્શિત થાય છે. ચામડીના રોગીઓ મોટા ભાગની માનસિક અને સામાજિક મુશ્કેલીઓ જ વ્યક્ત કરતા હોવાનું હવે સ્પષ્ટ થયું છે. કોઢ, રક્તપિત્ત અને સિફિલિસનાં ચાંદાં, વિકૃતિ ખોડ અને બદસૂરતી આણનારાં તો છે, પણ આ રોગો થવાના કારણરૂપ સમાજમાં પ્રચલિત માન્યતાઓથી રોગી વધારે પરેશાની ભોગવે છે.

મન અને શરીરનો ગાઢ સંબંધ જાણીતો છે. મનના ઘર્ષણને લીધે ઘણા પ્રકારના ચામડીના સોજા ઊભળી આવે છે. એ તો હવે ચોક્કસ છે કે ચામડીના રોગો ચામડી પૂરતા જ નથી હોતા, પણ એનાં મૂળ શરીરમાં ઊંડાં હોય છે. આથી અંગ્રેજીમાં લાક્ષણિક રીતે કહેવાયું છે કે Skin-diseases are more than skin-deep. માનશો? બાળકને થએલા ખરજવા માટે વધારેપડતી ચિંતા કરનાર માતા એ ખરજવાને વહોરનાર નીવડે છે! વળી લગ્નમાં જાતીય જીવનનો બગાડો કે પરિણીત જીવનની મુશ્કેલીઓ સ્ત્રીઓમાં ચામડીના રોગો રૂપે છતાં થાય છે. ઘરસંસાર દુ:ખી હોય ત્યારે દવાઓ કરતાં વડીલની સલાહ ને સાંત્વના રોગમાં વધારે આરામદાયક નીવડે છે.

ચામડીની આપણે અછડતી જ સંભાળ રાખીએ છીએ, છતાંય તે અસાધારણ સંજોગોમાં પણ આપમેળે પોતાની દરકાર રાખ્યા કરે છે. સાધારણ ચોખ્ખાઈ, મનની શાંતિ, સારો ખોરાક અને આરોગ્યભર્યું વાતાવરણ ચામડીનું આરોગ્ય જાળવવા પૂરતાં છે.

ચામડીના રોગો માટે બે બાબતો ધ્યાનમાં રાખવાની છે: આપમેળે રોગ પારખી ઊંટવૈદું કરવા ના બેસવું; આમ કરવા જતાં 'કીડીનો વાઘ' થવાની પૂરી શક્યતા રહેલી છે. અને બીજું એ, કે દવા કરવામાં ઢીલ રાખવાથી સાદો રોગ અસાધ્ય જેવો બની જવા સંભવ છે.

પાટિયાં વાંચનારા



નાની નંદિનીએ હઠ લીધી કે આજે પોતે જ મહેમાનોને ચા બનાવીને પીરસશે. માએ આનાકાનીએ હા તો પાડી; પણ ચા આવતાં જે વાર લાગી તેથી તે બહુ ચિડાઈ. મહેમાનો ગયા પછી માએ ઢીલનું કારણ પૂછતાં નંદિનીએ કહ્યું, 'મને કેમે કરી ગળણી જ ન જડી, બા.'

'તો પછી તેં આવી સરસ ગાળી'તી કેવી રીતે?' માએ પૂછ્યું.

'રસોડામાં પેલી માખીઓ મારવાની જાળી હતી ને? તેનાથી!'

યોગ: એક જીવનકળા

લેખક: દેવેન્દ્ર પુ. મજમુદાર

[જૂન અંકમાં શ્રી રમણલાલ એન્જિનીઅરે મારા 'વ્યવહારુ યોગ'ની ચર્ચા કરતાં એમ જણાવ્યું હતું કે યોગ વિષે લેખકો સ્વાનુભવની સાથોસાથ જુદીજુદી વૈદકીય પદ્ધતિઓ સાથે એમની પદ્ધતિ કેટલો મેળ સાધે છે તે જણાવે એ પણ જરૂરી છે. એ પ્રસ્તાવને અનુલક્ષીને, હું રોજિંદા જીવનમાં જેનું નિરીક્ષણ કરી અપનાવતો આવ્યો છું તથા હું માનું છું તે મેં આ લેખમાં વાચકો આગળ રજૂ કર્યું છે.]

જીવન જીવવાની યે એક કલા છે: થોડો પણ સર્વાંગી વિકાસ સાધીને, આદર્શને અંશતઃ પણ સિદ્ધ કરીને, બાકીના પરિચિત જગત સાથે બને તેટલો સુમેળ સાધીને અંતે પાર થવું તે નાનીસૂની બાબત નથી. તેથી જ ગીતાનો યોગ—અથવા ઈશ્વરાર્પણ બુદ્ધિથી અનાસક્તપણે સતત કર્તવ્યકર્મ કર્યે રાખવું તે એક જીવનકલા છે. ગાંધીજી જેવી વિભૂતિઓએ તે સિદ્ધ કરેલી છે. પ્રત્યેક વ્યક્તિએ તેમ કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ.

શરીર સાથે મનને પણ સ્વસ્થ કરનાર હઠયોગ(યોગાસનો વગેરે) દ્વારા રાજયોગ પણ સધાય છે; અર્થાત્ જ્ઞાનયુક્ત ચિન્તન, ધ્યાન આદિથી આત્મજ્યોતિનું શરીરમાં જ રહેલી પરમાત્મજ્યોતિ સાથે મિલન થવાની સ્થિતિ ધીમેધીમે આવતી જાય છે, ને તે સ્થિતિના બળ ઉપર ગીતાનો કર્મયોગ સિદ્ધ થતાં જીવનકલા પણ સિદ્ધ થાય છે. એટલે, હઠયોગ એ સ્વયંસંપૂર્ણ ક્રિયા નથી, પણ ઉચ્ચતમ યોગનો તે એક તબક્કો છે. માટે જ હઠયોગના સુજ્ઞ પુરસ્કર્તાએ પણ પોતાના ગ્રંથમાં જણાવ્યું છે કે **केवलं राजयोगाय हठयोगो निगद्यते।** (ફક્ત રાજયોગના સાધન તરીકે હઠયોગનું નિરૂપણ કરવામાં આવે છે.)

પણ 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવત મુજબ શરીરસ્વાસ્થ્ય સારુ હઠયોગની, અથવા રોજિંદા યૌગિક વ્યાયામની પ્રક્રિયાને લગતી કાળજીભરી વિચારણા થવી જોઇએ. હઠયોગના વ્યાયામથી શરીરની પ્રકૃતિને વિકૃતિરહિત નિર્મળ બનાવીને તેનું એવું નૈસર્ગિકરીતે ઊર્ધ્વગમન કરાવવાનું હોય છે કે તે પ્રકૃતિ આત્માના પરમાત્મા સાથેના મિલનમાં સહાયક બને. નિસર્ગના નિયમોનો તેથી જેટલે અંશે ભંગ થાય તેટલે અંશે—કે તેથી વધારે—યૌગિક વ્યાયામ ઓછો ફળદાયી સમજવો. આથી, સ્વાભાવિકરીતે જ યૌગિક વ્યાયામ દરમિયાન આહાર, વિહાર, રહેણીકરણી અને ઔષધોપચાર પણ બને તેટલાં નૈસર્ગિક જ જોઇએ. તળ્યા-તાવ્યા, મશાલેદાર ને અકુદરતી ખોરાક તથા જલદ ઔષધો સામાન્ય નિસર્ગોપચારની પણ વિરુદ્ધનાં છે, તો પછી નિસર્ગોપચારથી યે કૈંક અધિક ને વિશિષ્ટ યોગપદ્ધતિમાં તો તે 'અપથ્ય'જ છે.

એ તો હવે પ્રસિદ્ધ છે કે ઍલોપથીના વિજ્ઞાને ખૂબ જ પ્રગતિ કરીને માનવહિત સાધ્યું છે; પણ તેનો ઉપયોગ વિવેકપુરઃસર નથી થતો. તેની વધતી જતી કૃત્રિમતાથી, તેનું સામાન્ય વૈદું પણ ઈન્જેક્શનો, સલ્ફાડ્રગ્ઝ, ઍન્ટિબાયોટિક્સ, વિવિધ પેટંટો વગેરેથી ભરપૂર બની ગયું છે. નબળા બળદને ઘોકો મારી ચલાવવા જેવું કામ, બલ્કે સારા બળદને ડચકારાને બદલે ઘોકા મારી ચલાવવા જેવું કામ આ ઔષધો દ્વારા શરીર પાસે, સંજોગોનો વિવેક રાખ્યા વગર, પરાણે અને સપાટે કરાવવામાં આવે છે. પરિણામે શરીરયંત્રના બગાડાથી થએલી વિક્રિયાનું વિષ દબાઈ જાય છે, ને તેથી બીજાં માર્મિક અંગો પણ સંક્ષુબ્ધ થાય છે. એથી શરીરનું ટકાઉપણું ઘટ્યાથી બીજા ગંભીર રોગો ઉપસ્થિત પણ થાય છે.

પેનિસિલિનના સંશોધક સ્વ. સર એ. ફ્લેમિન્ગ હિન્દ આવેલા ત્યારે તેના જેવાં ઔષધોના વિવેકહીન ઉપયોગ સામે ચેતવણી આપી હતી. ટેરામાઇસિન અને તેના જેવાં બીજાં વધારે નિર્વિષ કહેવાતાં 'ડ્રગ' પણ હજી સાવ નિર્વિષ ન કરાયાં હોવા વિષે તેમના શોધકો પોતે જ કહે છે. તેથી વાતવાતમાં તેનો ઉપયોગ એ તરવારથી દૂધી સમારવા જેવો હાસ્યજનક છે, એટલું જ નહિ પણ ખતરનાક પણ છે; કારણકે એ તરવારનો છરકો ધોરી નસ ઉપર લાગી ગયો તો?

સામાન્ય વ્યવહારમાં જો આમ છે, તો યૌગિક વ્યાયામ દરમ્યાન તો આવાં જટિલ, ને જલદ ઍલોપથીનાં દ્રવ્યો ન જ લેવાં જોઇએ; તેમ તેવાં સાદાં રાસાયણિક દ્રવ્યો લેવાં પણ બહુ હિતાવહ નથી. આયુર્વેદનાં ઔષધો બહુધા વનસ્પતિનાં હોવાથી, અને તેમાં ખાનપાન રહેણીકરણી આદિને પણ પોતાની પદ્ધતિમાં અંતર્ગત કરી લીધાં હોવાથી તેના સેવનથી યૌગિક વ્યાયામની અસર નિષ્ફળ થતી નથી. (જોકે તેની પણ 'માત્રાઓ', 'રસો' વગેરે તો કૃત્રિમ અને તેથી વર્જ્ય જ છે.) આથી, યૌગિક વ્યાયામ દરમિયાન પ્રસંગ પડે તો નછૂટકે, અને નિસર્ગોપચાર કારગત ન થાય તો જ, પ્રથમ આયુર્વેદીય ઔષધોનું સેવન ચાલે. પણ જીવન સાથે સંબંધ ધરાવતો આ વિષય યૌગિક વ્યાયામ, નિસર્ગોપચાર ઇત્યાદિ સંબંધમાં જરા વધારે વિચારણા માગી લે છે.

યૌગિક વ્યાયામી માંદો ન પડે એવું તો નથી જ. પણ યોગ્ય ખોરાક, ઋતુ પ્રમાણેનાં ફળ-શાક આદિનું સેવન, ચાવીને ખાવું, દાંત વગેરે સાફ રાખવાં, આદિ નિસર્ગોપચાર સાથે જેમજેમ યૌગિક વ્યાયામ થયા જશે, તેમતેમ શરીરની કાર્યક્ષમતા વધતી જશે. એકલા નિસર્ગોપચારની મદદથી પણ, લોહીમાં જંતુઓનો નાશ કરવા જેટલી પ્રોફિલૅક્ટિક (રોગનિવારક) અસર પેદા થતી જશે. ઈન્જેક્શનો, જે અસર જલદી પેદા કરીને પછી ક્ષુદ્ર નદીના ચોમાસુ પૂરની પેઠે ઓસરાવી નાખે છે, તે જ અસર નિસર્ગોપચારના શાકફળના (તેમ પ્રસંગાનુસાર વનસ્પતિ ઔષધના) રસો, રક્તપ્રવાહમાં દીર્ઘજીવી બનાવે છે, અને સાથે યૌગિક વ્યાયામની અત્યંત હિતાવહ અસર પણ થયા જ કરે છે.

આટલું છતાં માંદગી આવે પણ છે. માંદગી ત્રણ પ્રકારની ગણી શકાય: સાદી, મધ્યમ અને વિષમ. સાદીમાં, સળેખમ-શરદી, થોડો તાવ, ઝાડા, માથું દુખવું વગેરે હરતાંફરતાં સહેવાય છે. યૌગિક વ્યાયામીએ તેનો અનુક્રમે, અલ્પાહાર, સુદર્શન, ઈન્દ્રજવ કે દહીંઇસપગુલ, હળવો જુલાબ, ઉપવાસ આદિથી નિકાલ લાવવો હિતાવહ છે. એને માટે એનેસીન, પેલ્યુડ્રિન, ઇમેટિન આદિનું અનુક્રમે સેવન કરવું એ જો સામાન્ય માનવી માટે મૂર્ખતા છે, તો યૌગિક વ્યાયામી માટે તે ઘેલછા છે; કારણ, તેનાથી તેણે યૌગિક વ્યાયામથી બાંધેલી ઇમારત હચમચી જઈ કદીક લાંબે ગાળે ખંડિત પણ થઈ જાય છે.

યૌગિક વ્યાયામને લીધે માર્મિક ગ્રંથિઓ—ગ્લૅન્ડઝ—થી યે વધારે ગહન ચૈતન્યસ્રોતમાંથી શક્તિપ્રવાહ નીકળી આખા દેહમાં ફરી વળે છે. (પ્રધાનગ્રંથિ—માસ્ટર ગ્લૅંડ પિચ્યુટરીથી પણ ઊંડી, તેની પાસે વળી બીજી એક ગ્રંથિ છે એવું હમણાં જ શોધાયું છે; તો વળી ઉપર્યુક્ત ચૈતન્યસ્રોત તો એ સૌથી પણ ગહન છે.) એ શક્તિપ્રવાહને બહારથી અંદર વહી આવનાર ઍલોપથીનાં જલદ ઔષધોનો અસરપ્રવાહ નાકામયાબ બનાવે છે. આયુર્વેદનાં વનસ્પતિ-ઔષધોનો અસરપ્રવાહ જોકે સાવ કુદરતી નથી, તોયે તે ઉપર્યુક્ત યોગશક્તિપ્રવાહ સાથે મેળ વગરનો પુરવાર નથી થયો. (ફરીથી કહીએ કે માત્રાઓ, રસો વગેરે

યોગાસનો : ૮ : કુક્કુટાસન

આ આસન થાય ત્યારે સવારના સ્ફૂર્તિથી ભરેલા કૂકડા જેવો શરીરનો દેખાવ થાય છે માટે એને કુક્કુટાસન કહે છે. કુક્કુટ એટલે કૂકડો.



બંને પગ લાંબા કરીને સ્થિર બેસો. હવે જમણો પગ વાળી એને ડાબા સાથળ ઉપર અને ડાબો પગ વાળી એને જમણા સાથળ ઉપર મૂકો. પછી બંને પગની પાનીઓ જ્યાં લગભગ ભેગી થાય ત્યાં ડાબો હાથ ચત્તો રાખી તેના ઉપર જમણો હાથ ચત્તો કરીને મૂકો એટલે આસનની એક ભૂમિકા પૂરી થશે. હવે ડાબા હાથને ડાબી જાંઘ અને પિંડીની વચમાં અને જમણા હાથને જમણી જાંઘ ને તે પગની પિંડીની વચમાં છેક કોણી સુધી જવા દો. બંને હાથનાં આંગળાં જમીન ઉપર પહોળાં કરીને ગોઠવો.

હવે શ્વાસ બની શકે તેટલો રોકીને આખા દેહને બંને પંજા ઉપર ઊંચકો એટલે કુક્કુટાસન થશે. આ આસનને શરૂઆતમાં ૧૦-૧૫ સેકન્ડ રાખવું અને એકથી બે વાર કરવું. આ આસનથી શરીરમાં સ્ફૂર્તિ વધે છે તથા ભૂખ સારી રીતે લાગે છે. જેનામાં હૃદયની નબળાઈ હોય તેમણે આ આસન કરવું નહિ. —દામુભાઈ શુક્લ

તો લગભગ ઍલોપથિક ઔષધોની જેમ યૌગિક વ્યાયામીને પથ્ય નથી.)

બીજી, સાદી માંદગીમાંથી વિકસતી ને નોકરી ધંધામાંથી રજા લેવી પડે એવી, મધ્યમ માંદગી પણ સાદા આયુર્વેદીય અને સાદા ઍલોપથીના ઉપચારોથી, ખાનપાનના નિયમો ઉપવાસ આદિની મદદથી નિવારી શકાય. આમાં ધ્યાનમાં એ રાખવું જોઇએ કે કોઈ પણ પદ્ધતિનો ગમે તે સંજોગોમાં આશ્રય લેવો જ નહિ એવો જડ પૂર્વગ્રહ તો રખાય જ નહિ. માત્ર ઍલોપથીનો ઉપયોગ જે ગેરડહાપણભર્યો થાય છે તે ન થવો જોઇએ. તેની વૈજ્ઞાનિકતા અને તેણે બહોળું હિત કરવાની અત્યાર સુધી જે કાર્યક્ષમતા બતાવી છે તે ભુલાવું ન જોઇએ. માત્ર તેનો ઉપયોગ કરવાનો પ્રસંગ જોવો જોઇએ.

ત્રીજા પ્રકારની વિષમ માંદગી જેવી કે ડબલ ન્યૂમોનિયા, ટાઈફૉઈડ, ટી.બી., હૃદ્રોગ, યકૃત્ ગુરદા આદિની સંકીર્ણ ગૂંચ, ચેપી રોગો ઇત્યાદિનો પ્રસંગ આવી પડે તો યૌગિક વ્યાયામીએ પણ ઍલોપથીનો લાભ લેવો જોઈએ ને સંપૂર્ણ આરામ બાદ તે પદ્ધતિથી થએલું નુકસાન યૌગિક વ્યાયામથી ભરપાઈ કરી લેવું જોઇએ. જોકે એ વ્યાયામથી શરીરસ્વાસ્થ્ય સ્થિર થયાને લીધે વિષમ માંદગી ક્વચિત જ આવે છે; પણ જ્યારે આવે ત્યારે પરિસ્થિતિ પ્રમાણે કામ લેવું જોઇએ.

ઉપરાંત, શરીરના રોગ બે જાતના હોય છે: ફન્કશનલ=શરીરયંત્રની ચાલુ ક્રિયાના સામાન્ય બગાડાથી થએલા, અને ઑર્ગૅનિક=હૃદય, ફેફસાં, મસ્તક, યકૃત્, ગુરદા વગેરે માર્મિક અંગો કસોજ થયાથી થએલા. પહેલો પ્રકાર નિસર્ગોપચાર, આયુર્વેદ, હોમિયોપથી આદિથી મટે. તેને માટે દવાખાનાની જાળમાં અટવાવામાં સાવધાની રાખવી. સૌ ધંધાદારીઓ–કડિયા, સુતાર, વેપારીઓ, ફેરિયાઓ, નિષ્ણાતો, ટ્યુશન કરતા માસ્તરો, તેમ દાક્તરો પણ કમાણી માટે કુનેહભર્યા ઉપાયો કરે જ. પણ આપણે આરોગ્યના સામાન્ય જ્ઞાન અને સાદી સમજથી સાવધાન રહી આપણું પોતાનું હિત તે તે ધંધાર્થીઓના જેવી જ વિચક્ષણતાથી સાધવું જોઇએ. ઑર્ગૅનિક દરદોમાં તો સૌએ નિષ્ણાત, ઉત્તમ કોટિના કન્સલ્ટન્ટ (મહાચિકિત્સક) પાસે નિદાન કરાવી, પીડાને ઊગતી જ ડામવી જોઇએ. યૌગિક વ્યાયામીએ એ દરદો દરમિયાન વ્યાયામ બંધ જ રાખવો જોઇએ. બાકી ફંકશનલ દરદોમાં તો, વાતવાતમાં 'ચાલ્યા દવાખાને' જેવી પ્રવૃત્તિ કરવી ઠીક નથી.

ટૂંકમાં, યૌગિક વ્યાયામીએ વિચક્ષણતાથી પરિસ્થિતિ તપાસી તે મુજબ પ્રસંગાનુસાર હિતકારક ઉપાયો કામે લગાડીને તે દરમિયાન જરૂર મુજબના વ્યાયામ અને નૈસર્ગિક જીવનપદ્ધતિ દ્વારા, આરોગ્ય સાચવવું જોઇએ. મૅકફૅડન, ડૉ. કેલૉગ વગેરેના પ્રચારથી અમેરિકામાં નિસર્ગોપચારની પહેલ થઈ અને દેશપરદેશમાં પણ તેનો સ્વીકાર થયો. એ પદ્ધતિ પણ સારી છે, પણ તે યૌગિક વ્યાયામની સરસ 'પૂરક' બની શકે; 'વિકલ્પ' તરીકે તે એકલી મોળી પડે; કારણ, યૌગિક વ્યાયામથી તો ઘણી વધારે અસરકારક રીતે આરોગ્ય-સુધારણા થવા ઉપરાંત આંતર-મનની શક્તિઓ જાગૃત થાય છે. ખાસ કરીને કુંડલિની પાસે રહેલી જ્ઞાન–ચૈતન્ય–ક્રિયાશક્તિ જાગૃત કરનારી ચિત્રા નાડી તેનાથી પ્રદીપ્ત થતી હોવાથી તનમનની સમતુલા પ્રાપ્ત થાય છે, નિસર્ગદત્ત શક્તિઓનો વિકાસ થાય છે, ક્રોધ, ઇન્દ્રિયોના આવેશ આદિ શમે છે; આત્મગૌરવ વધવા સાથે ઈન્ફીરિયૉરિટી કૉમ્પ્લૅક્સ–લાઘવગ્રંથિ, ખોટો ગર્વ, મિથ્યા વાણી, જ્ઞાનતંતુની નિર્બળતાનો સૂચક લપલપાટ આદિ ક્રમશઃ ઓછાં થાય છે.

આમ, હઠયોગનો પદ્ધતિપુરઃસરનો વ્યાયામ રાજયોગને માટે માણસને કાર્યક્ષમ બનાવી તેને ઉચ્ચ સ્તરનું શાન્તિમય જીવન જીવતાં શીખવે છે. ઉપરાંત કવિત્વ, સંગીત કે કલાની સહજ શક્તિ પણ યોગારૂઢ થએલા માનસમાં ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. સામાન્ય યૌગિક વ્યાયામ કરનાર પ્રખર સંગીતકાર યેહુદી મેનુહિને જાતઅનુભવથી તે વાતની ખાતરી કરી, પોતાને યોગ શીખવનાર ભારતીય ગુરુ શ્રી રાવને સર્ટિફિકેટ આપ્યું હતું કે 'મારા ગુરુએ શીખવેલા યોગથી મારી વાયોલિન વગાડવાની શક્તિ ઓર વધી ગઈ.'

યોગ એક જીવન-કલા છે. તેમાં **ऋतंभरा तस्य प्रज्ञा**નું યોગસૂત્ર (યોગીની 'પ્રજ્ઞા' સત્યના અગમ્ય પ્રદેશો આંબી શકે છે) ચરિતાર્થ બનેલું નજરે પડે પણ છે. તેથી જ યૌગિક પદ્ધતિનો વ્યાયામ પ્રગતિશીલ સ્થિતિમાં જીવનકલા સિદ્ધ કરાવશે. આ યુગ જ કર્મનો છે. કાર્લાઈલની ઉક્તિ છે કે, The whole world is an infinite conjugation of the verb 'to do' (જગત આખું 'કર્મ કરવું' એવા ક્રિયાપદના અખૂટ ધાતુ રૂપ જ છે.) અને યોગ જેનો ભવ્ય વારસો છે તે ભારતવર્ષ તો અનાસક્તિ, ગૌરવ અને સંપૂર્ણતાથી કર્મો કરવાની કુશળતાનો સંદેશ, દુનિયાના આત્યંતિક હિત માટે આપે છે કે **योग: कर्मसु कौशलम्**। કર્મો કરવાની (ઉપર્યુક્ત) કુશળતા તે જ યોગ.

મુંબાઇ રાજ્યની કૉલેજોમાં ભણતી બહેનો માટે નિબંધહરીફાઈ

ભાગ લેવા ઇચ્છનાર બહેને 'ભારતીય સ્ત્રીઓના જીવનવિકાસમાં ગાંધીજીનો ફાળો' એ વિષય પર પોતાનો નિબંધ ફૂલસ્કૅપ કાગળની એક બાજુએ ઓછામાં ઓછાં કુલ ૧૦૦ પૃષ્ઠોમાં લખીને સીલબંધ પરબીડિયામાં રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલવો. નિબંધ સાથે પોતાનું નામ-સરનામું ન લખતાં માત્ર સંજ્ઞા જ લખવી. પૂરું નામ-સરનામું અને કૉલેજના પ્રિન્સિપલનું પ્રમાણપત્ર જુદા પરબીડિયામાં મોકલવું. હરીફાઈમાં પ્રથમ આવનારને રૂા. ૨૫૦)નું ઇનામ આપશે. સરનામું: મૅનેજિંગ ટ્રસ્ટી, વિઠ્ઠલદાસ ડી. ઠાકરશી ચૅરિટેબલ ટ્રસ્ટ, પર્ણકુટી, યરોડા હિલ, પૂના-૬.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'માંકડ–માકણ–મંકનો'

આપણે ત્યાં કેટલાક પ્રદેશમાં 'માંકડ' બોલાય છે, તો બીજે 'માંકણ'. 'માંકડ'નું મૂળ સંસ્કૃત 'મર્કટ'. 'મર્કટ'ના બે અર્થ છે: એક તો 'વાનર', અને એ અર્થમાં 'મર્કટ' ઉપરથી પ્રાકૃત 'મક્કડ'ને ગુજરાતી 'માંકડો' (લાલ મોંનો વાંદરો) થયા છે. 'મર્કટ'નો બીજો અર્થ 'કરોળિયો કે એવું જીવડું'. આ અર્થ હિંદી 'મકડી' (કરોળિયો) તથા આપણા 'માંકડ', 'માંકડી' (એક જીવડું), 'ખડમાંકડી' જેવા શબ્દોમાં જોઈ શકાય છે. અંગ્રેજી bug શબ્દ પણ માંકડ તેમજ એના જેવા નાના જીવડાના અર્થમાં વપરાય છે એ આ સાથે સરખાવી શકાય. લાક્ષણિક અર્થમાં વપરાતાં 'માંકડ' નાગરોની એક અટક ('ઘોડા' 'હાથી' 'મચ્છર' વગેરેની જેમ ટીખળમાં પ્રચલિત થએલી અટક) પણ બની ગઈ છે; ને ઘંટી વગેરેમાં વપરાતા લાકડાના ભાગને પણ 'માંકડી' કહે છે.

'માંકણ'નું મૂળ સંસ્કૃત 'મત્કુણ' અને પ્રાકૃત શબ્દ 'મંકુણ' છે. 'મત્કુણ'ના પણ બે અર્થ છે: એક 'માંકણ', ને બીજો 'દંતૂશળ વગરનો કે ઠીંગણો હાથી'. આ બીજા અર્થમાં પણ 'મત્કુણ' ગુજરાતીમાં જળવાઈ રહ્યો છે. 'મકનો' હાથી બાળવાર્તાનું માનીતું પાત્ર છે. આમાં 'મકનો' એટલે માતેલો તોફાની હાથી. એ 'મકનો'નું મૂળ 'મત્કુણ' છે; જોકે 'મકનો' શબ્દ આપણે ત્યાં હિંદીમાંથી આવ્યો છે. વળી 'મકનું'નો બીજો અર્થ 'ઠીંગણું ને ભરાવદાર માણસ' છે. એવા માણસને મશ્કરીમાં 'મત્કુણ' 'ઠીંગણો હાથી' કહીને બોલાવવાની મજા કોણ જતી કરે?

'માંકડ'ને હિંદીભાષીઓ 'ખટમલ' તરીકે ઓળખે છે. 'ખટમલ' એટલે 'ખટ્વામલ્લ', એ મલ્લનો જેને જેને અનુભવ થયો હશે તેઓ જરૂર સાક્ષી પૂરશે કે 'માંકડ'ને માટે 'ખટમલ'થી વધુ યોગ્ય નામ શોધવું મુશ્કેલ છે.

—હરિવલ્લભ ભાયાણી

મહત્ત્વનું · રસમય · સસ્તું

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત વિષે એમણે પોતે તેનો ઇતિહાસ લખ્યો છે. પણ એની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે તેમ તેનો 'વિગતવાર ઇતિહાસ આપવાનો' એ વખતે એમને 'અવકાશ, ઉત્સાહ કે ઇચ્છા ન હતાં'. માત્ર પાછળથી કોઇ 'નવરાશવાળા સાહિત્ય-વિલાસીના હાથથી એ વિગતવાર લખાય તો તેના કાર્યમાં મારો પ્રયત્ન સુકાનરૂપ થઇ પડે' એ જ આશય હતો. વળી એ પુસ્તક એમણે જેલવાસ દરમ્યાન લખેલું હોવાથી ત્યાં એમાંના પ્રસંગોની તારીખો તથા ક્રમ માટે એમની પાસે કોઈ આધાર ન હતો. છતાં આપણે સૌ જાણીએ છીએ કે ઇતિહાસ તેમજ આત્મકથાનકનાં સંયુક્ત મિશ્રણરૂપ એ પુસ્તક ગુજરાતી સાહિત્યનાં ઘણા મહત્ત્વનાં તેમજ રસમય પુસ્તકોમાંનું એક છે.

એમાં જણાવ્યા ઉપરાંતની એ લડત અંગેની લગભગ સંપૂર્ણ વિગતો મળી શકે એવાં સાધનો સાબરમતી આશ્રમના 'ગાંધીસ્મારક સંગ્રહાલય'માં સંઘરાયાં છે; અને એના નિયામક શ્રી ચંદુલાલ ભગુભાઇ દલાલ જેવા ચોક્કસ (એક વખતના નિષ્ણાત હિસાબ-અન્વેષક–ઑડિટર, તેથી ઝીણવટવાળા) અભ્યાસીએ હવે તેને પાંચ ભાગમાં રજૂ કરવાનો જે પ્રમાણશુદ્ધ ને પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે તે મૂળ કથાનકના ઉપર્યુક્ત મહત્ત્વ તથા રસમાં વધારો કરે છે. કેમકે ગાંધીજીના ઉપર્યુક્ત પ્રાસ્તાવિક શબ્દોના અનુસંધાનમાં એની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે કે 'હું કાંઇક નવરાશવાળો કહેવાઉં, પણ સાહિત્યવિલાસી નહિ; છતાં ગાંધીજી વિષેની પ્રત્યેક બીના બને તેટલી સંપૂર્ણ અને વિગતોવાળી આપવાની ઇચ્છા રાખતો એમનો ભક્ત હોવાથી જે માહિતી મળી તે કડીબંધ ગોઠવી રજૂ કરી છે.'

પાંચમા–છેલ્લા-ભાગમાં શ્રી છગનલાલ ગાંધીજીએ લખેલા આમુખમાં જણાવ્યું છે તેમ 'જુદાજુદા દેશોની લડાઈઓના ઈતિહાસ ઘણા લખાયા છે. તેમાં શૂરાતનથી થએલા માનવસંહારનું ચિત્ર છે. બીજું ચિત્ર એટલા જ શૂરાતન તથા દઢતાથી લડાએલી સત્યાગ્રહ-લડતનું છે. આમાં ધીરજથી ન્યાય મેળવવાની નમ્રતાનું દર્શન છે, પોતાની જાતને અર્પણ કરી સામા પક્ષનો હૃદયપલટો સાધવાનો નિશ્ચય છે, આ જ અહિંસાની પાવનકારી ગંગા વહેતી કરવાનો નિર્મળ માર્ગ છે. આ પવિત્ર તીર્થસલિલ શ્રી દલાલે પાંચ ભાગમાં–પંચપાત્રમાં ભરવાનો પ્રયત્ન કર્યો છે.' એક હજાર પાનાંમાં પથરાએલાં આવાં ઉપયોગી પુસ્તકોનું પાંચ જ રૂપિયા મૂલ્ય તેમની પૃષ્ઠસંખ્યાના પ્રમાણમાં ઘણું ઓછું ને સૌને પરવડે તેવું ગણાય. (ભાગ ૧–પૃ. ૧૬૬ : ૧૨ આના; ભાગ ૨–પૃ. ૧૮૦ : ૧૨ આના; ભાગ ૩–પૃ. ૨૫૨ : રૂ. ૧; ભાગ ૪–પૃ. ૨૦૮ : રૂ. ૧; ભાગ ૫–પૃ. ૨૪૪ : રૂ. ૧). પ્રાપ્તિસ્થાન ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ-૧. એ જ સંસ્થાએ આ પુસ્તકોની ભૂમિકારૂપે વાંચવા જેવી ૬ આનાની કિંમતે બહાર પાડેલી ૯૬ પાનાંની ચોપડી 'દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનું ગમન ને પુનર્ગમન' આના અનુસંધાનમાં વસાવી જ લેવી જોઈએ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ઉત્તરરામચરિત: 'उत्तररामचरिते तु भवभूतिर्विशिष्यते।' એ કવિ ભવભૂતિના એ વ સંસ્કૃત નાટકનો શ્રી ઉમાશંકર જોષીએ કરેલો પ્રસ્તુત અનુવાદ એ તેમનું ગુજરાતી અનુવાદ-સાહિત્યને ગણનાપાત્ર ને નક્કર પ્રદાન છે. શ્રી ઉમાશંકરની અનુવાદકલા વિષે પ્રો. જમુભાઇ જી. પંડ્યાએ યોગ્ય જ કહ્યું છે: 'મૂળને ઝીણવટથી અનુસરી પણ અનુવાદમાં આટલી સ્વભાવિકતા લાવવી એ નાની સિદ્ધિ નથી. કેટલાંક એમનાં ગુજરાતી રૂપાંતરો બહુ જ સ્વાભાવિક, વેગવાળાં અને હૃદ્ય થયાં છે'. અનુવાદની સાથે મૂળ સંસ્કૃત પણ આપવામાં આવ્યું છે તથા નીચે ટીકામાં કઠિન શ્લોકોનો ગદ્યમાં અર્થ આપ્યો છે. ઉપરાંત, 'ઉત્તરરામચરિત'ના આંતરદર્શન રૂપે શ્રી ઉમાશંકરનો અધ્યયનીય લેખ 'અમૃતા આત્મનીય કલા', તથા પરિશિષ્ટોમાં ભવભૂતિનું જીવન, 'ઉત્તરરામચરિત'ની સામગ્રી, ભવભૂતિ વિષેના ઉદ્‌ગારો, છંદ, કેટલાક અલંકારો, સંસ્કૃત નાટકની કેટલીક પરિભાષા પરનાં લખાણો વગેરે ગ્રંથની સમૃદ્ધિમાં વધારો કરે છે.

આ ગ્રંથ વિષે આચાર્ય ડોલરરાય માંકડ કહે છે: 'ભવભૂતિના અને ઉત્તરરામચરિતના આખા પ્રશ્ન ઉપર તમે અભિનવ દૃષ્ટિ લાવી શક્યા છો. રસનિર્ણય, एको रसः, ભવભૂતિની પ્રેમભાવના, રાજધર્મ વિ. પ્રેમધર્મ આદિ મુદ્દાઓમાં જે નવું જ કહેવાનું છે એ નવાની ખાતર નથી, સમગ્ર પ્રશ્નના વિમર્શથી નીપજતા પરિણામરૂપે જ છે. ભવભૂતિની પ્રેમની ભાવના મૃત્યુથી પર જાય છે એટલે અમૃત છે, છતાં આત્માના અંશ રૂપ છે તે પણ બહુ સુંદરરીતે કહ્યું છે. આખી ચર્ચા બને તેટલી વિસ્તૃત ને સર્વગ્રાહી બનાવી છે.' રૂ. ૫–૫૦

મણિલાલ નભુભાઈ–જીવનરંગ: આપણી સાક્ષરપેઢીના ધુરંધર વિદ્વાન, વિચારક ને લેખક, જેમની અક્ષરપ્રવૃત્તિની સાથે ધર્મ, ગૃહ, રાજ્ય, સમાજ, શિક્ષણ અને સાહિત્ય એમ જીવનનાં સર્વ ક્ષેત્રોને આવરી લેતી, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ દરમ્યાન પ્રવર્તેલી સંસ્કારપ્રવૃત્તિનો ઇતિહાસ સંકળાએલો છે, ને જેમનું કાર્ય સાહિત્ય તેમજ સંસ્કૃતિ એમ બંને

ક્ષેત્રોમાં સ્મરણીય છે એવા, શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનાં જીવન-સાહિત્ય-વિચારના અધિકારી અભ્યાસી શ્રી ધીરુભાઇ ઠાકરે લખેલા તેમના આ જીવનચરિત્રના આમુખમાં શ્રી અનંતરાય રાવળે યથાર્થ કહ્યું છે કે 'આપણને એક અધિકારી અભ્યાસીને હાથે, આપણા સાહિત્યના અક્ષરદેહે અમર એવા એક પંડિત ને સાહિત્યકારની પૂરી પ્રમાણભૂત, અને તેનો એકે જીવનખૂણો અંધારો રહી ન જાય એવી કડીબદ્ધ જીવનકથા મળે છે. ચરિત્રલેખકમાં અનિવાર્યરીતે આવશ્યક એવા બીજા બે ગુણો-સમભાવ અને તાટસ્થ્યની પણ સારી પ્રતીતિ તેઓ આપણને કરાવે છે.' રૂ. ૫-૨૫.

સાહિત્યવિવેક: 'તલસ્પર્શી અભ્યાસ, ઊંડી સહૃદયતા, સત્યપ્રિયતા, સમતોલપણું, સાચી ગુણદોષપરીક્ષા, કડવાશ વિનાનું મધુર સ્પષ્ટવક્તૃત્વ, પૂર્વગ્રહ કે પક્ષપાત વિનાનું વલણ, અશેષ નિરૂપણનો આગ્રહ છતાં મિતભાષિતા—આ વિવેચન-ગુણસંપત્તિએ કરીને આધુનિક પેઢીના વિવેચકોમાં માનભર્યું પહેલી હરોળનું સ્થાન મેળવનાર' શ્રી અનંતરાય રાવળનો, 'સાહિત્યવિહાર' અને 'ગંધાક્ષત' પછીનો ત્રીજો વિવેચનસંગ્રહ. કિંમત: ૪

અખેગીતા: ધર્મ ને સમાજના પાખંડી ને પ્રપંચી જગતને તાતાં તીર જેવી વાણીના ચાબખાથી ઢંઢોળી સચેત કરી મૂકનાર અખો, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો યથાર્થપણે સાચો અને સારો કવિ હોવા ઉપરાંત એવો જ વેદાન્તી પણ હતો. વેદાન્તશાસ્ત્ર પરની જ્ઞાનપ્રગલ્ભતા અને કવિત્વના ઉભય ગુણે 'અખેગીતા' એ તેનો શ્રેષ્ઠ ગ્રંથ છે. સરલતમ ઘરગથ્થુ બાનીમાં વેદાન્તનાં ગૂઢ રહસ્યોને જે સફળતાથી, રમતાંરમતાં ભાવકના ગળે તે ઉતરાવી શકે છે, એ તેની શક્તિને ગૌરવ બક્ષે છે. મૂળ પાઠ્ય ઉપરાંત આ પુસ્તિકામાં પીઢ વિદ્વાન સંપાદકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને વ્રજરાય દેસાઈએ આરંભમાં વાચકને 'અખામાં' દિશાસૂચક 'પ્રવેશ' કરાવ્યો છે, અને અઘરા લક્ષપાત્ર શબ્દો-પર્યાયોની 'પરિશિષ્ટ'માં ઓળખ આપી છે. રૂ. ૧-૫૦.

સુનીતા: સ્વમાની નારીના આત્મગૌરવની સુવાસની વાચકના મન પર કાયમની અસર મૂકી જતી, બંગાળના આજના અગ્રણી નવલનવેશ ડૉ. નરેશચન્દ્ર સેનગુપ્તની 'હારજીત' નવલકથાનો શ્રી રમણલાલ સોનીએ કરેલો અનુવાદ, ૨-૫૦; **મહાન વૈજ્ઞાનિકો ખંડ ૩**: આગલા બે ભાગોને અનુસંધાને, કિશોરો માટે, જગતના આધુનિક વૈજ્ઞાનિકોનો સર્વશ્રી સુરેશ મં. શેઠના અને નરસિંહ મૂ. શાહે કરાવેલો પરિચય, ૧-૨૫; **વિદ્યાર્થીઓની વાતો ભા. ૩**: વિદ્યાર્થીઓને જીવનઘડતરમાં ઉપયોગી થાય એવાં તત્ત્વોને વાર્તાસ્વરૂપ આપીને 'કુમાર'ના પરિચિત લેખક તથા કેળવણીકાર શ્રી દામુભાઈ શુક્લે આ પુસ્તિકામાં નિરૂપ્યાં છે, ૧-૨૫; **કાગળપત્રો**: જાણીતા બાળસાહિત્ય-લેખક શ્રી રમણલાલ ના. શાહે લખેલા, બાળકોને પત્રલેખનકલાની સમજણ આપતા નમૂનેદાર પત્રો, જરૂરી માર્ગદર્શન સાથે, ૦-૭૫; **ચાલો ગામડામાં**: ગામડાના જીવનનું બાળકોને માટે રુચિકર વર્ણન,-કરનાર: શ્રી સોમાભાઇ ભાવસાર, ૦-૫૦; **પહેલી ચોપડી** (શ્રી 'ધૂમકેતુ'ની પ્રૌઢશિક્ષણમાળા): પ્રૌઢોને વાંચતાલખતા કરવા માટેના સુયોજિત પાઠ ઉપરાંત જરૂરી જીવનબોધ આપતી ચોપડી, ૦-૩૭.

ત્રણ વિશિષ્ટ બાલપ્રકાશનો

'ક'ની કથા; પશુનો કક્કો; ગાંધીજીનાં ઉખાણાં: બાળસાહિત્યની દિશામાં આપણે ત્યાં સારા પ્રમાણમાં પ્રકાશન-પ્રયત્નો થઈ રહ્યા છે તે એક શુભ ચિહ્ન છે. પ્રથમ બે પુસ્તિકાઓમાં ચિત્રો દ્વારા બાળકોને કક્કાથી પરિચિત કરવાનો આ પ્રકાર તેનાં યોજનાપૂર્વકનાં વિષય અને ચિત્રરચનાને કારણે અભિનવ છે અને બાળકોમાં તે પ્રિય થઈ પડવાનો સંભવ છે. આ પૈકી પહેલી તથા ત્રીજી પુસ્તિકાઓને તો મુંબાઇ સરકારે ૧૯૫૭ના વર્ષના ગણનાપાત્ર ગુજરાતી બાલસાહિત્ય તરીકેના ઇનામને પાત્ર જાહેર કરી છે.

લેખક: શ્રી રમણલાલ સોની; ચિત્રકાર: શ્રી રવિશંકર પંડિત; પ્રકાશક: ચેતન પ્રકાશન વતી શ્રી ભોગીલાલ ગાંધી, અમદાવાદી પોળ, વડોદરા; કિંમત: અનુક્રમે ૦-૭૫; ૦-૭૫; ૦-૫૦

ભારતી સાહિત્ય સંઘ

આપણાં લોકનૃત્યો: આપણાં ભર્યાંભાદર્યાં લોકસાહિત્ય જેવા જ લોકનૃત્યના પ્રકારનો શ્રી જયમલ્લ પરમારે કરાવેલો પરિચય: સાંસ્કૃતિક રૂપરેખા તથા અનુષંગી લોકગીતો અને વાતાવરણના આલેખન સાથે, રૂ. ૧; **આપણાં હાલરડાં**: લોકસાહિત્યની આપણી સંપત્તિના વિશિષ્ટ પ્રકાર 'હાલરડાં'નું શ્રી રમેશ પાઠકે કરેલું સંપાદન, રૂ. ૧; **નૂતન ભારતનાં તીર્થધામો (ભાગ ૧થી ૫)**: વિદ્યાર્થીઓ, કિશોરો અને પ્રૌઢશિક્ષણ પામેલા વાચકો આગળ ધ્યેયલક્ષી, સુરુચિપ્રેરક વાચન રજૂ કરવાના હેતુપૂર્વક તૈયાર કરેલાં, શ્રી પીતાંબર પટેલ લિખિત પાંચ પુસ્તકો. સ્વાતંત્ર્ય મળ્યા પછી ભારતની થઈ રહેલી નવરચનાને પરિણામે 'નવાં તીરથ' જેવાં જે સ્થળો (અનુક્રમે બંધયોજનાઓ, રાષ્ટ્રીય કારખાનાં, સાંસ્કારિક ધામો, પ્રાચીન તીર્થધામો અને પ્રાંતોનાં પાટનગરોનાં) થયાં છે તેને નજરે નિહાળીને કરેલું વર્ણન, દરેકના રૂ. ૦-૬૦. **ભાંગ્યાનાં ભેરુ**: માનવમનના અગોચર ઊંડાણમાં પ્રવેશીને તેનાં સૂક્ષ્મ પડોનું દર્શન કરાવવામાં સફળ વાર્તાકાર શ્રી પન્નાલાલ પટેલની કીર્તિદા 'માનવીની ભવાઇ'ના અનુસંધાનમાં આગળ વધતી નવલકથા, શ્રી સુન્દરમની પ્રસ્તાવના સાથે, રૂ. ૬-૫૦; **અધૂરાં તપ**: કૌટુંબિક તેમજ સામાજિક જીવનના પ્રશ્નો અને લગ્ન, પ્રેમ, સહચાર જેવાં તત્ત્વોને નિરૂપતી, જાણીતા જુવાન વાર્તાકાર શ્રી ભૂપત વડોદરિયાની, સરળ પ્રવાહી શૈલીમાં લખાએલી બે લઘુનવલો, રૂ. ૪-૫૦; **આરતી અને અંગારા**: આઝાદી મળ્યા પછીની પ્રાંતીયવાદની કમનસીબ ઘટનાઓને આલેખતી, નવા નવલિકાકાર ને કવિ શ્રી ભગવતીકુમાર હ. શર્માની નવલકથા, રૂ. ૪-૫૦; **કોનો વિજય**: નવા નવલનવેશ શ્રી 'વિશ્વમિત્ર'-ની સ્વચ્છ-સુરેખ ફલક પર આલેખાએલી નવતર નવલકથા, રૂ. ૪-૫૦; **કલાવતી**: કૌતુકપ્રધાન શૈલીમાં લખાએલી શ્રી ડાહ્યાભાઇ પટેલની એ નામની લાંબી ને બીજી ચાર ટૂંકી વાર્તાઓ, ૩-૦૦; **પરણું તો એને જ**: જાણીતાં નાટ્યલેખિકા શ્રી રંભાબેન ગાંધીનાં સુવાચ્ય ને નાટ્યગુણસંપન્ન સાત એકાંકી નાટકો, લોકગીતો પર એક તથા લગ્નગીતો પર બે રોચક પરિચયલેખો સાથે, રૂ. ૩-૫૦; **સાગરવીર**: તા. ૨૦-૯-૧૫૧૯ના રોજ મૅગેલનની સરદારી નીચે ૨૫૯ આદમીઓએ આદરેલી ઐતિહાસિક દરિયાઇ સફર (કરપીણ દુ:ખો ભરેલી પૃથ્વીની સૌપ્રથમ પ્રદક્ષિણા)નું વિદ્યાર્થીઓને રોચક-પ્રેરક વર્ણન, સ્ટીફન ઝ્વિગ લિખિત મૂળ અંગ્રેજી પુસ્તિકા 'મૅગેલન' પરથી ગુજરાતીમાં ઉતારનાર: શ્રી ઇશ્વરભાઇ પટેલ, રૂ. ૦-૫૦; **શીગાશીગી**: ગાનવભક્ષી આદિવાસી ટોળીની શોધમાં જર્મન સાહસિક લિયો પાર્કે બ્રાઝિલનાં વિષુવવૃત્તીય જંગલોમાં આરંભેલી સફરની પરાક્રમગાથા રજૂ કરતા, ફ્રીઅસ્ટ્રોસે લખેલા મૂળ પુસ્તકનું વસ્તુ, કુમાર-કિશોરો માટે સરળ ગુજરાતીમાં સંક્ષિપ્તરૂપે, અનુવાદક: શ્રી ઈશ્વરભાઇ પટેલ, રૂ. ૧-૨૫.

કુમાર કાર્યાલયનું નવું પ્રકાશન

ભારતીય કલાકલાપ

ભાગ ૧-૨-૩ દરેકના રૂ. ૨. પોસ્ટેજ જુદું

જાવાસુમાત્રાની લલિત કલાઓ

વિવિધ નૃત્યો
સંગીત-વાદ્યો

છાયાનાટિકા
કઠપૂતળીઓ

અગસ્ત્યને...
લેખન · ફોટોકલા

...પગલે પગલે
નવનીત પારેખ



ઇંડોનેશિયાની શિલ્પકલામાં વારંવાર નિરૂપાતું પ્રતીક : કીર્તિમુખ કે કાળમુખ

જોગ્જાકર્તાના કલાભવન 'સોનો બુડય'ના પ્રવેશદ્વાર ઉપરના શિલ્પમાંની તકતી

ઇંડોનેશિયાનાં વિશાળ દ્વીપ-સમૂહમાં પ્રત્યેક દ્વીપની પોતાની મૌલિક નૃત્યપ્રણાલિકા તેમજ પ્રથા છે. જાવા, બાલી અને સુમાત્રા જેવા દ્વીપોમાં તો વળી દરેકની અનેક પ્રણાલિકાઓ છે. બાલીની નૃત્ય-શૈલીઓની ચર્ચા તો આપણે તે દ્વીપ ઉપર લાંગરીશું ત્યારે કરીશું. અહીં તો જાવા તેમજ સુમાત્રાની શૈલીનો જ પરિચય કરીએ.

નૃત્યાલય પર શ્રી સેદ્દીઓનો મારી સાથે જ આવ્યા હતા. સુવર્ણ-દ્વીપ—સુમાત્રાની નૃત્યપ્રણાલિકાનો પરિચય આપતાં તેમણે જણાવ્યું કે ત્યાંનું શ્રેષ્ઠ શાસ્ત્રીય નૃત્ય 'ગેન્ડિગ શ્રીવિજય' કહેવાય છે. શૈલેન્દ્ર રાજાઓના સામ્રાજ્યકાળમાં આ શૈલી ત્યાં વિકસી તે અદ્યાપિ પર્યંત તેની પ્રણાલિકા ચાલી આવી છે. ઘણાંખરાં ઈંડોનેશિયન નૃત્યોની જેમ આમાં પણ નૃત્યાંગના મસ્તકે પૂંઠાનો બનાવેલો સોનેરી મુકુટ તેમજ રંગબેરંગી પુષ્પો ધારણ કરે છે. તેના તન ઉપર નૃત્યને અનુકૂળ સારોંગ ઉપરાંત કેડે પિત્તળનો ચળકતો કમરબંધ તથા હાથ ઉપર કંકણ તેમજ કેયૂર (બાજુબંધ) શોભે છે. પરંતુ તેનાં આભૂષણોની વિશેષતા તો તેના હાથની આંગળીઓ ઉપર પહેરેલા લાંબા, કૃત્રિમ નખ છે. ગેન્ડિગ–શ્રીવિજયની નૃત્યાંગના પોતાના મનોભાવ મુખ્યત્વે હસ્ત-મુદ્રાઓ દ્વારા જ વ્યક્ત કરતી હોવાથી આ લાંબા નખવાળી તેની કરાંગુલિઓ તેના અભિનયમાં ઘણી સહાયરૂપ નીવડે છે. આ નૃત્યશૈલી હવે તો દક્ષિણ સુમાત્રામાં પાલેમ્બાંગ નગરની પાસે જ જોવા મળે છે.

મધ્ય–સુમાત્રામાં વસતા મેનાંગ–કબાઉ લોકોમાં 'તરી-લિલિન' નામનું નૃત્ય લોકપ્રિય છે. તેમાં સ્ત્રીઓ તેમજ પુરુષો બંને ભાગ લે છે. તેની નૃત્યાંગનાઓને માથે બે અણીદાર શીંગડાંઓ જેવો ટોપ પહેરાવ્યો હોય છે, જે આપણા મલબારના કથકલીની પ્રણાલિકામાંથી ઊતરી આવ્યો જણાય છે. આ નૃત્ય ભજવતી વેળા સંખ્યાબંધ રકાબીઓ ઉપયોગમાં લે છે. તેઓના દરેક હાથમાં એક એક રકાબી હોય છે જેની વચ્ચે એક એક સળગતી મીણબત્તી ગોઠવેલી હોય છે. ઘણી વાર નૃત્યકાર ભોંય ઉપર ગોઠવેલી ખાલી રકાબીઓમાં હળવે પગે ઊભો રહીને પણ નૃત્ય કરે છે. સામાન્યરીતે આ નૃત્યની પાર્શ્વભૂમિકામાં સુમાત્રાની એક દંતકથા રહેલી છે, જેમાં એક મહારાણીના ખોવાએલા મણિ માટે અનેક રાજદરબારીઓ શોધ ચલાવે છે. આ નૃત્યમાં સૂર પૂરવા માટે મૂળે તો વાંસળી તથા તાલ માટે ઢોલ વપરાતાં, પરંતુ ડચ શાસન આવ્યા પછી તેના વાદ્યવૃંદમાં યુરોપી વાદ્યો પણ ભળ્યાં છે. સુમાત્રાના ઉત્તરતમ પ્રદેશ આચીનનું સૌથી લોકપ્રિય નૃત્ય 'સેડા-ટીહ' નામે છે, જે શાસ્ત્રીય પ્રકારનું નથી પરંતુ એક લોક-નૃત્ય છે.

જાવામાં તો નૃત્ય-નાટ્ય દ્વારા મનોરંજન કરવાના એટલા શાસ્ત્રીય પ્રકારો છે કે જેટલી વિવિધતા કદાચ આપણે ત્યાં યે નહિ હોય. શાસ્ત્રીય નૃત્યો, લોકનૃત્યો, સંગીત તથા વાદ્યવૃંદના જલસા ઉપરાંત કઠ-પૂતળીના શાસ્ત્રીય ખેલ તેમજ છાયાનાટકો એ જાવાની મોટી વિશેષતા છે.

શાસ્ત્રીય નૃત્યોમાં શ્રેષ્ઠ પ્રકાર 'વયાંગ-વૉંગ'નો છે. આ નૃત્ય-નાટિકાના પડદાઓ (સેટિંગ્સ), વેશભૂષા, અલંકારો, વાદ્યવૃંદ, અભિનય તેમજ નર્તન, સર્વ ઉત્તમ કોટિનાં છે અને ઊંચી અભિરુચિ દર્શાવે છે. એના કથાપ્રસંગો તો બધા રામાયણ તથા મહાભારતમાંથી જ લીધેલા હોય છે. કટિબંધની ઉષ્ણ આબોહવામાં ઊછરેલા જાવી લોકો સ્વભાવે શાન્ત, સ્વસ્થ તથા ઘણા ભાવમય હોય છે. તેઓ ઉતાવળા કે અધીરા નથી હોતા અને તેમનો જીવનપ્રવાહ ને દિનચર્યા પશ્ચિમની સરખામણીમાં મંદ ગતિએ ચાલતાં જણાય છે. આથી તેમનાં શાસ્ત્રીય નૃત્યોમાં પણ આ સુધૈર્ય સ્પષ્ટ તરી આવે છે. વયાંગવૉંગની નૃત્ય નાટિકા ઘણીવાર બે કે ત્રણ દિવસ સુધી ચાલ્યા કરે છે ને તેના પ્રેક્ષકો કોઈ અદમ્ય ધીરજ તથા ઉત્સાહથી ઉષાના આગમનથી તે મોડી રાત સુધી તેના કથાપ્રસંગના અર્થગાંભીર્ય તથા કલાકારોની નિપુણ અભિવ્યક્તિમાં ગરકાવ થઇ રહે છે.

મધ્ય જાવામાં, ડાંગરનાં લીલાંછમ ખેતરોથી છલકાતા ડુંગરાઓ વચ્ચે આવેલા કોઈક શાન્ત ગામડામાં, પૂર્ણિમાની રાત્રિએ જ્યારે નાળિયેરીનાં વૃક્ષોના છત્ર વચ્ચે થઇને પૂર્ણચન્દ્ર નીચે ડોકિયું કરતો હોય ત્યારે, ગામના ચોરા પાસે ઊભા કરેલા નાટ્યમંચ ઉપર ભજવાતા અર્જુન-વિવાહ કે લંકા-દહનના પ્રસંગને ટોળે વળીને, ઊંચી ડોકે, એકરસ થઇને જોતા ગામલોકોનું દૃશ્ય જરાયે અસામાન્ય નથી. તેથી જ જાવી લોકોનો શ્રેષ્ઠ વીર, ઉત્તમ નરરત્ન તે અર્જુન છે અને અદ્ભુત, અલૌકિક પરાક્રમ કરનાર દેવ તે હનુમાન છે.

પરંતુ પૂર્વ એશિયાના બીજા દેશોની જેમ જાવામાં પણ રામાયણ-મહાભારતની પુરાણકથાઓ આપણા વ્યાસ–વાલ્મીકિના પુરાણોની અક્ષરશઃ નકલ નથી. તેમાં અદ્ભુત રસ તથા વીર રસ પ્રધાનપણે છે. આથી તેને અનુરૂપ કથાપ્રસંગોમાં અતિશયોક્તિ આવી છે અને ઘણા નવા પ્રસંગો તથા આખ્યાયિકાઓ તેમાં ઉમેરાયાં છે.

જાવાનું બીજું શાસ્ત્રીય નૃત્ય તે 'સેરીમ્પી' નૃત્ય. તે રાત્રે, યોગ્યકર્તાના નાટ્યભવનમાં સુરકર્તાથી આમંત્રિત નૃત્યાંગનાઓએ પ્રથમ તે કરી બતાવ્યું. ચારુતા અને લાલિત્યમાં આ નૃત્ય વયાંગ–વૉંગથી ઊતરે તેમ નથી. પરંતુ તેમાં કેવળ ચાર જ નૃત્યાંગનાઓએ ભાગ



વયાંગ-વૉંગની
એક નૃત્યાંગના

લીધો હતો. બાટીકનાં વસ્ત્રો ઉપરાંત તેમણે કેડ ઉપર એક લાંબો રંગીન કમરબંધ બાંધ્યો હતો, જેના બે છેડાઓ બે બાજુએ ત્રણ-ચાર ફૂટ છુટ્ટા રહેતા હતા. પોતાના બંને હાથમાં આ છેડાઓ પકડીને નૃત્યાંગનાઓ અવારનવાર હાથ લંબાવીને તેમને ઝોક આપતી હતી. જાવી નૃત્ય-અભિનયની આ એક વિશેષતા છે. સેદ્રીઓનોએ સમજાવ્યું કે નૃત્ય કરતી વેળાએ પણ કેડે બાંધેલા સારોંગનો નીચેનો જરા સરખો છેડોયે ઊંચો કરવો તે જાવામાં અશિષ્ટ ગણાય છે. લજ્જા અને મર્યાદા માટે એશિયાની સ્ત્રીઓ આટલી ચીવટ રાખે છે તેથી જ શું કહેવત પડી હશે કે 'નારીની બુદ્ધિ પાનીએ'?

પાછળથી સુરકર્તાના નૃત્યકારોએ 'વયાંગ-ઓરાંગ'નું નૃત્ય પણ કરી બતાવ્યું. આછા લીલા રંગના પોષાકમાં અને ગૂંચળું વળેલા નાગ જેવા તેમના કાળા કેશકલાપ ઉપર ગોઠવેલી તાજા ખીલેલા મોગરાની શ્વેત વેણીમાં આ લાવણ્યમયી નૃત્યાંગનાઓ ખૂબ શોભતી હતી. રંગમંચની બહાર એક બાજુ ઉપર, વાદ્યકારો માટે જુદો મંડપ હતો. સંગીતના સૂર તો મુખ્યત્વે આપણી 'ટોડી'ને જ મળતા હતા.

જાવા-સુમાત્રાની નૃત્ય-પ્રણાલિકાઓ તો દક્ષિણ-ભારતના ભારત-નાટયમ તથા કથકલી ઉપરથી ઊતરી આવેલી છે, પરંતુ ત્યાંના સંગીત ઉપર ભારતીય શૈલીની અસર ઓછી પડી હોય તેમ લાગે છે. નૃત્ય-કળામાં પણ અદ્‌ભુત-રસ તથા વીર-રસને અનુરૂપ વિવિધરંગી વેશભૂષા તથા ભવ્ય સેટિંગ્સ જરૂર વિકસ્યાં છે, પરંતુ ભરત નાટયમની નૃત્યાંગનાની મુખમુદ્રાના અભિનય દ્વારા વ્યક્ત થતા હૃદયના ઊંડા ભાવો પ્રત્યે અહીં દુર્લક્ષ સેવાયું છે. નૃત્યકારો પોતાના અંતરના ભાવો તથા કથાપ્રસંગ મુખ્યત્વે હસ્ત તથા અંગુલિઓની વિવિધ મુદ્રાઓ દ્વારા જ વ્યક્ત કરે છે. જાવી નૃત્ય-શાસ્ત્રમાં ૬૪થી પણ વધારે મુદ્રાઓ પ્રચલિત છે જે દ્વારા કમળ, મયૂર, મીન, મૃગ, હસ્તી, નાગ, ભ્રમર, ધ્વજ, વૃક્ષ, ચંદ્ર વગેરે વ્યક્ત કરી શકાય છે. સન્માન સૂચવવા કર જોડીને 'અંજલિ' મુદ્રા પ્રસ્તુત કરાય છે. નૃત્યને અંતે મુખ્ય નૃત્યાંગના રંગમંચની ઉપર આગળ અધવચ્ચે આવીને છાતી પાસે હાથ જોડીને પછી તે અંજલિ ઊંચે પોતાના નાક સુધી લઈ ગઈ. સેદ્રીઓનોએ તેનું તાત્પર્ય સમજાવતાં જણાવ્યું કે હૃદયમાં સ્થિત પરબ્રહ્મની દિવ્યતાનો સાક્ષાત્કાર કરવા માટે યોગ અથવા નાસાગ્રે ધ્યાન ધરવું તે મુખ્ય સાધન છે.


જાવી નૃત્ય પ્રણાલિકા અનુસાર નૃત્યાંગનાએ હાવભાવ કરતી વેળા ખભાની સમાંતરથી ઊંચે હાથ લઇ જવા, અથવા તો પગને ઊંચા કરવા કે પછાડવા તે અસભ્ય અથવા નિર્લજ્જ ગણાય છે. તેથી જ જાવી નૃત્તિકા અત્યંત મૃદુ અને સૌમ્ય ઢબે મંદ ગતિએ નર્તન તથા અભિનય કરે છે. હાથપગ ઊંચાનીચા કરવાનો તથા ઘૂંટણે નૂપુર બાંધીને નૃત્ય કરવાનો પાઠ જાવામાં કેવળ વાનરો તથા દાનવોને અપાય છે! ભારતમાં નૂપુર વિનાનું નૃત્ય ભાગ્યે જ કલ્પી શકાય. સરખામણીમાં ભારતીય નૃત્ય-પ્રણાલિકાને સૂચક તથા સુવ્યક્ત (expressive) કહી શકાય, જ્યારે જાવી નૃત્યને ચિત્તાંકી (Impressive) ગણાવી શકાય. જાવી નૃત્ય ભાવપ્રધાન તથા સૂર-પ્રધાન છે; તેમાં તાલની અગત્ય ઘણી ઓછી છે.

શાસ્ત્રીય જાવી નૃત્યનો બીજો એક પ્રકાર 'બેડોય' કહેવાય છે. બેડોય પણ મૂળે રાજદરબારમાં કરવાનું નૃત્ય છે અને તેમાં સામાન્ય રીતે નવ નૃત્તિકાઓ ભાગ લે છે. પશ્ચિમ જાવામાં 'તરી-તોપેંગ' નામનું નૃત્ય ઘણું લોકપ્રિય છે, જેમાં નૃત્તિકા મોં પર મોરું (mask) પહેરીને નૃત્ય દ્વારા કથાપ્રસંગ રજૂ કરે છે.

નૃત્ય પૂરાં થયાં એટલે સેદ્રીઓનો સાથે હું વાદ્યકારોના મંડપ પર ગયો. તેમના વાદ્યાચાર્યે તેમના 'ગમેલન'(ઑરકેસ્ટ્રા)નાં બધાં વાદ્યો



વયાંગ-વૉંગનો
એક નૃત્યકાર




બહુ ઝીણવટથી સમજાવ્યાં. પ્રારંભમાં જ ગમેલન શબ્દની વ્યુત્પત્તિ વિષે ચર્ચા થઈ. વાદ્યકારોના 'સમ્મેલન' ઉપરથી ગમેલન શબ્દ ઊતરી આવ્યો હશે એમ અનુમાન કર્યું. ગમેલનનાં વાદ્યો ભારતીય વાદ્યોથી ઘણાં જુદાં પડે છે. તેમનું 'કેન્ડંગ' નામનું વાદ્ય આપણા 'પખાવજ' તથા મણિપુરના 'ખોલ'ને ઘણું મળતું આવે છે. વિવિધ કદનાં કેન્ડંગ જાવામાં વપરાય છે, પરંતુ તેનો વાદક એકસામટાં બે કેન્ડંગ વગાડે છે. મૃદંગ કે ખોલની જેમ તેને ગળે લટકાવીને કે ખોળામાં લઇને વગાડવાને બદલે આ બે કેન્ડંગ માટે વાદકની સન્મુખ લાકડાની બે નાની ઘોડી ગોઠવેલી હોય છે, જેના ઉપર કેન્ડંગ ગોઠવેલાં હોય છે. વાદકની નજીકનું કેન્ડંગ નાનું હોય છે જ્યારે તેથી આગળનું કેન્ડંગ મોટા કદનું હોય છે. દેખીતીરીતે જ આ બંને કેન્ડંગ જુદાજુદા સૂરમાં મેળવેલાં હોય છે તેથી રાગના સપ્તક પ્રમાણે આ વાદક તે બંને વગાડી શકે છે.

ગમેલનનું બીજું વાદ્ય તે ગૅન્ડર. એને તો કાષ્ઠ-તરંગ જ કહી શકાય. વાંસની આશરે બાર ઊભી, પોલી નળીઓ ઉપર લાકડાની તકતીઓ બાંધેલી હોય છે, જેના ઉપર વાદક પોતાના બંને હાથમાં પકડેલી એક એક લાકડીના ટકોરા મારીને તેમાંથી સૂર કાઢે છે. આ લાકડીને છેડે સુંવાળી ધારવાળું ગોળ પૈડું બાંધેલું હોય છે, જે સામટા સૂરો કાઢવા માટે સરળતાથી તકતીઓ પર ફેરવી શકાય છે. આ વાંસની નળીઓ પરની ગાંઠ ચડતી ઊતરતી હોવાથી તેમાંથી ચડતા-ઊતરતા સૂરો નીકળે છે.

ગમેલનનું બીજું એક વાદ્ય તે રેયૅંગ. લાકડાના કલાત્મક બાજઠ ઉપર બંધ મોઢાની મોટી તપેલી જેવો પિત્તળનો કુંભ ગોઠવ્યો હોય છે, અને તેની બાજુ ઉપરના બાજઠ પર સપાટ મોઢાની ગોળ, બંધ થાળી મૂકી હોય છે. આ બંનેનાં ઢાંકણાંની મધ્યમાં એક નાનું ગોળ ટોપચું ઉપસાવી કાઢેલું હોય છે, જેના ઉપર વાદક પોતાની દંડિકાનો ટકોરો મારતાં તેમાંથી ગંભીર રણકાર નીકળે છે. રેયૅંગ-વાદકની બાજુ પર જ એક લાકડાના આધાર-સ્તંભ ઉપર કાંસાની ઝાલર (ગૅાંગ) લટકાવીને તેનો વાદ્યકાર બેઠો હોય છે. તેની દંડિકાને છેડે મોટો ગોળ લાકડાનો દટ્ટો હોય છે જે વડે તે કાંસાની ઝાલરમાંથી ગંભીર નાદ કાઢે છે.

પરંતુ ગમેલનનું પ્રધાન વાદ્ય તો 'બોનંગ' છે. લાકડાના આઠેક ફૂટ લાંબા, નીચા બાજઠ પર બે હરોળમાં પિત્તળના સાતસાત કુંભ ગોઠવ્યા હોય છે. આમ બે સપ્તકના સૂરો તેનો વાદક સરળતાથી વગાડી શકે છે. રેયૅંગના કુંભના આકારના જ આ ચૌદ કુંભ હોય છે, પરંતુ રેયૅંગનો કુંભ એક જ હોય છે અને તે મોટા કદનો હોય છે. બંને વાદકોની દંડિકાઓ સરખી જ હોય છે અને તેને છેડે લૂગડાની પટ્ટી વીંટેલી હોય છે.

ગમેલનનું બીજું એક વાદ્ય તે 'રબાબ'. આ વાદ્યનો ઊગમ ઈરાન બાજુ થયો હોય અને ઈસ્લામના આવ્યા પછી તે જાવામાં પ્રચલિત બન્યું હોય તે સંભવિત છે. આપણે ત્યાં કાશ્મીર તથા વાયવ્ય સરહદના



જાવાનું વાદ્યવૃંદ (ઑરકેસ્ટ્રા) ગમેલન

ડાબી બાજુ મથાળે–'કેન્ડંગ': એકીસાથે વગાડાતાં નાનાં મોટાં બે પખાવજ–એ સર્વનું વિસ્તૃત વર્ણન આ લેખમાં આપ્યું છે.



ચારુતા અને લાલિત્યભર્યું જાવાનું નૃત્ય 'સેરિમ્પી'

પ્રદેશમાં રબાબ નામનું વાદ્ય પ્રચલિત છે, તેનાથી આ કાંઈક જુદું પડે છે. આપણી સારંગીના પ્રકારનું આ કહી શકાય. તેને બે તાર હોય છે અને તેના ઉપર મીંડ વાળા આલાપ તથા ગમકની તાનો સરળતાથી કાઢી શકાય છે. જાવી સંગીતના રાગોમાં બે મુખ્ય પ્રકાર છે: એક 'સંપૂર્ણ' અને બીજો 'ઓડવ'. સંપૂર્ણ રાગોમાં સૂર-સપ્તકના સાતે સૂર ઉપયોગમાં લેવાય છે, જ્યારે આપણા 'ભૂપાલી' કે 'દુર્ગા'ને મળતા તેમના 'ઓડવ' રાગોમાં કેવળ પાંચ સૂરો સિવાય બીજા વર્જિત છે.

ગમેલનના વાદકાચાર્યને ઘણા ધન્યવાદ આપી મોડી રાત્રે હું ગરુડ હોટેલ પર આવ્યો. બીજે દિવસે સવારે અમે યોગ્યકર્તાનું સંગ્રહાલય (મ્યૂઝિયમ) જોવા ગયા. સગ્રહાલયને અહીં 'સોનો-બુડય' કહે છે અને તેમાં ગણેશ, ગજ-લક્ષ્મી, બુદ્ધ તથા બોધિસત્ત્વોની અનેક સુંદર પ્રતિમાઓ ઉપરાંત પુરાણાં હથિયારો, ચિત્રો, વાદ્યો વગેરે અસંખ્ય કલાકૃતિઓ છે.

ત્રીજે દિવસે અમે સુરકર્તા જઈ આવ્યા તેની ટૂંક નોંધ પણ અહીં જ લઈ લઉં. બોરોબુદુરને લીધે યોગ્યકર્તા વધારે જાણીતું બન્યું છે, પરંતુ સુરકર્તા તેનાથી નાનું કે ઊતરતું નથી. જનસંખ્યામાં તેમજ સંગીત-નૃત્યની પ્રણાલિકાઓમાં તે કાંઈક અંશે ચડિયાતું છે. તેની કલા-નિપુણ નૃત્યાંગનાઓનાં ઉત્કૃષ્ટ નૃત્યો તો મને અનાયાસે જ યોગ્યકર્તામાં જોવા મળી ગયાં હતાં; પરંતુ સુરકર્તા હું ગયો ત્યારે ત્યાંનું વિખ્યાત નાટ્ય-ભવન 'શ્રીવેદારી' મને જોવા મળ્યું. સુરકર્તાનું તે શ્રેષ્ઠધામ છે અને ત્યાં અવારનવાર વયાંગ-વાઁગ, ઓરાંગ તેમજ સેરિમ્પી નૃત્યો ભજવાતાં હોય છે. આ શાસ્ત્રીય નૃત્યો તો જાવી લોકોનો પ્રાણવાયુ છે. તેના વિના જાણે ત્યાં જીવન જ ન સંભવે! જોગ્જાથી સુરકર્તા ૩૭ માઇલ દૂર છે. વહેલી સવારે રેલવેના ત્રીજા વર્ગમાં અમે ત્યાં જવા નીકળ્યા. ત્રીજા વર્ગના ડબ્બામાં પણ બેઠકો નેતરથી ભરેલી અને સુઘડ હતી ને હાથ ટેકવવા માટે ક્રોમિયમના હાથા પણ હતા. સવા કલાકમાં સુરકર્તા પહોંચી ગયા. આ નગરી સોલો નદી પર વસી હોવાથી તેને સોલો પણ કહે છે. અહીંનું શ્રીવેદારી નાટ્યભવન ઝીણવટથી જોયું. આસપાસ સારો બાગ છે, જેમાં વાઁગ ઓરાંગનો પાઠ ભજવતા બે નૃત્યકારોની એક સુંદર રંગીન પ્રતિમા પણ છે. સુરકર્તા ખરેખર સુર (દેવતાઓ)ની જ નગરી જણાય છે.

બપોર પછી યોગ્યકર્તા પાછા આવીને અમે જાવાની બીજી શાસ્ત્રીય નાટિકા વયાંગ-કુલિત જોવા ગયા. મારાથી રંગીન ફિલ્મ લઈ શકાય તે માટે જ ખાસ બપોરે આ ખેલ ગોઠવ્યો હતો. જાવાની છાયા-નાટિકા તરીકે એ જગપ્રસિદ્ધ છે. એમાં માનવ-પાત્રો પાઠ નથી ભજવતાં, પરંતુ દરેક પાત્રની લાક્ષણિક આકૃતિ ચામડાના ટુકડા ઉપર ઝીણવટથી કાપી કાઢી હોય છે. આ ચામડાની સપાટ આકૃતિને ટેકવવા માટે તેની નીચે એક લાંબો અણીદાર સોયો હોય છે. જાવી ભાષામાં 'કુલિત'-નો અર્થ ચામડું થાય છે અને તે ઉપરથી આ છાયા-નાટિકા વયાંગ-કુલિતને નામે ઓળખાય છે.

દેખીતીરીતે જ આ નાટિકા રાત્રે ભજવવામાં આવે છે. નાટ્ય-શાળાના પ્રાંગણમાં બારથી પંદર ફીટ લાંબો એક સફેદ લંબચોરસ પડદો ઊભો કરવામાં આવે છે. આ પડદાને ચારે બાજુએ લાલ કિનાર હોય છે. પડદાની આગળ, ભોંય ઉપર એક કેળના વૃક્ષનું થડ લાંબું ગોઠવ્યું હોય છે. વયાંગ-કુલિતના સૂત્રધાર 'દલાંગ' કહેવાય છે. તે પાત્રોની ચર્માકૃતિઓને પ્રસંગોપાત્ત પડદા સમક્ષ કેળના થડમાં ખોસે છે. દલાંગ-ના માથા ઉપર જ એક મોટો તૈલ-દીપ લટકાવ્યો હોય છે જેનો પ્રકાશ સામેના સફેદ પડદા પર પડે છે. પ્રેક્ષકો તો બધા પડદાની પેલી બાજુ પર બેઠા હોય છે અને તેઓ માત્ર પડદા આગળ ધરી રાખેલી પાત્રોની ચર્મ-આકૃતિઓના પડછાયા જોઈ શકે. આકૃતિને પડદાની પાસે અથવા સહેજ દૂર લઈ જવાથી દલાંગ પાત્રનો આકાર નાનોમોટો કરી શકે છે.

વયાંગ-કુલિતના બધા જ કથાપ્રસંગો રામાયણ તથા મહાભારત-માંથી લીધેલા હોય છે. અમે નાટ્યશાળા પર ગયા ત્યારે ત્યાંના દલાંગે અસંખ્ય પાત્રોની આકૃતિઓ પડદા સમક્ષ ગોઠવી આપી. આ આકૃતિઓ માનવ-શરીરના પ્રમાણસર જ નથી કાપી હોતી. તેની શાસ્ત્રીય પ્રણાલિકા પ્રમાણે તેનું મસ્તક કાંઈક મોટું ને બધાં ગાત્રો તથા અવયવો બહુ જ પાતળા તથા દૂબળા લાગે તેવા કાપેલા હોય છે. હાથના ખભા, કોણી તથા કાંડા આગળ સાંધા હોય છે, જ્યાંથી હલાવીને દલાંગ તેની ક્રિયાઓ તથા હલનચલન દર્શાવી શકે છે. બધી જ આકૃતિઓનાં નાક અણીદાર તથા લાંબાં બનાવેલાં હોય છે, ને દરેકને માથે લાંબો અણીદાર ગોળ વાળેલો કેશકલાપ હોય છે. નાટ્યમાં તો આ આકૃતિઓ ફક્ત છાયાચિત્ર પાડવા માટે જ વપરાતી હોય છે; છતાં અહીંના કલાપ્રેમી ચિત્રકારોએ તેને પણ સોનેરી, રૂપેરી તથા બીજા વિવિધ રંગે રંગી હોય છે અને તેના ઉપર અનેક આભૂષણો પણ ચીતર્યાં હોય છે.

આ બધી આકૃતિઓ એક જ ઢબની હતી. માત્ર ક્યાંક કેશકલાપ લાંબો કે પહોળો, અને નાકની દાંડી વધારે અણીદાર હશે, અથવા તો આભૂષણોમાં કાંઈક ફરક હશે; પરંતુ આટલા ઝીણા ફરક પરથી આટલાં બધાં પાત્રોને કેવી રીતે જુદાંજુદાં ઓળખી શકાય તે મારી કલ્પનાની બહાર હતું. મારી મૂંઝવણ પર હસતા, ત્યાં એકઠા મળેલા ત્રણચાર કિશોરો ઝપાટાબંધ એક પછી એક પાત્રોને ઓળખાવતા ગયા! 'આ યુધિષ્ઠિર, આ કુંતી, આ સહદેવ તથા નકુળ, આ પાંચાલી, આ પરાક્રમી ભીમ, અને આ તો વીર-શ્રેષ્ઠ અર્જુન! અને આ પાછળ ઊભા છે તે આખે શરીરે શ્યામ, કૃષ્ણ; અને આ સામે બિહામણો લાગે છે તે દુઃશાસન!' હું તો દિઙ્મૂઢ બનીને થંભી જ ગયો. શું આ મધ્ય-જાવાનો એક ગ્રામીણ

કિશોર બોલતો હતો કે વારાણસીમાં વેદાભ્યાસ કરતો કોઈ કુમાર કે ગુરુકુલ-કાંગડીમાં ભણતો કોઈ વિદ્યાર્થી? આજે ભારતમાં, આધુનિક શિક્ષણ મેળવી રહેલા કોઈ પણ એક સાધારણ કિશોરને મહાભારત તથા રામાયણનાં બધાં મુખ્ય પાત્રોનાં નામ બોલી જવાનું જો કહેવામાં આવે તો મને શંકા છે કે ભાગ્યે જ તે કિશોર પોતાને પુછાએલા સવાલનો સંતોષકારક જવાબ આપી શકે, એવી સ્થિતિ છે. ઉલ્લાસમાં આવી જઇને મેં તે કિશોરનું માથું વહાલથી હૈયા સરસું ચાંપ્યું. પાત્રોમાં ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા, કર્ણ, શકુનિ, દુર્યોધન, શિખંડી, અભિમન્યુ તથા ઘટોત્કચ પણ હતા જ.

છાયા-નાટિકા શરૂ કરતાં પહેલાં પ્રારંભમાં દલાંગ પડદાની મધ્યમાં કેળના થડમાં શંકુ-આકારની એક ચર્માકૃતિ ખોસે છે. આ મેરુ-પર્વતની આકૃતિ છે એમ મને સમજાવ્યું. મારી અભ્યાસવૃત્તિને સંતોષવા તથા ફિલ્મ લેવા માટે દલાંગે પંદર મિનિટ સુધી વિવિધ કથાપ્રસંગો ટૂંકમાં ભજવ્યા અને છેવટે ભીમ તથા દુઃશાસનનું યુદ્ધ પણ કરી બતાવ્યું. મારી અનહદ કૃતજ્ઞતા કાંઈક અંશે શબ્દોમાં વ્યક્ત કરી અમે પાછા ફર્યા. વયાંગ-કુલિતની છાયા-નાટિકા ચાલતી હોય છે ત્યારે આ દલાંગ મોટેથી કથાપ્રસંગને ગાઈ સંભળાવે છે અને તેમનો સાથ કરવા બાજુ ઉપર ગમેલનના વાદ્યકારો પણ બેઠા હોય છે. આપણે ત્યાં ગુજરાતમાં માણ-ભટ્ટ મહાભારતની કથા ગાઈ સંભળાવતા તેના જેવું આ હશે એમ કલ્પના કરી. આપણી શરમમાં જાણે વૃદ્ધિ કરવા આપણી એ પ્રણાલી પણ આજે તો લુપ્ત બની છે.

વયાંગ-કુલિતની છાયા-નાટિકા તો સમગ્ર જાવા તેમજ બાલીમાં પ્રચલિત છે, પરંતુ પશ્ચિમ જાવામાં 'વયાંગ-ગોલેક' નામનો કઠ-પૂતળીનો ખેલ બહુ લોકપ્રિય છે. તેમાં પણ સૂત્રધારને દલાંગ કહે છે અને તેના કથા-પ્રસંગો પણ બધા રામાયણ-મહાભારતમાંથી જ લીધેલા હોય છે. વયાંગ કુલિત એક છાયા-નાટિકા છે અને તેનાં પાત્રોની આકૃતિઓ બધી ચામડામાંથી કાપી કાઢેલી હોય છે, જ્યારે વયાંગ-ગોલેકનાં પાત્રો બધાં લાકડાની બનાવેલી, સુશોભિત વસ્ત્ર-પરિધાનવાળી કઠ-પૂતળીઓ હોય છે. અહીં પણ દલાંગ કથા-પ્રસંગને મોટેથી ગાઈ સંભળાવે છે. વયાંગ 'કુલિત' તેમજ 'ગોલેક' બનેના ખેલો ઘણી વાર સાયંકાળથી તે છેક અરુણોદય સુધી ચાલે છે! (ચાલુ)



જાવાની જગવિખ્યાત છાયાનાટિકા 'વયાંગ-કુલિત'માં વપરાતી ચામડાની અસંખ્ય આકૃતિઓમાંનો એક નમૂનો

નીચે ડાબી બાજુ: જાવાના 'વયાંગ-ગોલેક' કઠપૂતળીના ખેલનો સૂત્રધાર 'દલાંગ'. જમણી તરફ: શ્રીવેદારી નાટ્ય ભવનના ઉદ્યાનમાંની નૃત્યકારની મૂર્તિ





ફરક ફરક જયવંત ઝંડા

લેખક • 'સ્વર્ગસ્થ'

'આપણા લોકોની એક ટેવ મને નથી ગમતી.' એક મિત્રે આવીને મને કહ્યું.

'મને યે આપણા લોકોની એક ટેવ નથી ગમતી.' મેં સામે કહ્યું.

'કઈ ટેવ?' એમણે પૂછ્યું.

'તમે કહો, પછી હું કહીશ.' મેં કહ્યું.

અમે થોડી વાર 'તમે કહો'; 'ના, ના, તમે કહો'; 'મારા સમ, તમે કહો'; કર્યા કર્યું. છેવટે—એમણે શરૂઆત કરી.

'મને આપણા લોકોની બેદરકારીની ટેવ નથી ગમતી. કોઈ જ વસ્તુ પ્રત્યે આપણે ધ્યાન નથી આપતા; કોઈ જ વસ્તુને માન નથી આપતા. સિદ્ધાંત જેવું તો કાંઈ આપણામાં છે જ નહિ.'

'ખરી વાત, સિદ્ધાંત જેવું આપણામાં છે જ નહિ.'

'દાખલા તરીકે રાષ્ટ્રગીત લો!' 'બરાબર.'

'બસ, હાથ આવ્યું એટલે ફાવે ત્યાં ગાવા માંડયું. નેતાના ભાષણમાં કે સંગીતના જલસામાં, સંસારસુધારાની મીટિંગમાં કે રમતગમતના મેળાવડામાં, જાદુના ખેલમાં કે જ્ઞાતિમાં એસ. એસ. સી.માં પાસ થએલાઓને શેઠ શ્રી શાંતિલાલ કાંતિલાલના વરદ હસ્તે ઈનામ વહેંચવાના સમારંભમાં—બધે જ એ ગાવા માંડયું. કંઈ રાષ્ટ્રગીતના ગાંભીર્યનું ભાન જ નહિ!'

'ખરી વાત.' મેં કહ્યું.

'અથવા તો રાષ્ટ્રધ્વજ લો! માનશો? જાહેર સંસ્થાઓ કે સરકારી મકાનો પર ભલે હોય, ઑસ્પિટલો કે પુસ્તકાલયો પર પણ ભલે હોય; પણ આપણે તો હોટેલો ને પાનની દુકાનો પર પણ રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ!'

'હોય એ તો; લોકોને પ્રેમ છે તો એટલું કરે છે ને!' એમને મેં આશ્વાસન આપ્યું.

'અરે, પણ આવો પ્રેમ? પિકનિક પર ગયા હોય ત્યારે રાષ્ટ્રધ્વજથી ચ્હાનું તપેલું ઉતારતા ને એના એ રાષ્ટ્રધ્વજથી ચ્હા ગાળતા યુવાનોને મેં જોયા છે! અને એક ઑફિસમાં તો ગઈ પંદરમી ઑગસ્ટે ખરીદેલા ને હવે નકામા થએલા રાષ્ટ્રધ્વજથી હજી રોજ ફર્નિચર સાફ થાય છે!'

'એમ કે?'

'હા...; એટલે તો કહું છું કે આપણા લોકોની આ એક ટેવ મને જરાય નથી ગમતી હાં; પણ, તમે ય કાંઈક આપણા લોકોની અમુક ટેવ નથી ગમતી એમ કહેતા'તા ને? કઈ ટેવ એ?'

'આસ્તો! "આપણા લોકોની અમુક ટેવ મને નથી ગમતી, ને તમુક ટેવ મને નથી ગમતી," એવું કહ્યા કરવાની આપણા લોકોની ટેવ! એ જ મને નથી ગમતી!'

'વાહ! તમે તો કમાલ કરો છો! રાષ્ટ્રધ્વજનો ઉપયોગ આપણે ખોટી રીતે કરીએ છીએ એવું મેં કહ્યું એમાં ખોટું શું કહ્યું?'

'ઘણું!'

'એટલે, તમે એમ માનો છો, કે ઘણા રાષ્ટ્રધ્વજનો આમ ચ્હાની તપેલી ઉતારવામાં ઉપયોગ કરે એ વ્યાજબી છે?' એમણે આશ્ચર્યથી પૂછ્યું.

'હા.'

'ને ચા ગાળવામાં?' 'હા.'

'ને ફર્નિચર સાફ કરવામાં?' 'હા.'

'તમારું ખસી ગયું છે!' કહી એ જતા રહ્યા.

મારું નથી ખસી ગયું. હું ખરેખર રાષ્ટ્રધ્વજથી ચ્હાની તપેલી સગડી પરથી કે સ્ટવ પરથી કે ભઠ્ઠી પરથી ઉતારનારા બિરાદરો ઉપર ખુશ છું. પહેલાં નહોતો. પહેલાં મને લાગતું કે રાષ્ટ્રધ્વજનું માન જાળવવું હોય તો એનો આવો ઉપયોગ ન કરવો જોઇએ. પણ પછી તો મોટા થતાં મેં લોકોને આમ રાષ્ટ્રધ્વજથી સાફસૂફી કરતા, એની ઝોળી બનાવતા, એનો ટુવાલ તરીકે ઉપયોગ કરતા જોયા અને મને થયું, કે શી ખાતરી, કે હું જેને કૂતરું માનું છું એ બકરી નહિ હોય? શા માટે રાષ્ટ્રધ્વજના આવા બધા ઉપયોગો ગેરવ્યાજબી જ કહેવાવા જોઇએ? અને જેમજેમ સહાનુભૂતિપૂર્વક વિચાર કરતો ગયો તેમતેમ મને લાગવા માંડયું કે રાષ્ટ્રધ્વજથી ચ્હા-કૉફી ગાળનારા મિત્રો બેદરકાર માણસો નથી; એ જ ખરા રાષ્ટ્રભક્તો કે રાષ્ટ્રધ્વજ-ભક્તો છે.'

રાષ્ટ્રધ્વજ માનને લાયક છે એ ખરું; રાષ્ટ્રધ્વજ પવિત્ર છે એ પણ સાચું; આપણા ગૌરવનું એ પ્રતીક છે એ ય કબૂલ; પણ, એટલે એનો ઉપયોગ માત્ર મકાન પર ફરક ફરક ફરકાવવા સિવાય બીજો નથી જ, એમ માનવું એ વળી ક્યાંની વાત?

એમ તો સ્ત્રી પણ પવિત્ર જ ગણાય છે ને? **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।** એવું એક જણે કહ્યું પણ છે ને? પણ એટલે સ્ત્રીને આપણે સગડી પરથી ચ્હાની તપેલી ઉતારવા નથી દેતા શું? ઑફિસેથી ઘેર જઇને આપણામાંનું કોણ પત્નીને પાટલે બેસાડી, પલાંઠી વળાવીને અબીલ, ગુલાબ, ચંદન, કંકુ, ધૂપ, દીપ, નૈવેદ્ય ધરીને, નમસ્તુભ્યં નમસ્તુભ્યં કરતા કરતા, ઘંટડી વગાડતાં વગાડતાં, હાથમાંની આરતીને છટાથી ઉપર–નીચે, નીચે–ઉપર ઘુમાવવાનું કામ કરે છે? જો પૂજાર્હ એવી પત્નીની પાસે તમે રસોડાનું કામ કરાવો છો, માનાર્હ એવી માતા પાસે તમે કપડાં ધોવાનું કામ કરાવો છો, તો એવા જ પૂજાર્હ અને માનાર્હ એવા રાષ્ટ્રધ્વજને ફર્નિચર સાફ કરવાની તક આપવામાં શો વાંધો?

હકીકતમાં, ભાઇ, આપણા લોકોની પદ્ધતિ જ અદ્‌ભુત છે. વસ્તુ જેમ વધુ પવિત્ર, વધુ માનાર્હ, તેમ આપણે તેનો વધુ સામાન્ય ઉપયોગ કરીએ છીએ. બસમાં જોએલાં અજાણ્યાં બહેનને 'તમે' કહીએ છીએ, પણ માને તો 'તું' જ કહીએ છીએ ને? નાનપણમાં બાને 'બા–ડી' કહેનારા પણ આપણામાંના ઘણા હશે. તુંકારો એ તો પ્રેમની નિશાની છે.

અને મિલ્ટન તથા શેક્સપિયરને ય આપણે શું કહીએ છીએ? સામાન્ય નવનીતલાલ હોય તો એ ઑફિસે 'ગયો' નથી કહેતા, પણ નવનીતલાલ ઑફિસે 'ગયા' કહીએ છીએ; પણ 'મિલ્ટન' ઈંગ્લંડમાં 'થઈ ગયો' કહીએ છીએ 'થઇ ગયા' નથી કહેતા. શેક્સપિયર મહાન નાટયકાર 'હતો' કહીએ છીએ 'હતા' નથી કહેતા; જમાવટમાં પ્રેમાનંદ 'એક્કો' હતો કહીએ છીએ, 'એક્કા' હતા એમ નથી કહેતા.

વસ્તુ જેમ હૃદયની વધુ નજીક તેમ આપણે એની જોડે વધુ છૂટ લઇએ છીએ; અને એટલે જ તે ઘણા ભાઈઓ નવા નકોર ટુવાલને પારકો ગણી બાજુ પર મૂકી રાખે છે. અને રાષ્ટ્રધ્વજને સ્વજન ગણી એનો ટુવાલ તરીકે ઉપયોગ કરે છે.

શ્રેષ્ઠ માનનો અધિકારી તે જ તુંકારાને યોગ્ય છે; દૂરતમ છે તે જ નજીક છે. દાખલા તરીકે, મને કહો તો જરા, આ પૃથ્વી પર તમારી

નજીકમાં નજીક કયો ભાગ છે? ધરતીનું કયું બિન્દુ તમારી નજીકમાં નજીક છે? તમે ડાબા હાથથી તમારી તદ્દન બાજુની જમીનનો ભાગ બતાવીને કહેશો, કે 'આ'.

બરાબર છે. તમે ઊભા છો તેની તદ્દન જ પાસે એ બિંદુ છે. પૃથ્વીનો તમારાથી નજીકમાં નજીકનો એ ભાગ છે. પણ બીજી રીતે જુઓ તો એ જ દૂરમાંનો દૂરનો પ્રદેશ છે. જમણા હાથની દિશાએથી સીધા ને સીધા ચાલ્યા જાઓ તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરીને જ તમે તમારા ડાબા હાથ પાસેના એ સ્થળે પહોંચી શકશો. વર્તુલના પરિઘ પરનાં જોડેજોડેનાં બે બિંદુઓ એક બાજુથી જોતાં તદ્દન નજીક છે; પણ બીજી બાજુએથી જોતાં, બીજી દિશાએથી તેના તરફ પહોંચવા જતાં એ બે બિંદુઓ જ એકબીજાથી વધુમાં વધુ દૂર છે!


એ જ દૃષ્ટિ આપણે આપણા જીવનમાં ઉતારી છે. માતાની કે મિલ્ટનની વાત જવા દો; દેવો તો પૂજનીય ખરાને? એનો ઉપયોગ આપણે શો કરીએ છીએ? જેમ પુસ્તકનો ઉપયોગ આપણે વાંચવા ઉપરાંત ચહાના પ્યાલા મૂકવા માટે, દૂધ પી જતી બિલાડીને છૂટું મારી નસાડી દેવા માટે, ઓશીકા કે સ્ટૂલ તરીકે, બની શકે તો પંખો ખાવા ને નહિ તો વિદ્વત્તાનું પ્રદર્શન કરવા,–એવાં અનેક કાર્યો માટે કરીએ છીએ. તેમ દેવોનો પણ આપણે એમની પૂજા કરવા ઉપરાંત બીજાં અનેક કામો માટે ઉપયોગ કરીએ છીએ. ચા-ઘરનાં કે રેસ્ટોરાંનાં નામ પાડવા માટે આપણે દેવોનો જ કે રાષ્ટ્ર પુરુષોનો ઉપયોગ કરીએ છીએને? માણસનાં નામ પાડવા માટે દેવોનાં નામ વાપરીએ એ તો જાણે ઠીક, કારણ મનુષ્ય પણ દેવ જ છેને? પણ સવારના પહોરમાં ઘેરાએલી આંખે જ્યાં ચહા અને ફાફડાનો નાસ્તો કરતા બંધુઓ બેઠા હોય છે એ સ્થળને શંકર ભગવાન કે લક્ષ્મીજીના નિવાસ તરીકે ઓળખાવવાની વ્યવહારુ દૃષ્ટિ તો આપણી આગવી જ છે! 'જવાહરનગર' તો ઠીક, પણ 'જવાહર હેર કટિંગ સલૂન', 'વીર શિવાજી હેર કટિંગ સલૂન', 'ક્વીન વિક્ટોરિયા વૉશિંગ કંપની' એ બધાં નામો એક જ વાત દર્શાવે છે: જે સૌથી વધુ માનને લાયક છે તે જ તદ્દન સામાન્ય ઉપયોગને લાયક છે.

અને એવો જ મહાપુરુષોનો બીજો ઉપયોગ છે: કૅલેન્ડરમાં મઢીને એમને ભીંતે ઝુલાવવાનો! અને વર્ષ પૂરું થયે પાણી ગરમ કરવાના બંબામાં જઈ આપણને ઉષ્મા આપવાનો કે ઉનાળામાં પંખા તરીકે વપરાઈ આપણને શીતળતા આપવાનો. બુદ્ધ ભગવાને આધ્યાત્મિક રીતે ઘણાને શાંતિ આપી હશે; પણ ગયે વર્ષે ચહાના એક જાણીતા વેપારીએ એમને કૅલેન્ડર પર મૂક્યા પછી ઉનાળામાં પંખા તરીકે બુદ્ધ ભગવાને અસંખ્ય લોકોને શાંતિ આપેલી!

અરે એ તો ઠીક, પણ સમ ખાવા માટે ય ઘણા ભગવાનનો જ ઉપયોગ કરે છેને? 'ખા, ભગવાનના સમ', એ શબ્દો કોણે નથી સાંભળ્યા?

આમ, મહાન વસ્તુઓ જ પ્રેમથી સામાન્ય કામ માટે વપરાય છે, તો પછી રાષ્ટ્રધ્વજનો ઉપયોગ ચહાનું તપેલું ઉતારવામાં, ફર્નિચર પરથી ધૂળ ખંખેરવામાં કે બજારમાંથી કારેલાં બાંધી લાવવામાં કરનાર રાષ્ટ્રભક્ત નથી એમ કેમ માનવું? એમના જેવા મહાજનોનું સન્માન કેમ ન કરવું? એમને રાષ્ટ્રપ્રેમીનાં બિરુદ કેમ ન આપવાં, એમને રાષ્ટ્રપ્રેમીનું બિરુદ આપીને સરઘસમાં કેમ ન ફેરવવા?

અરે, પણ ભૂલ્યો. જેનો ઉપયોગ ગૌરવપૂર્વક શહેરના ઊંચામાં ઊંચા સ્થાને ફરકાવવા માટે થવો જોઈએ એવા રાષ્ટ્રધ્વજનું એ લોકો ફર્નિચરની ધૂળ ખંખેરવામાં ઉપયોગ કરીને સન્માન કરે છે તેમ, જેમનો ઉપયોગ રાષ્ટ્રભક્તનું બિરુદ આપીને સરઘસમાં ફેરવવામાં કરવો જોઇએ એવા એ મહાજનોનો ઉપયોગ આપણે પણ એમને ઝાટકી-ખંખેરીને જ એમનું સન્માન કરવામાં કરવો જોઇએ, એમ પણ કેમ ન કહેવાય?



કવિ વળ્ળત્તોળ : શ્રીમતી રામવર્મા સાથે

વળ્ળત્તોળ નારાયણ મેનન (અનુસંધાન પૃષ્ઠ ૨૯૮થી) તો તે કવિએ. અને તે ય ખાસ તો કથકલી નૃત્યની જન્મભૂમિ તરીકે.

મલયાળમ્ અને સંસ્કૃત સિવાય અન્ય ભાષાઓ કવિ શીખ્યા જ નહોતા. અંગ્રેજી તો મુદ્દલ જાણે નહિ. છતાં એમણે જગત શાંતિ પરિષદ માટે યુરોપ, રશિયા અને ચીનના પ્રવાસો કર્યા હતા. પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વક્તવ્યથી એ પરદેશીઓનાં મન હરી લેતા.

કવિ સ્વભાવે ઘણા આનંદી; અને વાતો દરમ્યાન તો એ રમૂજની છોળો ઊડાડતા. કાબુલ ખાતેના એલચીએ જ્યારે કવિ માટે સત્કાર-સમારંભ ગોઠવ્યો ત્યારે ત્યાંના લોકોએ ગીતો ગાયાં. એલચીએ પણ ગીત ગાએલું. ગીત પત્યા પછી કવિએ ઊઠીને એમને અભિનંદન આપ્યાં અને કહ્યું કે 'જોઇએ તો હું તમને પ્રમાણપત્ર તો આપું! પણ એ પ્રમાણપત્ર બદલ સૌ હસશે! જાણોછોને કે હું બહેરો મૂઓ છું?' પોતાને માથે તાલ પડી હતી ત્યાં હાથ ફેરવીને એ કહેતા: 'કથકલી કલાકારોનાં વસ્ત્રાભૂષણો આદિ સાધન સામગ્રીઓની પેટીઓ માથે ઊચકી ઊચકીને આ તાલ પડી છે! અને એટલું જ નહિ. મારાં પુસ્તકો વેચવાનો પણ મેં કીમિયો કરેલો! માથે પુસ્તકોનાં થોથાં મૂકી વેચતો. ઋગ્વેદનાં મારા મલયાળમ્ ભાષાંતરો એક વાર એક મિત્રને વેચવા ગયો હતો. પેલા મિત્ર કહે કે હું તો મલયાળમ્ વાંચતો નથી એટલે નહિ ખરીદું! મેં કહ્યું, 'હું બે ચીજોની તમને તકલીફ નહિ આપું! પુસ્તક ખરીદીને વાંચવાની ફરજ નથી પાડતો; ખરીદીને માત્ર પૈસા આપશો તો બસ છે!'

ફિલ્મ્સ ડિવિઝન તરફથી કથકલી નૃત્યનું દસ્તાવેજી ચિત્ર કરવા માટે સલાહકારોની સમિતિના વડા તરીકે તેમને નીયુક્ત કરવામાં આવ્યા ત્યારે કવિ છેલ્લા ૧૯૫૭ના ઑક્ટોબર-નવેમ્બરમાં મુંબાઇ આવ્યા હતા. આરંભથી માંડી સમગ્ર નૃત્ય પૂરું થાય અને અંતે 'ધનાશી' ગવાય (ભરતનાટ્ય નૃત્યમાં જેમ 'મંગલમ્' વડે કાર્યક્રમ પૂરો થાય છે તેવું) ત્યાં લગીનું સંપૂર્ણ, ને અત્યંત કુશળતાપૂર્વક કથકલીના વિવિધ અંગોનો પરિચય આપતું આ દસ્તાવેજી ચિત્ર ઉતારીને ફિલ્મ્સ ડિવિઝને ઘણું ઉપયોગી અને રચનાત્મક કાર્ય કર્યું છે. કલામણ્ડલમ્ના કલાકારો શ્રી કુંજુકુરૂપ, શ્રી કુંજુનાયર, અને અન્ય યુવાન કલાકારો કલામણ્ડલમ્ કૃષ્ણન્ નાયર, શ્રી રાઘવન, વાસુ વગેરેએ એમાં ભૂમિકા ભજવી છે. કવિ શૂટિંગ વખતે હાજર રહેતા અને સૂચનાઓ આપતા. (જુઓ ચિત્ર)

મુંબાઈથી કવિ પાછા કલામણ્ડલમ્-ચેરૂતુરૂત્તી ગામે ગયા. ત્યાં જઈ ૧૦મી જાન્યુઆરીએ વાર્ષિકોત્સવ ઉજવાયો. ૧૧મીએ ગવર્નર શ્રી રામકૃષ્ણરાવના હાથે કલામણ્ડલમ્ના નવા મકાનનો શીલારોપણ વિધિ પણ થયો. આપણા વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ સંગીતનાટક



કથકલીના 'કિરાત-અર્જુન' નૃત્યનાં પાત્રો

ડાબી બાજુ : કિરાત વેશમાં શંકર; વચ્ચે : પાર્વતી; જમણી બાજુ : અર્જુન; તેમાં ઉપર : અર્જુનના વેશપરિધાનનું બાજુનું દૃશ્ય.

કથકલીમાં ખાસ વિશેષતાભર્યું તો તેનું રૂપવિધાન છે. ચહેરા ઉપજાવવાની તેમની કળા અનોખી જ છે, અને તેમાં પણ પૂર્વપરંપરાથી કૌશલ ધરાવતો એક વર્ગ જ છે. પહેલાં એક કાનથી બીજા કાન સુધી બુકાની પેઠે ચોખાના લોટની ધાર બાંધી લઈ, વચ્ચેના ભાગમાં રંગો અને ચિતરામણથી પાત્રની જરૂરિયાત પ્રમાણે સ્વરૂપનિર્માણ કરાય છે. આ કળા સાધારણ મહોરાં બનાવવાથી વિશેષ છે. સ્ત્રીપાત્રો ઉપર તેનો બહુ પ્રયોગ નથી થતો, પણ પુરુષપાત્રો તો તમામ તે ધારણ કરે. (સ્કેચ : ર.મ.રા.)



ઉતરતી અવસ્થાએ

અકાદમીને જે રૂ. ૫૦,૦૦૦નું દાન કર્યું છે તેમાંથી કેરળા કલામણ્ડલમ્‌ને સારી એવી વાર્ષિક નાણાંકીય મદદ મળે છે, અને હવે આ સંસ્થાનું લલિતકલાઓની મહાશાળામાં રૂપાંતર કરવાની યોજના ઘડાય છે.

૧૯૫૮ની તા. ૧૩મી માર્ચે રાતે દસ વાગે કવિનું ૭૯ વર્ષની વયે નિધન થયું ત્યારે કેરળાના આ સૌના પ્રિય કવિ કૃતાર્થ જીવન જીવ્યાના સંતોષ સાથે નિર્વાણ પામ્યા. કથકલી નૃત્યક્ષેત્રની એમની સેવાઓનું મૂલ્યાંકન થઈ શકે એમ નથી. એ અદ્‌ભુત, વેગીલા, જોશીલા, પુરાણ-મહાભારત-રામાયણ ઇત્યાદિ ધર્મકથાઓના કથાખંડોને નૃત્યમાં વણી લેતા, ભભકાદાર વિવિધરંગી પોષાકોથી ઓપતા, ચંડવાદ્યના પ્રચંડ નાદથી ગાજતા, મુદ્રાઓના બાહુલ્યથી અદ્વિતિય સ્થાન ભોગવતા નૃત્યનો, ભારતને જ નહિ પણ જગતભરને કવિએ પરિચય કરાવ્યો હતો. કથકલી નૃત્યના પુનરુદ્ધારનું પીઠબળ કવિ જ હતા. કેરળા માત્ર જ નહિ પરંતુ સમસ્ત ભારત એ બદલ એમનું અત્યંત ઋણી છે. આ સિવાય કવિ સાહિત્ય અકાદમીની સલાહકાર સમિતિના સભ્ય હતા; અને ભારતીય ભાષાઓના ચૌદ પ્રતિનિધિઓમાં મલયાળમ્‌ ભાષાના પ્રતિનિધિ તરીકે પણ તેઓ જ હતા. એમના નિધનથી સમગ્ર મલયાળી સાહિત્યનો દિપ્તીમાન સૂર્ય આથમી ગયો.

(મલયાળમ ભાષાની કેટલીક સામગ્રી પરથી આ લેખ તૈયાર કરવામાં શ્રી કમલ જસાપરાએ કરેલી સહાયનો સાભાર ઋણ સ્વીકાર કરું છું.)

હૃદયરોગ (અનુસંધાન પૃષ્ઠ ૩૦૩થી ચાલુ)

નરભેરામ : પણ ને બણુ–તું તૈયાર થઈ જા. (વીણા ઊંડા વિચારમાં પડીને હાથમાં સાડી લઈ ધીમેધીમે અંદર જાય છે.)

નરભેરામ : (બહાર બેઠેબેઠે જ) હાશ! મને કેટલી ધરપત વળી! આ અમને બધાંયને એમ હતું કે કોણ જાણે કેવું ય આ છોકરો લઈ આયો હશે. પણ બચારા બાપનું કાળજું ઠરશે. (બબડતાં) શું આ જમાનાનાં છોકરાં પાકે છે! પેટના છોકરામાં યે આટલી બુદ્ધિ નહિ; ને પાછો મોટી લાગણીની વાતો કરે. (સૂર્યકાંત ને નલિનનો પ્રવેશ. નલિન દેખાવે સહેજ રૂપાળો, વીણાના ભાઈ તરીકે ખપે તેવો છે.)

નરભેરામ: આવો સૂરજદેવ.

સૂર્યકાન્ત: કેમ કાકા! કંઈ તકલીફ?

નરભેરામ: ના રે, અહીં વળી તકલીફ કેવી?

સૂર્યકાન્ત: આ વીણાબહેનના ભાઈ.

નલિન : નમસ્તે. હું જરા બહાર કામે ગયો હતો. એટલામાં વળી તાર આવ્યો.

સૂર્યકાન્ત : સારું થયું કે આપણે મળી ગયા.

નલિન : હા, નહિ તો પંચાત થાત. (સૂર્યકાન્ત સામું જોઈ હસી લે છે. સૂર્યકાન્ત તેની સામે આંખો કાઢી ચેતવે છે.)

નરભેરામ: પેલાં બૉને અંદર તૈયાર થવા જ ગ્યાં છે. મને એમ કે બે દા'ડા તમે રે'શોઅઈ.

નલિન: પણ શું થાય કાકા?

નરભેરામ: હાસ્તો. પ્રારબ્ધ આગળ ચાલે? પણ હવે આ તમારા ભઈબંધને કંઈ હમજાવો.

નલિન: શું કાકા?

નરભેરામ: કે કંઈ ગોઠવઈ જાય. આવો ક્યાં હુધી ફર્યા કરશે? આ જુઓને, અમારા જેવાનો તો અઈ આવતાં પગ જ ન ઊપડે.

નલિન; વાત તો સાચી છે કાકા; તો તમે જ ત્યાં ગામમાં કૈં ખોળી કાઢોને.

નરભેરામ: (મનમાં: છોકરો શું બનાવતો'તો!) ભઈ, તમે તમારે શ્હેરમાં જ કંઇ ગોઠવોને; પછી અમે એને ગામ લઈ જઈશું. અમારે ત્યાંનું તમને નઈ ચાલે, પણ અમારે તો તમે જે કરશો તે ચલાવવું પડશે.

નલિન: લે ભાઈ સૂર્યકાન્ત, તારા કાકા તો સુધારક જેવું બોલે છે.

નરભેરામ: ગળામાં ગાળિયો નાખો તો હે શુધારક થઈ જાય. ગમે છે થોડું કંઈ? (વીણા પ્રવેશે છે. જરા ઠીક થઈને તે આવી છે. સાસરે જઈ રહી છે તેનાં ચોક્કસ ચિહ્ન રૂપે સ્પષ્ટ ચાંલ્લો, ગળામાં ઘરેણું વગેરે ઉમેરાયાં છે.)

નલિન: ચાલો બહેન. (પેટી ઉઠાવે છે. નરભેરામ પણ પોટલું લઇને નીકળવા માંડે છે.)

સૂર્યકાન્ત: અરે! પણ કાકા તમે ક્યાં ચાલ્યા?

નરભેરામ: હું યે ત્યારે અહીં પડયો રહીને શું કરું? ઘરમાં વઉ ન હોય, પછી મે'માન પડયો રહીને શું કરે?... ચાલો બૉન, આપણી ગાડીનો ટેમ થઈ ગયો છે.

સૂર્યકાન્ત: (કંઈ સમજ ન પડતાં) પણ તમારી સાથે?

નરભેરામ: હા, મારી હાથે. આ હવે તારું નાટક નથી ચાલતું હોં ભઈ સૂરજ. હું બધું જાણી ગયો છું.

સૂર્યકાન્ત: (ચમકીને) એટલે? વીણાને, ક્યાં, આપણે ગામ લઈ જાઓ છો?

નરભેરામ: હા. ભઈ; વઉ તો હાહરેજ શોભેને? આ મશીદમાં એનો સમાસ ના થાય.

સૂર્ય૦: (બેબાકળો) વીણા, આ બધું શું છે?

વીણા: બાપુજી આપણા લગ્નની વાત જાણે છે, ને એમણે જ મને બોલાવી છે, એટલે મારે હવે કાકા સાથે જવું પડશે.

સૂર્યકાન્ત: હેં?! ઓ ભગવાન, મારું તો મગજ કામ નથી કરતું.

નરભેરામ: પેલાં યે કે દા'ડે કરતું'તું?

સૂર્ય૦: બાપુજી માની ગયા? તો પછી હું...

નરભેરામ: ના ભઈ; એ તારી જોડે નથી માન્યા. તારી જોડે માનશે ત્યારે આ કન્યા જોડે તારાં ફરી લગન થશે.

સૂર્યકાન્ત: એટલે?

વીણા: બાપુજી મને અહીં આવવાનું કહે નહિ ત્યાં સુધી મારે તો ત્યાં જ રહેવાનું...

સૂર્યકાન્ત: પણ વીણા તું...

વીણા: મારે જવું જ જોઈએ, સૂરજ. કાકા સમાચાર લાવ્યા છે કે એ પથારીવશ છે, ને મારા ન જવાથી એમને આઘાત લાગશે.

સૂરજ: (મૂંઝાઈ બંને તરફ જોતો) તો શું? હું અહીં એકલો?

નરભેરામ: હા ભઈ, એકલા થવાની લાયકાત કેળવવા ...

વીણા: સૂરજ, તમને ખરાબ લાગશે... તમે મને માફ નહિ કરો?... હું જરૂર પાછી આવીશ. પણ હમણાં તો મારે જવું જોઇએ એટલું તો સમજો છોને? ...

સૂરજ: (રડતે રાગે) હા આ...(પલંગમાં ફસડાઈ જાય છે. વીણા એની નજીક જઈ પગમાં નમવા જાય છે. સૂરજ તેને અટકાવે છે. વીણા આંસુ ન રોકાતાં ઉતાવળી બારણાની બહાર નીકળી જાય છે. નરભેરામ છેલ્લો દૃષ્ટિપાત કરી ચાલ્યો જાય છે. સૂરજ બારણા તરફ જોતો બેસી રહે છે ને પડદો પડે છે.)

(કૃતિનો કંઈ પણ ઉપયોગ કરતાં પહેલાં લેખકને નં. ૫/૭૭ નેઈબરહૂડ યુનિટ, વરલી, મુંબઈ, એ સરનામે લખી અનુમતિ મેળવવી જરૂરી છે.)

અરુણ નામના બાળકને એક અદ્ભુત સ્વપ્નમાં ગરુડરાજની પાંખે દુનિયાની મુસાફરી કરાવતી લેખમાળામાં શ્રી હંસાબહેન મહેતાએ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં મિસરનો જે રસમય પરિચય આપેલો તેમાંથી, ત્યાંના જગવિખ્યાત પિરામિડ તથા તેને પડખે આવેલા 'સ્ફિંક્સ'ના રહસ્યભર્યા પૂતળા વિષે આપેલી માહિતી ટૂંકમાં અહીં ઉતારવા જેવી છે.

"આ મોટો પીરામીડ બાંધતાં ફારાવ ફીઓપ્સને પચાસ વર્ષ લાગ્યાં હતાં. એ બાંધ્યો ત્યારે લગભગ ચારસો એંશી ફીટ ઊંચો હતો; અત્યારે એની ઊંચાઈ ચારસો સાઠ છે, કારણકે લગભગ વીસ ફીટ જેટલી ઊંચાઈના પથરા ખલીફના વખતમાં હસનની મસ્જિદ વગેરે ઈસલામી ઈમારતો બાંધવાને કાઢી લેવામાં આવ્યા હતા. આટલા મોટામોટા પથ્થરો ઊંચે ચઢાવતાં કેટલાં માણસો કામે લાગ્યાં હશે! એ બંધાયાને લગભગ ચાર પાંચ હજાર વર્ષો થયાં હશે. એ ગીઝેના પીરામીડ તરીકે ઓળખાય છે. એથી યે જૂનો સકારા આગળ ફારાવ ઝોસરનો બંધાવેલો પગથિયાંવાળો પીરામીડ છે. એની ઊંચાઈ તો માત્ર અઢીસો ફીટની જ છે, પણ એ દેખાવમાં વધારે સુંદર છે.

પીરામીડ એટલે કબર: 'શબગૃહ'. મિસર (ઈજિપ્ત)ના લોકોમાં મરણ પછી શરીરને દાટવાનો રિવાજ હતો. એ લોકોમાં એક બીજી પણ માન્યતા હતી, અને તે શરીરને સાચવી રાખવાની. સૂર્ય ઊગે છે આથમે છે અને પાછો ઊગે છે, એ ઉદયાસ્તના ચક્ર પરથી તે વખતના મિસરવાસીઓએ માન્યતા બાંધી કે જેમ સૂર્ય મરણ પછી પાછો સજીવન થાય છે તેમ મનુષ્ય પણ મરી ગયા પછી પોતાનો સમય આવતાં સજીવન થાય. આ કારણથી મરણ પામેલા મનુષ્યનું શરીર ખૂબ જ સાચવીને રાખવામાં આવતું. પહેલાં તો સૂક્ષ્મ શસ્ત્રો વડે એના શરીરના કેટલાકએક ભાગ કાઢી લેવામાં આવતા, અને તેમાં રાસાયનિક પદાર્થો ભરી બહારથી પણ એક જાતનો રાસાયનિક લેપ કરવામાં આવતો કે જેથી શરીર સડી ન જાય અને જેમનું તેમ રહે. પછી એ શરીરને વસ્ત્રની અંદર ખૂબ વીંટાળી એના માપની મનુષ્યાકાર પેટીમાં મૂકતા. આવા શરીરને મમી કહે છે. હજારો વર્ષનાં જૂનાં આવાં મમી હજી ત્યાં મળી આવે છે ને તે પરથી પંડિતોને ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જાણવાનું મળ્યું છે.

પછી જે રહેણીકરણી તેઓ પૃથ્વી પર પાળતા તે જ રીતનો બધો સાજ એમની સાથે આ કબરમાં પણ મુકાતો. પાછળથી પીરા-

પચ્ચીસ વર્ષ પહેલાં

મીડોને બદલે મોટાં મંદિરો બંધાવા લાગ્યાં એમાં ઊંચી કબરો ન બાંધતાં ભોંયરાં કરી મૃતદેહને અંદર રાખતાં, અને પોતાના વૈભવ પ્રમાણે એ ભોંયરાંઓ શણગારતા. ફારાવ તુતાનખામનની કબર ખોદવામાં આવી હતી તેમાંથી બાદશાહી વૈભવનાં પુષ્કળ સાધનો મળી આવ્યાં હતાં. એ પરથી મિસરની તે વખતની જાહોજલાલી તેમજ સંસ્કૃતિનો સારો ખયાલ આવી શકે છે.

મિસરની સંસ્કૃતિ કેટલે દરજ્જે આગળ વધી હશે તે તો એ લોકોના જ્ઞાન ઉપરથી જ જણાઈ આવે છે. શરીરને રાસાયનિક પદાર્થોની સહાય વડે જાળવી રાખવું એ બતાવે છે કે એમને રસાયનનું સારું જ્ઞાન હોવું જોઇએ. તે ઉપરાંત શરીરના અંદરના ભાગ જે રીતે એ લોકો કાઢી નાખતા તે ઉપરથી શરીરશાસ્ત્રનું જ્ઞાન તેમજ શસ્ત્રક્રિયાનું જ્ઞાન પણ તેમને ઘણું સારું હોવું જોઇએ. એ કબરની અંદર જે ઉત્તમ કારીગરીની વસ્તુઓ નીકળી આવે છે તે ઉપરથી તે વખતના મિસરીઓ જબરા કારીગરો હોવા જોઈએ એમાં તો જરા યે શક નહિ. કાચ બનાવવાનું, માટીની સુંદર ચીજો બનાવવાનું ને મીનાનું કામ તેઓ ઘણી સારી રીતે જાણતા.


પીરામીડમાં જે ભવ્યતા છે એ મનુષ્યબળની ભવ્યતાનો ખયાલ આપે છે. કુદરતની ગણત્રીમાં મનુષ્ય એક નિર્બળ પ્રાણી છતાં કાળ ને કુદરતના કોપ સામે અડગપણે હજારો વર્ષોથી ટકી શકનાર આ કીઓપ્સ બાદશાહનો પીરામીડ મનુષ્યબળ અને એણે કરેલી કુદરત પરની જીતનું પ્રત્યક્ષ પ્રમાણ છે. એવી ભવ્ય સત્તાના અધિકારી મિસરના ફારાવો (બાદશાહ) દેવરૂપે પૂજાય તેમાં શી નવાઈ?

'આ સ્ફિંક્સ માટે એવી દંતકથા છે કે એ એક રાક્ષસી પ્રાણી હતું અને અહીંની રખેવાળી કરતું હતું. જે કોઈ મુસાફર આ બાજુ આવે તેનો કોયડો પૂછે. એ કોયડાનો ઉત્તર જો મુસાફર આપી ન શકે તો તેને મારી નાખે. એક મુસાફરને એણે કોયડો પૂછ્યો કે 'એવું કયું પ્રાણી છે કે જે સવારે ચાર પગે ચાલે છે, બપોરે–મધ્યાહ્ને બે પગે ચાલે છે અને સંધ્યાકાળે ત્રણ પગે ચાલે છે?' મુસાફરે ખૂબ વિચાર કરી જવાબ આપ્યો કે 'માણસ'. મનુષ્ય એના જીવનપ્રભાતમાં–બાળપણમાં ઘૂંટણિયાં તાણે છે, એટલે કે ચાર પગે ચાલે છે; એના જીવનના મધ્યાહ્ને–ભરજુવાનીમાં બે પગે ચાલે છે; એની જીવન સંધ્યામાં—ઘડપણમાં લાકડીના ટેકાથી એટલે ત્રણ પગે ચાલે છે. આ ખરો ઉત્તર મળતાં સ્ફિંક્સે મૌન ધારણ કર્યું છે અને ત્યારથી પથ્થરનું પૂતળું બની અહીં બેઠું છે!''

'મહીસાગરની તાંડવલીલા' નામના એક નાના પણ રોમાંચક લેખમાં શ્રી તનસુખ ભટ્ટે આપણા ગુજરાતની એ જાજરમાન લોકમાતાનું એક ઉગ્ર દર્શન કરાવેલું.

''બદલપુર આગળ મહીનો પટ પાંચ માઈલ પહોળો છે. સામે કાંઠે ભરૂચ જિલ્લાનું કાવી ગામ છે. એ ઉપરાંત નદીને ઉપરવાસ વાલવોડ ગામ છે. અહીં પૂનમનો જુવાળ દરિયામાંથી નદીમાં આવે છે. સાબરમતીમાં જેમ કોઈ વાર ઘોડાપૂર આવે છે તેમ અહીં તો દર પૂનમે દરિયામાંથી નદીમાં ઘોડાપૂર આવે છે. માર માર કરતાં જંગી મોજાં ઊછળતાં આવે. નદીના પાણી કરતાં દરિયા તરફથી આવતું પાણી માથોડું માથોડું ઊંચું હોય છે. તે ઊંચા પાણીની જાણે આખી ભીંત જ નદીમાં ચાલી આવે છે! માછીઓને આ જુવાળના વખતની જાણ હોવાથી તે જુવાળટાણે નદીમાં હોડી નાખતા નથી.

અમે હમણાં વાલવોડ હતા ત્યારે એક બાજુથી જુવાળ ધસમસતો દોડતો હતો ને સામે કાંઠેથી આ બાજુ આવવા હોડી ઊપડી ચૂકેલી! અમે માછીને બૂમ મારી. તેણે અને હોડીમાંના ઉતારુએ હલેસાં લીધાં ને હોડીને કાંઠા તરફ હકારવા છાતીતૂટ જોર વાપર્યું. જુવાળના ઘોડા ફીણ ઉડાડતા ધસ્યે આવતા હતા. હોડી અને પૂર વચ્ચે સરસાઈ ચાલી. એકદમ દરિયાના પાણીનો ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. જુવાળ પહેલાં ત્રણેક માઈલ દૂર હતો તે હવે માઈલના ટપ્પામાં આવી પહોંચ્યો. હોડી પણ અરધી નદી પસાર કરી ગએલી. માછી સુકાન ઉપરથી આંગળી પણ ખસેડતો ન હતો. બેસારુનાં તો કાળજાં ફફડતાં હશે! હોડી કાંઠે પહોંચી ન પહોંચી ને ઉતારુ કૂદી પડ્યા. માછીએ કાંઠે દોરડું નાખ્યું ને બીજા માછીએ તે ઝાલી લીધું. ધમ... ધમ... ધમ... કરતો ઘોડો આવી પહોંચ્યો. અંદર વાંસડો લઈ માછી ઊભો રહ્યો. હોડીને નદીના પાણીની સપાટી પરથી જુવાળના પાણીની સપાટી પર ચડાવી દેવાની હતી! એમ સપાટીની બદલી કરવી એ કાંઈ રમત વાત નથી. અંદરનો માછી સાવધ ન હોય ને વાંસને ટેકવી પૂરની સપાટી પર હોડી કુદાવવામાં ભૂલ કરે તો પોતે ક્યાંય ઊડી પડે, હોડી ક્યાંય ઊડી પડે અને બંનેની જળસમાધિ જ થાય! બહારનો માછી દોરડું તાણી ન રાખે તો જુવાળના વહેણમાં હોડી નદીમાં તણાઈ જાય. બંને માછી કાબેલ હતા. ધડ કરતો કને ઘોડો, હોડીના મોરાને અથડાયો. બીજી જ ક્ષણે હોડી ને માછી બંને ઊછળ્યાં, ને તળિયેથી કોઈ જળઘોડાએ માથું માર્યું હોય તેમ માથોડું ઊંચાં થઈ ગયાં. તળિયેથી ઘોડો પસાર થઇ ગયો ને નિર્વિઘ્ને સપાટી–બદલી થઈ ગઈ. નદીના પાણીમાંથી જુવાળના પાણીમાં તેઓ આવી ગયા. માછીઓએ અને કાંઠા પર ઊભેલા ધારાળાઓએ જુવાળના છાંટા માથે ચડાવ્યા ને મહીસાગરની તાંડવલીલાને વંદના કરી.''





ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષે આવશ્યક માહિતી આપતો વિભાગ

નાઈલ નદીનું મૂળ જેમાંથી નીકળે છે તે આફ્રિકાના—અને જગતભરના જંગીમાં જંગી સરોવર વિક્ટોરિયા ન્યાંઝાની, તથા પૂર્વ આફ્રિકાના ફલદ્રુપ પ્રદેશ ટાંગાન્યીકાનું નામ જેના પરથી પડ્યું તે મહાસરોવર 'ટાંગાન્યીકા'ની શોધ આજથી બરાબર ૧૦૦ વર્ષ પહેલાં કૅપ્ટન બર્ટન ને કૅપ્ટન સ્પીક નામના બે અંગ્રેજ સાહસ-સફરીઓએ કરેલી: ટાંગાન્યીકાની શોધ એ બંનેએ ૧૮૫૮ની ૧૩મી ફેબ્રુઆરીએ; અને વિક્ટોરિયાની શોધ એકલા સ્પીકે ૩૦મી જુલાઇએ. તેના સ્મરણમાં પૂર્વ આફ્રિકાના ટપાલ ખાતાએ આ ૩૦મી જુલાઈએ બે ટિકિટો (૪૦ સેન્ટ તથા ૧ શિ. ૩૦ સેન્ટની) બહાર પાડી છે તે પરનું ડિઝાઈન ઉપર આપ્યું છે. 'કુમાર' પર સદ્‌ભાવ રાખનારા આફ્રિકાના સર્વશ્રી વલ્લભભાઈ પટેલ (નાઇરોબી), સૂર્યકાન્ત દેસાઇ (દારેસ્સલામ), હસમુખ શાહ (નાકુરૂ) ને ચંદુભાઇ પટેલ (કંપાલા)એ હવાઇ ડાકથી એ મોકલવા માટે અમે આભારી છીએ.

પોતાને ત્યાંની રાજાશાહીને ફગાવ્યા બાદ ઇજિપ્તે અરબ રાષ્ટ્રવાદની ઘોષણા કરીને બીજું પગલું સીરિયાના અરબ રાષ્ટ્ર સાથેના જોડાણનું ભર્યું, ને તેને નક્કર સ્વરૂપ આપવા 'યુનાઇટેડ અરબ રીપબ્લિક' (સંયુક્ત અરબ પ્રજાસત્તાક)ની સ્થાપના કરી. જગતના રાજકારણ પર મહત્ત્વની અસર કરતા એ પ્રસંગના સ્મરણમાં નીકળેલી આ સાથેની ટિકિટમાં ઇજિપ્ત ને સીરિયાના પ્રદેશોને જોડતી એક કમાનમાં અરબી લિપિમાં તેની ઘોષણા છે, અને મથાળે, એ જોડાણનું ઉન્નત-સુખદ ભાવિ દર્શાવતા ઊગતા સૂર્યનું ચિત્ર છે.



ઉત્તર અમેરિકામાં આવેલા ઓન્ટારિયો સરોવરમાંથી નીકળીને કૅનેડામાં થઈ આટ્લાંટિક મહાસાગરને મળતી સેન્ટ લૉરેન્સ (સાં લૉરાં) નદી જગતની મહાનદીઓમાંની એક ગણાય છે અને તેનો ઘણોખરો પ્રવાહ એક માઈલથી, પણ પહોળો હોઈ ઊંડાં પાણીમાં ચાલતાં વહાણો માટે પણ તે અનુકૂળ છે. એ નદીમાં થોડું ઈજનેરી કામ કરીને અમેરિકા-કૅનેડા વચ્ચે એવો 'સેન્ટ લૉરેન્સ સીવે' (સાં લૉરાં સી-વે) નામે દરિયામાર્ગ રચવા માટે એ બે દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી વાટાઘાટો સફળ થઈ છે, અને હવે આવતી શરદ ઋતુમાં તે ખુલ્લો મુકાશે. તે પ્રસંગની સ્મૃતિમાં અમેરિકા ને કૅનેડા એકસરખી ભાતની ટપાલની ટિકિટો પ્રસિદ્ધ કરનાર છે.



આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ (જેની વિસ્તૃત માહિતી ૪૦૩મા અંકમાં આવી ગઇ)ની ૧૮ માસની જગહિતૈષી કારકિર્દીના સ્મરણમાં ગયા મે માસમાં અમેરિકાએ બહાર પાડેલી આ ટિકિટ પરનું ચિત્ર સૂચક તથા રસમય છે. નીચેના ભાગમાં અમુક સમયને આંતરે સૂર્યમાંથી નીકળતા ભભૂકાઓવાળી સૂર્યની કિનારીનો ફોટોગ્રાફ છે જે ભભૂકાઓનો અભ્યાસ આ ભૂભૌતિક વર્ષ દરમ્યાન થવાનો છે; અને તેને મથાળે વિખ્યાત કલાકાર માઈકલ ઍન્જેલોના જગનામી ચિત્ર "ધ ક્રીએશન ઑાવ ઍડમ"–આદમનું સર્જન–નો એક ભાગ છે, જેમાં એકબીજા પ્રતિ લંબાવેલા હાથ સૂચક છે.



જાપાને તાજેતરમાં બહાર પાડેલી નવી ટિકિટો તથા ફર્સ્ટ-ડે કવર માટેના રદ્દીકરણની વિવિધ આકૃતિઓવાળી છાપો. પહેલી હાર: (૧) ટિકિટસંગ્રહ-સપ્તાહ પ્રસંગે બહાર પડેલી ટિકિટ માટેની છાપ, જેના પર ટિકિટના આલ્બમ તથા ચીપીઆ વડે પકડેલી ટિકિટનું ચિત્ર છે; (૨) ઓગોચી જળબંધ ખુલ્લો મુકાયા નિમિત્તની ટિકિટ માટેની છાપ, જે પર પર્વતમાળા અને જળબંધ ઉપરના એક મોટા કૉકમાંથી પાણીની ધાર પડે છે; (૩) કારખાના-ઉદ્યોગની શતાબ્દીના પ્રસગે બહાર પડેલી ટિકિટ માટેની છાપ, જે પર લોખંડનો રસ ગાળવાના જંગી કડાયા જેવડા મૂસનું ચિત્ર છે. (મોકલનાર: હિંમત સી. શાહ) બીજી હાર: (૧) ટિકિટસંગ્રહ-સપ્તાહ માટેની ટિકિટ પરના રદ્દીકરણ માટેની બીજી છાપ; (૨) બ્રાઝિલમાં જાપાની વસાહત થયાની સુવર્ણજયંતી પ્રસંગની ટિકિટ પર રદ્દીકરણ માટેની છાપ, જે પર બ્રાઝિલનો નકશો અને ત્યાંની વસાહતો દર્શાવ્યાં છે; (૩) તાજેતરમાં ત્યાં રમાએલા ઑલિમ્પિક રમતોત્સવ પ્રસંગની ટિકિટના રદ્દીકરણની છાપ, જે પર, એકબીજામાં ગૂંથાએલી કડીઓની રચનાવાળી ઑલિમ્પિકની સંજ્ઞા અને તેનો મુદ્રાલેખ 'એવર ઑનવર્ડ' (સદા પ્રગતિમાન) છે. (મોકલનાર: ભૂપેન્દ્ર ક. શાહ)



પાનાંની રમત

લેખક · સાધુરામ દવે

કોયડાઓની હરીફાઇનું પરિણામ

આ વખતના કોયડામાં ખૂબ જ ઓછા વાચકોએ ભાગ લીધો તે મારે માટે તો નિરાશાજનક જ કહેવાય. અલબત્ત, આ કોયડાઓ જરા અઘરા હતા—ખાસ કરીને પહેલો; છતાં, મેં આશા તો રાખેલી જ કે પચાસેક ખરા જવાબ મળશે. કુલ ૧૫ હરીફોના જવાબ મને મળ્યા છે તેમાં આઠ ખરા અને સાત ખોટા છે.

પૂર્વ-પશ્ચિમવાળા પોતાની સર્વ હોશિયારીથી રમશે તે હકીકત, ખોટા જવાબવાળા હરીફો સામાન્ય રીતે ભૂલી ગયા છે. આવા કોયડાઓમાં, વાંચનારની સુગમતા ખાતર દક્ષિણવાળો જ ખેલાડી રમત રમે છે. વાચકોને આ છપાએલા લખાણમાં તે ખૂબ જ અનુકૂળતાભર્યું થઈ પડે છે, કારણ કે દક્ષિણનાં પાનાં છેક નીચેની બાજુ જ આવે છે. ચારે ય ખેલાડીનાં પાનાં ખુલ્લાં હોઈ, **દરેક ખેલાડી પોતાની સર્વ હોશિયારીથી રમશે તે હમેશ માટે સમજી જ લેવાનું—સિવાય કે તે બાબતમાં બીજી સૂચના અપાઈ હોય.** ઉત્તર દક્ષિણ પોતાના હાથ કરવા પૂરો પ્રયત્ન કરે ત્યારે પૂર્વ પશ્ચિમ સામાવાળાઓ હોઈ, તેમ ન થવા દેવા પોતાના સર્વ બુદ્ધિ અને યુક્તિ અજમાવશે જ એ ચોક્કસ ખયાલ રાખો.

એક વાચકે ઘડિયાળના આંકડાનો ક્રમ જાળવ્યો નથી. હવે એ બાબતમાંલખવાનું જ ન હોય. **દરેક વાચક, હમેશ માટે પાનાંની સર્વ રમતોમાં ઘડિયાળના આંકડાનો ક્રમ ખયાલમાં રાખે.** પશ્ચિમથી શરૂઆત હોય તો તેના પછી ઉત્તર, પછીપૂર્વ ને છેવટે દક્ષિણવાળો રમે. આ ભૂલ હવે થવી જ ન જોઇએ. પાનાં વહેંચવા માટે તેમજ રમવા માટે ઘડિયાળના આંકડાનો ક્રમ બરાબર ગોખી રાખો.

સાચાજવાબ મોકલનારનાં નામ: (૧) પ્રકાશ શેઠ, અમદાવાદ-૬; (૨) ત્રિભુવનદાસઆર્ય, મુ.કંડારી, વાયા મિયાગામકરજણ; (૩) અંબાલાલ નાથાલાલ શાહ, મુંબાઈ-૧૪; (૪) રતિલાલ ગોકળદાસ માણેક, કલકત્તા; (૫) હેમંત મહેતા, વિલેપારલે; (૬) જોશી તથા ડાભી, માણાવદર; (૭) રસિકલાલ ચૂડગર, વડોદરા; (૮) એસ. એમ. શાહ, અંધેરી.

આ આઠ હરીફોમાંથી, ચિઠ્ઠી ઉપાડતાં, પ્રથમ ત્રણ ભાઇઓને જાહેર કરેલાં 'ગુજરાત કલાકલાપ'નાં આલ્બમો મોકલાશે. ઇનામ તો ગૌણ વસ્તુ છે, એ સાચે જ સમજીને બીજા ખરા જવાબ મોકલનાર તેથી અસંતોષ નહિ જ અનુભવે એમ ઇચ્છું છું. આ જરા અઘરા કોયડામાં, સૌ સાચા ઉકેલ મોકલનારને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. જે વાચકોના એક યા બંને કોયડાના ખોટા જવાબ છે તેમનાં નામ પણ નીચે મૂકું છું કારણ કે તેમણે તેમની રીતે ઉકેલ મોકલવામાં ચોક્કસ મહેનત લીધી તો છે જ, તે ઉપરાંત, જવાબ મોકલવાની તસ્દી પણ લીધી છે. તે દરેકનો પ્રયત્ન સ્તુત્ય છે અને પ્રયત્ન બદલ તેમને એટલેકે (૧) એન. જી. મહેતા વીલેપારલે; (૨) જી. સી. શાહ, અલીણા; (૩) બચુભાઈ શાહ, અમદાવાદ; (૪) એન. એલ. જોશી, શ્રીનાથવડ; (૫) ફકરૂદ્દીન ખેતી, જેતપુર; (૬) રસિક શાહ, સવાઈમાધવપુર અને (૭) સરોજ ઝવેરી નડિયાદ. પણ અભિનંદન.


નવો કોયડો અને વિજ્ઞપ્તિ

આ સાથે એક નમૂનાત્મક (sample) કોયડો રજૂ કરું છું. આ ખાસ પ્રશ્ન રજૂ કરવાનું મારું મુખ્ય ધ્યેય એ છે કે કઈ કક્ષાના કોયડા વાચકોને અઘરા લાગે છે તે સમજાયા બાદ, જોઇએ તો જરા ઓછા અઘરા યા સહેલા કોયડા રજૂ થઈ શકે. આટલા માટે આ રજૂ કરેલો કોયડો દરેક વાચક, જેમને પાનાંની રમતમાં રસ હોય તે યા તેમના મિત્રો વગેરે ઉકેલવાનો પ્રયત્ન કરે. એ પ્રયત્ન કર્યા બાદ, દરેક વાચક મને એટલું જ લખી જણાવે કે તે કોયડો પોતાનાથી ઉકલ્યો કે કેમ? શી રીતે ઊકલ્યો યા રમત શી રીતે વિગતવાર રમાઈ, તે લખવાની જરૂર નથી. ફક્ત પોતે **આ કોયડો, નીચે લખેલી શરતો મુજબ ઉકેલી શક્યા કે કેમ તે લખે. વધુમાં આવા કોયડાઓ વિશે પોતાનો અભિપ્રાય પણ લખે,** જેથી ભવિષ્યના કોયડા રજૂ કરવાની, યા લેખની છેવટે નાના પ્રશ્નો મૂકવાની સરળતા પડે. **પોસ્ટકાર્ડ માત્ર પણ બસ થશે.** હું ખાતરી રાખું છું કે દરેક વાચક જરા તસ્દી લઇ, કોયડો ઉકેલવાનો પ્રયત્ન કરશે એટલું જ નહિ પરંતુ મને લખી જણાવશે કે કોયડો ઉકેલાયો કે કેમ અને તે સંબંધી પોતાનો ટૂંકમાં અભિપ્રાય પણ. વાચકોનો આ બાબતમાં પૂરો સાથ મળશે તો હવે પછી આવા પ્રશ્નો મૂકવા કે કેમ અને મૂકવા તો કઈ કક્ષાના તેની મને પૂરી માહિતી મળી શકે એ હેતુથી વાચકોના અભિપ્રાયો માગ્યા છે. સરનામું તો દરેકને યાદ હશે જ. Sadhuram Dave, 33 Ritherdon Road, Vapery, Madras 7.

પ્રશ્ન

♠ J
♥ A Q J 10 8 7
♦ K
♣ A Q J 9 7

♠ 9 8 7 6
♥ K 9
♦ A Q 10 9 6 4 2
♣ —



♠ 5 4 3 2
♥ 6 5 4 3 2
♦ —
♣ 6 5 4 3

♠ A K Q 10
♥ —
♦ J 8 7 5 3
♣ K 10 8 2

સર કાળીના છે. ઉત્તર દક્ષિણે ૧૨ હાથ કરવાના છે. આ ઉઘાડી સરબાજી છે અને સરબાજીના સર્વ નિયમો પાળવાના છે. **પશ્ચિમે પહેલી ઊતર કાળીના નવ્વાની કરેલી છે.** ઉત્તરદક્ષિણ શી રીતે બારહાથ કરી શકે? બરાબર સમજી રાખો કે પૂર્વ પશ્ચિમવાળા તેમ નહિ થવા દેવા પોતાની સર્વ હોશિયારી અજમાવશે. એટલેકે પૂર્વ પશ્ચિમ પોતાની મરજી મુજબ, પોતાના લાભમાં જ પાનાં રમશે. ઉત્તમ બચાવ સામે હોવા છતાં પણ ઉત્તર દક્ષિણે બાર હાથ કરવાના છે.

રમતમાં ઘડિયાળના આંકડાનો ક્રમ તો નક્કી જ છે. જવાબ આવતા અંકમાં. અને હવે આપણે 'બ્રિજ'નું લખાણ શરૂ કરીશું.



આગેકૂચ

જડાઇ મારે પગ શૃંખલાઓ
કેવી અનાચાર તણી અરે જડ!
પરંતુ ટટ્ટાર ખડો થઈ ડગ
હું બે'ક ચાલું બસ બાર એટલી :
થઇ જશે શીર્ણવિશીર્ણ એ પછી.—કવિ વળ્ળત્તોળ

કુ. સુલભા પાણંદીકર

જગવિખ્યાત વિદ્વાન, ત્રિખંડપંડિત ડૉ. સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરનાં વિદુષી દૌહિત્રી કુમારી સુલભા પાણંદીકર આ માસથી મુંબાઈ રાજ્યનાં 'ડાયરેક્ટર ઑવ એડ્યુકેશન' બન્યાં છે.

સાંગલીના લોકપ્રિય શિક્ષક અને પાછળથી મુંબાઈના ડેપ્યુટી એડ્યુકેશનલ ઈન્સ્પેક્ટર બનેલા શ્રી ગોપાળ પાણંદીકરને ત્યાં, ઈ.૧૯૦૪ની ૯મી એપ્રિલે એમનો જન્મ પોતાના મોસાળમાં ડૉ. ભાંડારકરના 'સંગમાશ્રમ' બંગલામાં થએલો. ઉત્તમ સંસ્કૃતજ્ઞ અને પ્રસિદ્ધ ઇતિહાસ-સંશોધક દાદાના ખોળામાં બેસી શિક્ષણ પામનાર આવાં વિદુષી નીવડે એમા શી નવાઈ? ડૉ. ભાંડારકરની ઇચ્છા હતી કે પોતાની દૌહિત્રી ગાર્ગી, અનસૂયા વાસંતી આદિ આર્ય વિદુષીઓ જેવી બને. અને નાનકડી સુલભા પણ રામાયણ–મહાભારતની ચર્ચામાં દાદાને એવા થકવતી, કે આથી દાદા તેને ઘણી વાર 'બ્રહ્મવાદિની' કહી ચીડવતા. અને ખરેખર, મોટપણે એણે એ નામ સાર્થક કરી બતાવ્યું.

દુર્દૈવવશાત્ દોઢ વરસની વયે એમનાં માતા શાંતાબાઈનું અવસાન થયું. પણ એમનાં મામી સીતાબાઈ ભાંડારકરે એમને ખૂબ લાગણીપૂર્વક પુત્રીવત્ ઉછેર્યાં અને માતાના જેવા જ પ્રેમના અભિષેક સાથે શિક્ષણ અને સંસ્કારનું એમનામાં સિંચન કર્યું.

હજુરપાયગાની મરાઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી સુલભાબેને અંગ્રેજી શાળામાં ચાર ધોરણ પૂરાં કર્યાં, ત્યાં એમના મામાની બદલી કલકત્તા થવાથી એમને એમના પિતા પાસે જવાનું ઠર્યું. પરંતુ પૂનાની શાળાનાં સહાધ્યાયીઓ ને શિક્ષકોનો સ્નેહ એટલો ગાઢ હતો કે તેમણે રડીને દાદાને વીનવ્યા કે 'મને ભલે હૉસ્ટેલમાં જ રાખો, પણ અહીં જ ભણવા દો.' આ માગણી મંજૂર રહી અને તેમણે પૂનામાં જ અભ્યાસ ચાલુ રાખી ૧૯૨૧માં મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા આપી. મરાઠી શાળામાં અભ્યાસમાં જે જરા બેદરકાર ને 'લહેરી સુલભા' મનાતાં તે મૅટ્રિકમાં માત્ર એકાદ માર્ક માટે જ પહેલો નંબર ગુમાવી સમસ્ત યુનિવર્સિટીમાં બીજે નંબરે આવ્યાં, અને તેમને યુનિવર્સિટી તરફથી 'જગન્નાથ શંકરશેઠ', 'યમુનાબાઈ દળવી', 'એલિસ' વગેરે શિષ્યવૃત્તિઓ ઉપરાંત ગૌડસારસ્વત જ્ઞાતિનું ઈનામ ને શિષ્યવૃત્તિ મળ્યાં.



એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ દરમ્યાન પહેલા વર્ષમાં તેમણે પ્રથમવર્ગમાં પ્રથમ નંબરે આવી 'એલ્ફિસ્ટન' પ્રાઈઝ અને ભૌતિક-



આપણાં પંખી (૧૧૧) ડાલપીપી

જળકાંઠાના વાસીએ ડાલપીપીને ન જોયું હોય એવું જવલ્લે જ બને. લીલું કાળું માથું ગળું ને છાતી. જંગાલી લીલી પીઠ ને પાંખો, તથા બદામી રંગની બૂઠી પૂંછડી ધરાવતું, સિંધ ને વાયવ્ય પ્રદેશ સિવાય ભારતમાં બધે, ખાસ કરીને આસામમાં, જોવા મળતું, અગિયારેક ઇંચનું એ જલપંખી છે. લાંબા પાતળા પગ પર કરોળિયાના જેવા વળાંકાવાળા લાંબા નહોર એ તેની વિશિષ્ટતા છે. નર-માદા દેખાવે સરખાં.

કમળ કે બીજા જલછોડોથી ઢંકાએલા પાણીવાળાં ઝીલ-તળાવ તેનું રહેઠાણ. વિશિષ્ટ નહોરને લીધે તે આસાનીથી ચાલી શકે છે. વહેલી સવારે કે મોડી સાંજે તે ઘણું જ ચપળ ભાસે છે. પ્રકૃતિએ ભડકાળ ખરું, પણ જો પજવવામાં ન આવે તો હેવાયું બની જાય છે. સંતાવા માટે પાણીમાં અધબૂડેલું પણ રહે. ડૂબકી મારવામાં ને જરૂર પડ્યે તરવામાં પણ કુશળ; પરંતુ ઊડવામાં મહાપ્રયાસે ઝડપથી પાંખો ફફડાવતું ધીમી ગતિએ ને નીચું ઊડી શકે. આમ થોડા વાર સુધી ઊડી જમીન પર આવે ને ચાલતુંચાલતું અંતર કાપે.

તે એક જાતની ખાસ ટૂંકી ને તીણી ચીસ કાઢે છે. પ્રજનનકાળ વખતે એકલબલિયું બની જાય છે. વનસ્પતિનાં બી તથા મૂળિયાં એનો ખોરાક જીવડાં ને જીવાત પણ ખાય.

વરસાદ ઠીક પ્રમાણમાં વરસી જાય ત્યારથી તેનો પ્રજનનકાળ આરંભાય છે, તે જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલે છે. જળછોડનાં પાંદડાંનાં ઝુંડમાં કે પાણીને કાંઠે, આડાંઅવળાં ગોળાકાર ગોઠવેલાં વાંકાંચૂકાં સાંઠીકડાંના બાંધેલા માળામાં તે અત્યંત લીસાં ને સુંદર, ચળકતા તપખીરી રંગનાં, ઘેરા તપખીરી ચિતરામણવાળાં ૧થી ૧।। ઇંચનાં ચાર ઇંડાં મૂકે છે.

શાસ્ત્રમાં પ્રથમ આવવા બદલનો ચંદ્રક મેળવ્યાં; બીજા વર્ષમાં મુખ્ય વિષય ગણિત લઈને પ્રથમ વર્ગમાં બીજે નંબરે આવ્યાં; ને બી.એ.માં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન લઈ ૧૯૨૫માં પાસ થયાં ત્યારે પ્રથમ મહિલા તરીકે 'દક્ષિણ ફેલો' નિમાયાં. ૧૯૨૭માં 'પ્રભુનું વ્યક્તિત્વ' (પર્સનાલિટી ઑવ ગૉડ) એ વિષય પર મહાનિબંધ લખીને મુંબાઈ યુનિવર્સિટીની એમ.એ.ની ઉપાધિ પ્રથમ વર્ગમાં મેળવી 'ચાન્સેલર્સ મેડલ' જીત્યાં.

ત્યાર બાદ અમલનેરના 'તત્ત્વજ્ઞાનમંદિર'માં સંશોધન કાર્ય શરૂ કર્યું ત્યાં ૧૯૨૮ના ફેબ્રુઆરીમાં સરકારી શિષ્યવૃત્તિ મળતાં વધુ અભ્યાસ અર્થે તે ઈંગ્લંડ ગયાં, ને ત્યાં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રસિદ્ધ તત્ત્વજ્ઞાની જી. ઈ. મૂરના માર્ગદર્શન નીચે 'પ્રૉબ્લેમ ઑવ ટાઈમ' એ વિષય પર મહાનિબંધ લખી એમ. લિટ.ની પદવી મેળવી. સાથોસાથ, એકાદ વર્ષ ત્યાં વધુ રોકાઈ ટીચર્સ ડિપ્લોમા પણ મેળવ્યો અને ૧૯૩૧માં સ્વદેશ આવી લાહોરની ગંગારામ હિંદુ સ્કૂલમાં અધ્યાપિકા નિમાયાં.

એવામાં મુંબાઇની સેકંડરી ટ્રેનિંગ કૉલેજમાં પ્રાધ્યાપિકાની જગ્યા મળવાથી તે મુંબાઈ આવ્યાં અને લાગટ ૧૪ વર્ષ સુધી એ કામ કરી ૧૯૪૬માં મુંબાઈની કન્યાશાળાઓનાં ઈન્સ્પેક્ટ્રેસ નિમાયાં. બીજે જ વર્ષે ૧૯૪૭ના જૂનમાં બેળગાંવની સેકંડરી ટ્રેનિંગ કૉલેજ અને સેકંડરી બેઝિક કૉલેજ એ બંનેનાં (પહેલાં જ મહારાષ્ટ્રીય મહિલા) પ્રિન્સિપાલ તરીકે તેમની નિમણૂક થઈ, જ્યાંથી તે ગોલવડ પાસે આવેલા બોરડીમાં 'ગ્રૅડ્યુએટ્સ બેઝિક ટ્રેનિંગ કૉલેજ'નાં પ્રિન્સિપાલ થયાં. ઉત્તરોત્તર ચડિયાતી કામગીરી, બુદ્ધિપ્રતિભા ને શિક્ષણસામર્થ્ય ભરેલી આ કારકિર્દીને અંતે તે મુંબાઈ સરકારના શિક્ષણ ખાતાનાં ડેપ્યુટી ડાયરેક્ટર અને પછી જૉઈન્ટ ડાયરેક્ટર ઑવ એડ્યુકેશન બન્યાં. (વચ્ચે થોડો સમય મુંબાઈની સેકંડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજનાં પ્રિન્સિપલ તરીકેની જવાબદારી પણ અદા કરી આવેલાં.) ને હવે હાલના ડાયરેક્ટર શ્રી ભાંડારકર નિવૃત્ત થતાં આ માસની ૧૮મી તારીખે, એ સ્થાને તેઓ આવ્યાં છે. જોકે, સાથોસાથ યુનેસ્કો તરફથી માસિક ચાર હજારના પગારે પારીસમાં પણ તેમની નિમણૂક થઈ સંભળાય છે. ત્યાં પણ તેઓ થોડા સમયમાં જાય તો નવાઈ નહિ.

તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર ને ગણિત, એ તેમના શૉખના વિષયો. અંગ્રેજી ભાષાના ઉચ્ચારશાસ્ત્રનો તેમનો અભ્યાસ આશ્ચર્યજનક છે. સંસ્કૃતનો સંપર્ક છૂટ્યે ઘણાં વર્ષો થયાં છતાં સંસ્કૃત ભાષાના અસંખ્ય શ્લોકો અને વ્યાકરણશાસ્ત્ર તેમને કંઠસ્થ છે. મરાઠી કાવ્યોનું સૂક્ષ્મ રસદર્શન તેઓ કરી શકે છે અને સુંદર ભાષામાં શબ્દચિત્રો રચે છે. ઉપરાંત, બાળમાનસ ઉપર પણ એમણે ઘણું લખ્યું છે. પ્રવાસ અને વાચન એ તેમના શૉખના વિષયો; ને આટલી અભ્યાસુ વૃત્તિ હોવા છતાં ખોખો, લંગડી, ટેનિસ ને બૅડમિન્ટન એમની પ્રિય રમતો છે. આજે પણ દર વર્ષે એ માથેરાન જાય છે ને પહાડોના નવા રસ્તા શોધે છે.

શ્વેત સાદા પોશાક અને વિદ્વત્તાના તેજથી ઓપતા લલાટવાળું એમનું તેજસ્વી વ્યક્તિત્વ એમની સાથેની વાતો કે એમનાં વ્યાખ્યાનો સાંભળતાં મન પર સચોટ છાપ પાડે છે. સૌ સમજી શકે એવાં સરળ છતાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપતાં એ સફળ વક્તા છે; અને પુરુષ સમોવડી બગરા, કાર્યપરાયણતા ને ઉદ્યમ એમના લોહીમાં ધબકે છે, છતાં સ્ત્રીસુલભ પ્રેમળતાથી તે વંચિત નથી. જવાબદારીવાળા હોદ્દાની કામગીરી ઉપરાંત આજે પિતાની ઉત્તરાવસ્થામાં તેઓ તેમની સેવા પણ બજાવે છે. ('સ્ત્રીજીવન'ને આધારે)

૨૨૦૦ વર્ષ પર ડૂબી ગએલું ગ્રીક જહાજ

રોમન સોદાગરો ભારતવર્ષમાં વેપારવિનિમય માટે પોતાનાં વહાણો મોકલતા. સૂરતની પાસે હાલના કામરેજ ખાતેથી, તથા ઉત્તર ગુજરાતમાં કારવણ અને દક્ષિણમાં આરીકમાડુમાંથી રોમના સુવર્ણસિક્કાઓ, રોમન દીવાઓ અને વાસણો મળ્યાં છે. ઈસ્વી સન પૂર્વે બીજા-ત્રીજા સૈકામાં આ સફરો ધમધોકાર ચાલતી. રોમન નાવિકો પોતાનાં વહાણો લઈ પૂર્વમાં ભારતવર્ષ ને પશ્ચિમમાં ઍગ્રીકોલા (હાલનું ઇંગ્લંડ) સુધી સફરો ખેડતા. આ સફરોના માર્ગો વિષે ખૂબ ગુપ્તતા જાળવવામાં આવતી, પણ મોટે ભાગે કિનારાની સમીપતાનો ખયાલ હમેશાં સજાગરીતે રાખવામાં આવતો. મધદરિયાનાં તોફાનોની ઝીંક સહન કરી શકે એવાં મજબૂત જહાજો ત્યારે અસ્તિત્વમાં ન હતાં.

પુરાતત્ત્વની દૃષ્ટિ બાજુએ રાખીએ તો યે ૨૨૦૦ ૨૩૦૦ વર્ષો પૂર્વેના આવા વહાણનું સ્વરૂપ, તેનો આકાર, સગવડ, સામગ્રી આદિ કેવાં હશે એવી જિજ્ઞાસા દરેક કલ્પનાશીલ માનવીને થાય જ.

ગ્રીસ દેશના ડલેસ બદરથી એક જહાજ ૧૦,૦૦૦ સુરાકુંભો અને બીજાં માટીનાં વાસણો ભરી ફ્રાન્સના મસાલિયા (હાલના માર્સેલ્સ) બંદરે જવા ઊપડે છે. સમય ઈ. સ. પૂર્વે ૨૩૦મું વર્ષ. સામાન્ય રીતે તો ભૂમધ્ય સમુદ્રમાં તોફાની વાવાઝોડાંઓ ભાગ્યે જ થાય છે; અને આ નાવિકોને ઋતુનો ખયાલ હોઈ આવી સફરો સલામતરીતે પાર પડતી. પણ રોમ છોડયા પછી આ જહાજ લા-પતા થઈ ગયું. તેના નાવિકો તરીને કિનારે પહોંચ્યા હશે કે નહિ, તેના માલિકને આ ખોટ કેવી અસર કરી ગઈ હશે, એ તો આજે કલ્પનાતીત છે, પણ પુરાતત્ત્વવિદ્યાના સદ્ભાગ્યે આ જહાજ માર્સેલ્સ(મસાલિયા)થી દસ માઈલ દૂર આવેલા 'ગ્રાન્ડ કોનલુ' ટાપુની નજદીકમાં સમુદ્રના તળિયે જઈ બેઠું.

'ક્રિસ્ટીઆનીની' નામનો મરજીવો માર્સેલ્સની આસપાસના સમુદ્રમાં ડૂબકીઓ મારી, ભંગાર ધાતુઓ ઉપર લાવી, તેમાંથી ગુજરાન ચલાવતો હતો. એક દિવસે તેણે ખૂબ ઊંડી ડૂબકી મારી અને લાંબા વખત સુધી તળિયેથી ઉપર આવ્યો નહિ. તેને બેભાન હાલતમાં ઍાસ્પિટલમાં ખસેડવામાં આવ્યો, જ્યાં તેને છ મહિના રહેવું પડ્યું અને તેના પગના બે અંગૂઠા શસ્ત્રક્રિયા કરી કાપી નાખવા પડ્યા!

અમેરિકી નૌકાદળના ડૉક્ટરોએ તેની જે સંભાળપૂર્વક સારવાર કરી તેના બદલામાં એક દિવસ તેણે ડૉ. ચુમાને આખો ભેદ જણાવી દીધો: 'અમે મરજીવાઓ અમારાં ગુપ્ત રહસ્યો કદી પ્રગટ કરતા નથી, પણ મારે માટે ડૂબકી મારવી એ હવે અશક્ય છે એટલે આ ભેદ તમને જણાવું છું.'

તેણે દર્શાવેલાં ચિહ્નો મુજબ દરિયાની સપાટીથી ૧૪૦ ફૂટની ઊંડાઇએ આ વહાણના ભંગારમાંથી સુરાકુંભનાં સીલબંધ મોઢાં નજરે પડયાં. બીજે ડૂબકી મારનાર તેના પહેલા પ્રયાસે તો તૂતક ઉપરથી ત્રણ ચાર સુરા-પ્યાલી અને કાંસાના ગલ લાવી શક્યો. પુરાતત્ત્વવિદે તેને તરત જ ઈ. સ. પૂર્વે ૪થી થી ૨જી સદીનાં સુધીનાં ગણાવ્યાં. ને ત્યાર પછી તો જહાજનો ખજાનો ઉપર લાવવાનું કામ સતત ચાલુ રહ્યું. સાધારણરીતે તો લાકડાનું જહાજ ૨૨૦૦ વર્ષ દરિયાના ખારા પાણીમાં સારી હાલતમાં રહી જ ન શકે. પણ આ આખા જહાજની બંને બાજુ પર સીસાનાં પતરાં મઢેલાં છે (લગભગ $\frac{1}{8}$ ઇંચ જાડાઈનાં) અને દરેક ત્રણ ઈંચના ગાળે ત્રાંબાના ખીલાથી તે મજબૂત કરાએલા છે. એ લાકડું ખુલ્લી હવામાં લાવતાં વાંકું વળી જાય છે.

આ સુરા-કુંભો ઉપર મોકલનાર માલિકની મહોર અંકાએલી છે: 'SES' રોમન અક્ષરોમાં અને લંગર. આ 'SES' જહાજ-માલિકના નામની સંજ્ઞા હોવી જોઇએ એ કલ્પના ઉપર પુરાતત્ત્વવિદ્ બેનૉઇટે ઈ. સ. પૂર્વે ૨-૩ સદીનો ઇતિહાસ અને મહાન વ્યક્તિઓની નામાવલિ ઉથલાવી નાખી. રોમન ઇતિહાસમાં તેને શાહ સોદાગર માર્કસ સેસ્ટીઅસનું નામ સાંપડ્યું. એ જમાનાનો તે પ્રખ્યાત જહાજમાલિક હતો. રોમન ઇતિહાસમાં પણ આ સેસ્ટીઅસની પ્રવૃત્તિ નોંધાએલી છે.



ઈ. સ. પૂર્વે ૩૨૦ વર્ષ પહેલાંની રોમના શાહ સોદાગર માર્કસ સેસ્ટીઅસના જહાજની આખરી સફરનો માર્ગ



એકસો ચાળીસ ફીટના ઊંડાણેથી સુરાનો કુંભ લઈને સપાટી ઉપર આવતો તરવૈયો.

એક નોંધ એવી મળે છે કે એ રોમથી સ્થળાંતર કરી ગ્રીસના ટાપુ ડેલોસમાં જઈ વસ્યો અને ત્યાં ગ્રીક નાગરિકત્વ લીધું. આ એક જ કડીનું કામ પુરાતત્ત્વવિદોને હતું. એક બાજુ સેસ્ટીઅસના વહાણનાં ભંડકોમાંથી હજારોની સંખ્યામાં સુરાકુંભો ને ખાવાપીવાનાં કલાત્મક રંગીન વાસણો ઉપર લાવવાનું કાર્ય ચાલતું હતું, ત્યારે બીજી બાજુ પુરાતત્ત્વવિદોની બીજી ટુકડીએ ડેલોસ ટાપુ પર સંશોધન કરવાનું બીડું ઝડપ્યું; અને સાચે જ નસીબે તેમને યારી આપી.

ડેલોસ ટાપુ પર પથરાએલા અનેક મહાલયોનાં ખંડેરોમાં અવિરત સંશોધન ચાલુ હતું. દરિયાકિનારે તૂટેલા આરસના થાંભલાવાળો મહેલ તેમને હાથ લાગ્યો, જેના ચોકમાં સુરાકુંભો પરના સંજ્ઞાચિહ્ન જેવી જ આકૃતિ મોટા કદમાં ફરસબંધીમાં જડેલી હતી! ૨૨૦૦ વર્ષ પછી મસાલિયાથી ડેલોસની સફર પૂરી થઈ! આમ, વહાણમાલિકની ભાળ મળી, પણ સુરાકુંભોમાંથી અરધા તો કાણા હતા ને તેની સીલ–મહોરો ઊખડી ગઈ હતી. કદાચ નાવિકોએ જ સુરાપાન કરી, વહાણને ખોરંભે ચડાવી દીધું હોય! એ જહાજનું લંગર પણ હાથ લાગ્યું છે. પ્રતિકૂળ હવામાનને અંગે આ સંશોધન હજી પુરું થયું નથી, પણ ધીમે ધીમે ચાલુ છે. તેનાં અમુક દશ્યો ટેલિવીઝન પર બતાવાએલાં.

ભારતવર્ષના મહાનાવિકોએ દરિયા ખેડ્યા છે. તેમનાં જહાજો પણ ત્યારની દુનિયાનાં અનેક બંદરોમાં વેપાર-વિનિમય માટે સફર કરતાં હતાં. આપણું દ્વારકા (શ્રીકૃષ્ણનું), ખંભાત, ભરૂચ ને દક્ષિણ કિનારાનાં બંદરો આવી ઝીણવટભરી ને યત્નશીલ સંશોધક પ્રવૃત્તિઓ માગી લે છે. બોરોબુદુરની ભીંતો પર કોરાએલાં ભારતીય જહાજો ભલે ત્યાં શોભતાં, પણ આજના ભારતીય જનની એ ફરજ છે કે સમુદ્રના પેટાળમાં ગરક થએલાં આપણાં નગરો ને જહાજોને ઇતિહાસની ખૂટતી કડીઓ જોડવા, સંશોધન–પ્રકાશમાં લાવવાં. —રમેશ સૂરજલાલ

સાહજિક પ્રમાણિકતા

એક દિવસ સવારે હૅંગિંગ ગાર્ડન ઉપર ફરીને પાછા આવતાં કૅમ્પ કંપનીના ખૂણા આગળ આવેલી પારસી ગૃહસ્થની દુકાને હું બ્રાઉન બ્રેડ લેવા ગયો. શો કેસ તરફ નજર કરીને પેલા ગૃહસ્થે કહ્યું કે 'દિલગીર છું કે બ્રાઉન બ્રેડ ખલાસ થઈ છે.' મેં કેસમાં જોયું તો નીચેના ભાગમાં થોડી બ્રેડ પડેલી હતી. મેં કહ્યું કે 'આ છે ને?' તેમણે જવાબ આપ્યો કે 'તે પરમ દિવસે બનાવેલી વાસી છે. તમને આપવાની નથી.' મેં પૂછ્યું કે 'આ રીતે વધેલા બ્રેડનું તમે શું કરો છો?' તેમણે કહ્યું કે 'નજીકમાં ગરીબ નિરાધાર ખ્રિસ્તી વિદ્યાર્થીઓની એક હૉસ્ટેલ છે તેઓના ઉપયોગ માટે અમે આપી દઈએ છીએ.' મેં પૂછ્યું, 'શાં ભાવે આપો છો?' તેમણે સ્વાભાવિક નૈસર્ગિકતાથી જવાબ આપ્યો કે 'નહિ શેઠ, એનું કશું જ નહિ લેવાનું. અમારે નકામી પડી અને બીચારા ગરીબ છોકરાઓને કામ લાગે અને લઈ જાય એમાં લેવાનું શું હોય?' આ સાંભળીને હું આશ્ચર્યચકિત થયો અને રસ્તે ચાલતાં મનમાં વિચાર કરવા લાગ્યો કે આ કેવી નિષ્ઠા અને પ્રમાણિકતા? લૉન્ડ્રીવાળા, ફરસાણવાળા, મીઠાઇવાળા આગળ પાછળનું વધેલું પડી ન રહે અને ઘરાકના મોંમાં કેમ જાય તે માટે જાતજાતની તરકીબો અને ભેળસેળ કરતા હોય છે, ત્યારે આ પારસી ગૃહસ્થ માત્ર પરમ દિવસે સાંજે બનેલી બ્રેડ આજે સવારે મને આપવાની ના કહે છે–જો કે તે જાણે છે કે બ્રેડ લઈ જનાર ઘરાક એ બ્રેડને બે ત્રણ દિવસ સુધી ઘણી વાર વાપરતો હોય છે. આ ઉપરાંત વધેલો માલ ઓછા ભાવે કાઢી નાખવામાં આપણા વેપારીઓને જરા પણ અજુગતું લાગતું નથી, જ્યારે આ ગૃહસ્થ જેટલું વધે તેટલું ગરીબ નિરાધાર બાળકોને પહોંચાડે છે ને તેમાં પોતે કશું વિશેષ કરતો નથી એમ માને છે. આમાં આજે વિરલ એવી ઉચ્ચ કોટિની પ્રમાણિકતાનાં અને પારસી કોમમાં વધારે વ્યાપક છે એવી ઊંડા દિલની નૈસર્ગિક કરુણાનાં મને દર્શન થયાં, ને મેં કૃતકૃત્યતા અનુભવી. –પરમાનંદ કાપડિયા



સુરાકુંભ ઉપરની મહોર SES ને લંગરની સંજ્ઞા ને ડેલોસ ટાપુના દરિયા કિનારા પરના એક ભગ્નમહેલના પ્રાંગણમાં જડવામાં આવેલી ચિત્રાકૃતિ

બાષ્પીભવનથી ઊડી જતા લાખો ગૅલન પાણીને જાળવી રાખવાની સસ્તી પદ્ધતિ તરીકે કોલમ્બિયા યુનિવર્સિટીના સંશોધનવિજ્ઞાનીઓએ એક રાસાયણિક 'ધાબળો' શોધી કાઢ્યો છે. હેક્ઝાડેકૅનૉલ અથવા સેટાઈલ આલ્કોહોલ પાણીની સપાટી ઉપર નાખવાથી તે પાણી ઉપર પ્રસરી જાય છે. એનું પડ તો જોકે એક અણુ જેટલું જ પાતળું રહે છે, છતાં આ આવરણને લીધે પાણી હવાના સ્પર્શથી મુક્ત રહે છે. અછતના વિસ્તારોમાં આ રીતે પાણીની બચત થાય તો દર વર્ષે લાખોની બચત થાય. એની સામે હેક્ઝાડેકૅનૉલનું ખર્ચ તો રતલે બે રૂપિયા જેટલું જ આવે છે. અને દર મહિને એક એકર જેટલી પાણીની સપાટી પર એક રતલ હેક્ઝાડેકૅનૉલનું આવરણ પૂરતું છે.

લાકડાને ઊધઈ લાગતી અટકાવવાનો એક નવો માર્ગ એક જાતની ધૂળ લગાડવાનો છે. અત્યંત ગ્રહણશીલ માટીવાળી એક જાતની (બહુ ઊડે નહિ તેવી) એ ધૂળ બીજા કોઈ પણ જંતુનાશક કરતાં વધુ ઝડપથી ઊધઈનો નાશ કરે છે. આ ધૂળથી છવાએલા લાકડા પર જંતુઓ ચાલે એટલે ધૂળ તેમનાં શરીર ઉપર ચોંટી જાય છે, અને તેમનાં શરીર ઉપર જે તેલ અને મીણ હોય છે તે આ ધૂળ શોષી લે છે. અને જંતુઓને સુકાઈ જતાં અટકાવવા માટેનું એ આચ્છાદન શોષાઈ ગયું એટલે એ એકથી ત્રણ કલાકની અંદર મરી જાય છે. જાણકારોના કહેવા પ્રમાણે આ ધૂળ લાંબો વખત લાકડા ઉપર ચોંટી રહે છે.

હિંગ

આપણી રોજની રસોઈમાં જેનો ઉપયોગ થાય છે, ને જે તાત્કાલિક ઉપચાર તરીકે અમુક દર્દોમાં ઉત્તમ ઘરગથ્થુ ઔષધ જેવી છે તે હિંગથી પરિચિત તો સૌ કોઈ હોય છે. પણ તેની પૂરી માહિતી બહુ ઓછાને હોય છે. રોજ દાળ-શાકના વઘારમાં વપરાતી હોવાથી સૌરાષ્ટ્રમાં 'વઘારણી'ના લોકનામે ઓળખાતી હિંગનું મૂળ સંસ્કૃત નામ 'બાલ્હિક'; કેમકે તે હિંદના વાયવ્ય પ્રદેશની પાર આવેલા અફઘાનિસ્તાન તથા ઈરાનમાં મોટે ભાગે થતી હોવાથી એ પ્રદેશોનું પ્રાચીન નામ (બાલ્હિક) તેને મળ્યું છે. જોકે અલ્પ પ્રમાણમાં તે કાશ્મીરમાં પણ થાય છે. અંગ્રેજીમાં તેનું નામ ફેરુલા ફૅટિડા.

હિંગ એ ઝાડનો રસ છે, ને તેના છોડના મૂળ પાસે કાપ મૂકવાથી તે ઝરીને ત્યાં તેનો ગઠ્ઠો બાઝે છે. આ શુદ્ધ હિંગ અતિશય ઉગ્ર હોય છે, અને તેના એ શુદ્ધ સ્વરૂપમાં તો તે ભાગ્યે જ મળે છે. ગુંદરની કણી જેવી તેની કણીઓ હોય છે. અને તે 'હીરાહિંગ'ને નામે ઓળખાય છે. કપૂરની જેમ જ્યોત થઇને તે બળે છે. બાકી બજારમાં હિંગ અને હિંગના રસને નામે વેચાતી બધી ચીજો તો ભેળસેળથી બનાવેલી હોય છે, જેમાં હિંગનું પ્રમાણ અતિ અલ્પ હોય છે.

એ બજારુ હિંગમાં ગુંદરનો, ચોખાના લોટનો, લાકડાના વેરનો ને એવો કેટલોક ભેગ થાય છે. હિંગના રસને નામે વેચાતી વસ્તુમાં લસણના રસ અને ચૌખાના લોટના મિશ્રણ સાથે અલ્પ પ્રમાણમાં હિંગ નાખી તેને સૂકવી લેવામાં આવે છે. ઔષધાદિમાં એ સાચી હિંગનું પ્રમાણ એકથી બે રતી જ આપી શકાય. આયુર્વેદમાં તો તે ઘીમાં શેકયા બાદ જ તેને વાપરવાને યોગ્ય ગણી છે; કારણ કે તેમ કરવાથી તેની ઉગ્રતા ઓછી થાય છે.

હિંગના અનેક ગુણો છે. તેનો વઘાર ધાન્યમાં દેવાથી ધાન્યમાંના વાતકર ગુણો નાશ પામે છે અને તે સુરુચ્ય તથા શરીરમાં પાચન માટે સરળ બને છે. પેટનો આફરો, ચૂંક, ડુંગારો વગેરે તેનાથી નાશ પામે છે. હિંગનો રસ મરમરો છે. તે ઉષ્ણવીર્ય, દીપન, પાચન, તીક્ષ્ણ, સારક ને પિત્તવર્ધક ગુણો ધરાવે છે અને તેથી જ ચૂંક, આફરો, કૃમિ, ઉદરરોગ, મળાવરોધ, મૂર્છા, હિસ્ટીરીયા વગેરે પર તે સારી અસર કરે છે. હિંગ અગ્નિને વધારનાર અને અગ્નિપાચન હોવાથી હોજરી અને આંતરડાંને તે ઉત્તેજિત કરે છે અને વાયુને દૂર કરે છે. તે કફના દર્દીને પણ મદદ કરે છે, કેમકે તેનાથી કફનાં જંતુ દૂર થાય છે, શ્વાસનળી જંતુરહિત અને ચોખ્ખી બને છે તથા કફને છૂટો પાડીને ફેફસાંને તે રાહત આપે છે. રાજનિઘંટુમાં તો તેને આંખોને માટે પણ હિતકારી કહી છે. વળી તે વાતસંસ્થાન કેન્દ્રને ઉત્તેજિત કરીને માથાના જ્ઞાનતંતુ પર થએલી અસરો દૂર કરીને નિયમિત બનાવે છે. આથી તે હિસ્ટીરિયા, વાઈ વગેરે પર કામ આપે છે. આંતરડાંમાં માંસપેશીઓને ઉત્તેજિત કરીને તે આહારને આગળ ધકેલે છે અને ઉદરના વાયુને ગુદા દ્વારા કાઢીને રાહત આપે છે. તે ખરાબ વાયુની વાસ અને દોષ માત્ર દૂર કરે છે. કફમાંથી દુર્ગંધને પણ તે દૂર કરે છે. હિંગ સ્ત્રીઓના ગર્ભાશયને પણ ઉત્તેજિત કરે છે. આંચકી અને તાણને તે મટાડે છે અને વિષમજ્વર(મલેરિયા)નો નાશ કરે છે. હિંગમાં એક પ્રકારનું ઉડ્ડયનશીલ સ્વભાવનું તેલ હોય છે એ તેલ હિંગ ખાધા પછી શ્વાસનલિકા, ચામડીનાં સૂક્ષ્મ છિદ્રો અને વૃષણમાંથી બહાર નીકળે છે, અને તે તે માર્ગોને ઉત્તેજિત કરે છે. વળી તે હૃદયરોગ ઉપર પણ ફાયદાકારક છે. છાતીમાં થડકારા વધી જાય અને હૃદય ઉપર વાયુનું દબાણ થયું હોય ત્યારે હિંગના સેવનથી વાયુ દૂર થઇને હૃદયને રાહત મળે છે. ઘણી વખત ઉદર-આમાશયનો રોગ ન હોય, પરંતુ માનસિક કારણોને લઇને કેટલીક સ્ત્રીઓ અને કેટલાક પુરુષોને પણ વારંવાર ઓડકાર આવતા હોય છે. મન દુખાયું કે ચિંતા ઊભી થઇ એટલે બંધ થએલા ઓડકાર વારંવાર શરૂ થઈ જાય છે. અસહનશીલ જ્ઞાનતંતુની વિકૃતિ અને થકાવટ તેનાં કારણરૂપ હોય છે. તેમાં હિંગ સારું કાર્ય કરે છે. નાનાં બાળકને પેટ ચઢી આવે ત્યારે હિંગ, એળિયો, સાબુ ને દેકામાળી વાટીને ડૂંટીની આસપાસ લેપ કરવાથી પેટમાંનો વાયુ નીકળી જાય છે. કાયમની કબજિયાતવાળા રોગીને માટે તે ઉત્તમ છે અને તે સારક હોવાથી તેવા દરદીને ફાયદાકારક છે સ્ત્રીઓને માટે પણ ઉપયોગી છે. તે આર્તવને સાફ લાવે છે. હિંગનાં જુદાંજુદાં ઔષધો સાથેના મિશ્રણથી તેનાં જુદાંજુદાં ચૂર્ણ બને છે: હિંગાષ્ટક, શિવાક્ષાર, હિંગ્વાદિ, હિસ્ટીરીઆવટી, ઝાડાની ગોળી, પરિણામશૂળનું ચૂર્ણ વગેરે. અફીણને ઉતારવું હોય તો હિંગને પાણીમાં અથવા છાસમાં મેળવીને પાવાથી અફીણ ચડયું હોય તો ઊતરી જાય છે. હેડકી જો મટતી ન હોય તો ધુમાડીરહિત અંગારા ઉપર હિંગ અને અડદનું ચૂર્ણ નાખી તેની ધુમાડી મોંમાં લેવાથી હેડકી તરત જ બંધ થઈ જાય છે. ચોથિયા તાવ ઉપર હિંગ અને જૂનું ઘી એકઠું કરીને જે દિવસે તાવ આવે તે દિવસે નાકમાં નાખવાથી તાવ મટી જાય છે. વીંછી કરડયો હોય તો હિંગ આકડાના દૂધમાં વાટીને લેપ કરવાથી વિષ ઊતરી જાય છે એમ કહેવાય છે. એમ પણ મનાય છે કે આધાશીશી ઉપર હિંગનું પાણી કરીને નાકમાં નાખવાથી આધાશીશી મટી જાય છે. સામાન્ય વઘારમાં વપરાતી એવી એક છોડના ગુંદર જેવા રસરૂપ હિંગ ઘણા ઉપયોગમાં આવે છે. માનવ-આરોગ્યને માટેનાં વિધવિધ ઔષધો-ઉપચારોમાં આમ સાધારણ લાગતી હિંગનું અસાધારણ મહત્ત્વ છે.

દુનિયામાં કેટલા રાજા?

સર અબ્દુલ રહેમાન મલાયાના સમવાયતંત્રના રાજા બન્યા ત્યારે તેમને એશિયાના સાતમા રાજા બનવાનું ભાગ્ય સાંપડયું છે. એશિયામાં બીજા છ દેશોમાં રાજા છે. એ દેશો છે અફઘાનિસ્તાન, નેપાળ, થાઈલૅન્ડ, લાઓસ, કમ્બોડિયા અને જાપાન.

રસિક વાત એ છે કે યુરોપમાં પણ સાત રાજવી છે, ઇંગ્લંડની રાણી, હૉલૅન્ડની રાણી ને નૉર્વે, ડેન્માર્ક, સ્વીડન, બેલ્જીઅમ તથા ગ્રીસના રાજા.

દાક્તરી ઓજારો અંગે સંશોધન કરતી મૉસ્કોની એક સંસ્થાએ સોય વગરના ઈન્જેકશનનો એક નમૂનો બનાવ્યો છે. આ સાધનના એક ઝીણા કાણા વાટે દવાને ખૂબ ધ્યાનપૂર્વક ચામડીમાં ઉતારવામાં આવે છે. એને ચામડીને અડકાડી ચાંપ દબાવવામાં આવે એટલે દવાની સેર સીધી ચામડીની અંદર પ્રવેશે છે. આ ઝડપી ઈન્જેકશનથી દરદીને જરા ય દુઃખ થતું નથી અને રોજનાં ૨૦૦૦ ઈન્જેકશનો આપી શકાય છે.

સિકંદર-હાથ

ઈ. સ. ૧૩૫૭ થી ૧૩૮૭ સુધી બંગાળાની ગાદીએ સિકંદરશાહ નામનો એક નવાબ થઈ ગયો. તેનો હાથ વિચિત્ર હતો. સામાન્યરીતે શરીરની ઊંચાઇના પ્રમાણમાં હાથની લંબાઈનું માપ હોય છે; પરંતુ સિકંદરશાહ સાત વર્ષનો હતો ત્યારથી જ તેનો હાથ કોણીની બહાર વધી જઇને તેની લંબાઈનું પ્રમાણ અસાધારણ બની ગયું હતું. કોણીથી વચલી આંગળીના ટેરવા સુધીની તેની લંબાઈ એક ગજ જેટલી હતી!

એટલે, પ્રજાજનોએ પોતાના નવાબના હાથની લંબાઈનું જ માપ અપનાવી લીધેલું, અને 'સિકંદર-હાથ'નું મૂળભૂત એકમ (ફન્ડામેન્ટલ યુનિટ) ગણીને તે ઉપરથી કોસ વગેરે જેવાં બધાં માપ નક્કી કરેલાં. જાણીને આશ્ચર્ય થશે કે આજે પણ બંગાળાના કોઈ કોઈ ભાગમાં પદ્ધતિ અસ્તિત્વમાં છે! —'શિવમ સુંદરમ'

આ અંકમાંના ‘પચ્ચીસ વર્ષ પહેલાં’ના અવતરણમાં જણાવ્યા મુજબની પુરાતન મિસરની સમૃદ્ધ સંસ્કૃતિનો સૌથી વિશિષ્ટ ખયાલ, ઈ. ૧૯૨૨માં થએલા ખોદકામમાંથી નીકળેલી જગવિખ્યાત તુતાન્‌ખામનની કબરમાંની આંખને આંજી નાખે તેવી સામગ્રી, સમૃદ્ધિ તથા ઐતિહાસિક અવશેષો પરથી દુનિયાને આવ્યો. ઈ.સ. પૂર્વે ૧૩૫૦ના ગાળામાં મિસરમાં માત્ર ૯ વર્ષ રાજ્ય કરી ૧૮ વરસની વયે અકાળે મરણ પામેલા એ રાજાના સમાધિગૃહમાંથી મળી આવેલી પથ્થરની શબપેટી, તેનું સિંહાસન તથા મૃતદેહ સાથે રાખવામાં આવતી અન્ય સામગ્રી, મિસરી પુરાતત્ત્વ-સંશોધનના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ ને અનન્ય ગણાઈ છે. ઇજિપ્તના પાટનગર કાહિરા(કૈરો)ના મ્યૂઝિયમમાં સંઘરાએલી ને જગતના એ બેનમૂન સમૃદ્ધ અવશેષોનો ઝાંખો ખયાલ આપતી, તુતાનખામનની ૧ થી ૧૫ ઇંચ જાડા નક્કર સોનાની રંગસમૃદ્ધ શબપેટીનું અર્ધું ચિત્ર આ નીચે આપ્યું છે. ૨૨ કૅરેટ નગદ સોનાના આ કૉફિન ઉપર, રંગીન પ્લાસ્ટરના ચિતરામણથી મઢેલું લાકડાનું કૉફિન હતું, અને તેના ઉપર એવું જ પાછું ત્રીજું કૉફિન હતું. એ ત્રણે એક પીળાશપડતા ચમકદાર પથ્થરની મોટી શબપેટીમાં પૅક હતાં, અને એ શબપેટી, એક ઉપર બીજી એવી ચાર મજબૂત લાકડાની મંજૂષાઓમાં સજ્જડ બંધ કરેલી હતી. સૌથી બહારની મંજૂષા ૨૧॥×૧૪ ફૂટની હતી, તે પરથી આ શબ-સંગ્રહની પદ્ધતિનો ખયાલ આવશે. રત્નજડિત અલંકારોથી ભરચક્ક રાજા તુતાનખામનનું મૂળ મમી(શબ)જેમાં મૂકેલું હતું તે આ અઢીસો રતલ(સવા છ મણ) વજનના આ કૉફિનની મુખમુદ્રા હૂબહૂ મૂળ જેવી જ છે.



ઉમર વર્ષ ૨૭ ‘નર્મદ, આખરે જુદાઈ જ.

કવિ નર્મદાશંકર લાલશંકર


જન્મ ૨૪-૮-૧૮૩૩ · **૧૨૫મી જયંતી** · મૃત્યુ ૨૫-૨-૧૮૮૬


બે યુગને સંગમે જન્મ્યો, ને નવા યુગનો સ્રષ્ટા થયો. એણે નવા સંસ્કાર ઝીલ્યા ને જૂનાને સંશોધ્યા. એણે જૂના રસ, અલંકાર ને નાયિકાવિષયો નવા જમાનાને શીખવ્યા. પિંગળ, વ્યાકરણ, કોશ ને પુરાતત્ત્વના પાયા નાખ્યા. જૂનાં બંધનોમાંથી મુક્ત કરી કવિતાને એણે અદ્‌ભુતરંગી, આત્મલક્ષી, ઊર્મિથી તરવરતી કરી મૂકી. એણે ઊર્મિગીતનો પ્રારંભ કર્યો; પ્રકૃતિ-વર્ણનનો નાદ લગાડ્યો; પ્રણયને યોગ્ય સ્થાને રાખી પૂજ્યો; જીવનનો ઉલ્લાસ જેવો માણ્યો તેવો ગાયો. એણે ગદ્યને વિશુદ્ધ કર્યું, સમૃદ્ધ કર્યું; રસમયતા-ચિત્રમયતાને માર્ગે વહેતું કર્યું. ભાષણ ને નિબંધ સુંદર કર્યા. ઇતિહાસસર્જનમાં પ્રથમ પગલાં માંડ્યાં. આત્મકથાની દિશા દેખાડી.


એણે પરસંસ્કાર ઝીલ્યા ને એ સુધારાનો પયગંબર થયો: એણે નિર્માલ્યતાને પડકાર કર્યો ને વીરધર્મનો વાવટો ઉડાવ્યો; સ્વતંત્રતાનો જાપ કર્યો ને કરાવ્યો: સમાજનાં બંધનો તોડ્યાં ને તોડતાં શીખવ્યું; બ્રિટિશ અમલને પારખ્યો ને સ્વાતંત્ર્યદીક્ષાનાં સૂત્રો રચી ગયો; અને આજે પણ જે સિદ્ધ નથી થયા તેવા ઉદ્દેશોને ગુજરાત સમક્ષ રાખી ગયો. —ક. મા. મુનશી



તેના મુકુટમાં ગરુડ-દેવી ‘એલ્કામ’ અને સર્પ ‘બુટો’નાં રાજ્યરક્ષક પ્રતીકો છે, જે બંનેની પાંખો તથા દેહાકૃતિ રાજાના શરીરને વીંટી વળતાં બતાવ્યાં છે. એનાં પીછાં વગેરે નાનાં નાનાં રત્નોથી ખચેલાં છે. છાતી પર વાળેલા બે હાથમાં રાજદંડ તથા પંખાનું પરંપરાગત રાજચિહ્ન છે. ભ્રમરો, પોપચાં, દાઢીરખું, ગળામાંની માળાઓ અને અન્ય અલંકારો સમૃદ્ધ અને સુવર્ણમંડિત સામગ્રીથી રચેલા છે. દુનિયાભરના ઇતિહાસમાં આથી વધુ સમૃદ્ધ કૉફિન હજી નથી મળ્યું.







આપણા ૧૧મા સ્કવૉડ્રનની આ ત્રણ વિનાશિકાઓમાં આગેવાન 'રાજપૂત' (ઉપલી) છે. ૧૭૦૦ ટનની આ દરેક વિનાશિકા–અનુક્રમે 'રાજપૂત', 'રણજિત' ને 'રાણા' ૩૩ નૉટની ઝડપની છે અને તેઓ ૪·૭ ઈંચના વ્યાસની મુખ્ય તોપો ઉપરાંત અનેક વિમાન-વિરોધી તોપો, ટૉર્પિડો તથા સબમરીન-વિરોધી જલ-બૉમ્બ (ડેપ્થ-ચાર્જ) વડે સજ્જ છે. તે પર અફસરો સાથે ૨૦૦થી વધુ માણસો હોય છે. નખશિખ શસ્ત્રસજ્જ આ જહાજો ભારે ને વિવિધ કામગીરી બજાવે છે. વેપારી જહાજોની રખવાળી 'ક્રૂઝર' કરે છે, પણ 'ક્રૂઝર'ની રખવાળી આ 'વિનાશિકા'ઓ કરે છે. મૂળ 'ટૉર્પિડો-બોટ ડિસ્ટ્રૉયર' વર્ગનાં અત્યંત તેજ ગતિવાળાં આ જહાજ ૯૦૦થી ૨૩૦૦ ટનના વજનનાં હોય છે. ૪થી ૪·૭ ઈંચ સુધીની તોપો, એકીસાથે બેથી માંડી દસેક ટૉર્પિડો છોડી શકતી તથા સર્વપ્રકારની શસ્ત્રસામગ્રીથી સજ્જ આ આરમારો તેના નામ પ્રમાણે ખરેખર 'વિનાશિકા'ની જ ભૂમિકા ભજવે છે. આપણી બીજી (૨૨મી સ્કવૉડ્રન) ટુકડીની આવી વિનાશિકાઓ ગોદાવરી, ગોમતી અને ગંગા છે.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ - પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ 'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક્ક છે'ના સૂત્રકાર લોકમાન્ય ટિળકનું અવસાન, ૧૯૨૦.
તા. ૫ જગતની પ્રમુખ સત્તાઓને પોતામાં સંડોવતું પહેલું વિશ્વયુદ્ધ આરંભાયું, ૧૯૧૪.
તા. ૬ હીરોશીમા પર જગતનો પ્રથમ ઍટમ-બૉંબ ફેંકાતાં એ શહેરનો સર્વનાશ, ૧૯૪૫.
તા. ૮ બંગાળના ભાગલા થતાં દુભાએલી લોકલાગણીએ ચળવળનું રૂપ પકડ્યું, ૧૯૦૫.
તા. ૧૦ ભારતીય સંગીતને શાસ્ત્રબદ્ધ કરનાર સમર્થ સંગીતજ્ઞ પ્રો. ભાતખંડેનો જન્મ, ૧૮૬૦.
તા. ૧૧ હિંદી ભાષાના વયોવૃદ્ધ ને વિદ્યમાન માન્ય કવિ મૈથિલીશરણ ગુપ્તનો જન્મ, ૧૮૬૦.
તા. ૧૫ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અહિંસક સત્યાગ્રહના ધર્મયુદ્ધનો પ્રયોગ કર્યો, ૧૯૦૮.
તા. ૧૯ આકાશમાર્ગે ટોકિયો જતા સુભાષબાબુનું વિમાન-અકસ્માતમાં અવસાન, ૧૯૪૫.
તા. ૨૨ હૈદરાબાદનાં અઢીસો ગામોએ આઝાદ બની હિંદી સંઘમાં જોડાવાનું નક્કી કર્યું, ૧૯૪૬.
તા. ૨૪ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અફસર જૉબ ચાર્નોકે કલકત્તા શહેરની સ્થાપના કરી, ૧૬૯૦.
તા. ૨૬ પૉર્ટુગલથી ભારત આવવા નીકળેલો વાસ્કો દ ગામા કાલિકટ બંદરે ઊતર્યો, ૧૪૪૮.
તા. ૨૮ ગુજરાતના સૌપહેલા, હામી સમાજસુધારક કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧.

વ્યક્તિવિશેષ : લૉર્ડ આલ્ફ્રેડ ટેનિસન



કાવ્યનાં લય, પ્રવાહિતા અને કસબ માટે આખા જગતસાહિત્યમાં અદ્વિતીય ગણાતા, ઈંગ્લંડના આ મહાન કવિનો જન્મ લિંકનશાયર પરગણાના સ્મર્સ્બી નામે ગામડામાં ઈ. ૧૮૦૯ની ૬ઠ્ઠી ઑગસ્ટે થએલો. પિતા જ્યૉર્જ ક્લેટનનું તે પાંચમું સંતાન. લાઉથ ગ્રામર સ્કૂલમાં શાળાનિયમનનાં કંટાળાભરેલાં ચાર વર્ષ ગાળી પછીનો અભ્યાસ ઘેર તેણે પિતા પાસે કર્યો. એ દરમ્યાન પોતાના ભાઇ ચાર્લ્સની મદદથી 'બે ભાઇઓની કવિતા' ('ધ પોએમ્સ બાય ટુ બ્રધર્સ, ૧૮૩૦) રચી, અને પછી કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં અભ્યાસ કર્યો. ત્યાં તેને તેના જીવનભરના અભિન્નહૃદય સાથી આર્થર હેન્રી હૅલામનો પરિચય થયો.

૧૮૩૦થી લખાવા માંડેલાં ઊર્મિગીતો 'પોએમ્સ—ચીફ્લી લિરિકલ'થી તેણે સર્વપ્રથમ લોકલક્ષ ખેંચ્યું.૧૮૪૨માં તેણે પોતાનાં કાવ્યોને બે સંગ્રહો રૂપે બહાર પાડચાં, જેમાં તેની પ્રતિભા સવિશેષ ઝળકી ઊઠી. ૧૮૫૦માં તે સારાહ સેલવુડને પરણ્યો અને વાઈટના ટાપુ પર ફૅરિંગ્ફર્ડ નામનું ઘર ખરીદી ત્યાં સુખથી રહેવા લાગ્યો. આ જ વર્ષે તે વર્ડ્ઝવર્થ પછી ઈંગ્લંડનો રાજકવિ (પોએટ લૉરીએટ) નિમાયો. તેના મિત્ર હૅલામનું ૧૮૩૩માં અવસાન થતાં તેનું હૈયું ભાંગી પડેલું.મિત્રશોકમાં કરુણપ્રશસ્તિરૂપે તેણે લખેલું 'ઇન મેમોરિયમ'('૫૦) દુનિયાના સાહિત્યમાં ઉત્તમ કાવ્યકૃતિ તરીકે અતિ ખ્યાત ને સુપ્રતિષ્ઠિત બન્યું. તેની કવિ કારકિર્દીના શિરમોરરૂપ એવી જ બીજી બે કૃતિઓ છે 'મૉડ'(૧૮૫૫)ને 'આઇડિલ્સ ઑાવ ધ કિંગ' (૧૮૫૮, '૭૦, '૭૨, '૮૫). તેના ઉત્તરકાલીન સંગ્રહોમાં 'ઈનક આર્ડન' (૧૮૬૪), 'લ્યૂક્રેરિયસ'(૧૮૬૮), 'ધ રિવેન્જ' (૧૮૭૮), 'બૅલાડ્ઝ ઍન્ડ અધર પોએમ્સ' (૧૮૮૦), 'ટીરેસીઅસ' (૧૮૮૫), 'ડીમીટર' (૧૮૮૯), ને 'ધ ડોથ ઑાવ ઑાએન' (૧૮૯૨) નો સમાવેશ થાય છે. 'ક્રૉસિંગ ધ બાર' ને 'ધ ચાર્જ ઑાવ ધ લાઈટ બ્રિગેડ' એ તેની સુંદરતમ એકવડી કવિતાઓ છે.


'૩૩ પછીના ગાળાગાં ઓકની પટ્ટીઓ ને રાચરચીલું મશીનથી કોતરવા માટેની યોજનામાં તેણે પોતાનું બધું ધન રોકેલું, અને અંતે ગુમાવેલું. આથી તે ઘણો હતાશ થઈ ગએલો. પછી મિત્રોની મદદથી માત્ર ૩૩ વર્ષની વયથી તેને માટે નિવૃત્તિવેતનની વ્યવસ્થા કરવામાં આવી હતી, ને આ નિવૃત્તિવેતન તેને જીવનના શેષ ભાગ પર્યંત આપવામાં આવ્યું હતું.વૃદ્ધાવસ્થામાં તે અદ્ભુતપણે કાર્યરત રહ્યો. ૬૬ની વયે તેનું પહેલું નાટક પ્રસિદ્ધ થયું, ને 'ક્વીન મેરી'નો જોકે સાશંક સ્વીકાર થયો, પરંતુ તેની પછી 'હૅરૉલ્ડ' અને 'બેકેટ' પ્રસિદ્ધિ પામ્યાં. એ બધાં એલિઝાબેથન ઢબનાં જ છે. એ સર્વમાં 'બેકેટ' એ તેનું સર્વોત્કૃષ્ટ પદ્યનાટક છે. પછી આવ્યાં 'ધ ફાલ્કન', 'ધ કપ', 'ધ પ્રૉમિસ ઑાવ મે', અને 'ધ ફૉરેસ્ટર્સ'. ૧૮૮૪માં તેને ફ્રેશવૉટર ને ઍલ્ડ્વર્થને 'બૅરન' બનાવી ઉમરાવપદ આપવામાં આવ્યું, જે ઇલકાબ તેના એક માત્ર જીવતા રહેલા પુત્ર હૅલામ ટેનિસનને પણ અપાએલો. ૧૮૯૨ની ૬ઠ્ઠી ઑક્ટોબરે તેના અવસાન બાદ હૅલામે પિતાની પ્રમાણભૂત જીવનકથા લખી છે.

રાજકવિ ટેનિસન દેખાવે એવો તો ઋજુ, ભવ્ય અને સુંદર હતો કે કાર્લાઈલ જેવાએ તેને 'જગતના સુંદરતમ પુરુષોમાંનો એક' કહ્યો છે.

પ્રકૃતિ તેને માટે માનવજીવનનું સજીવ પ્રતીક હતી. સામાન્ય જનનું સરળ નિખાલસ હૃદય તેની કવિતામાં નાજુક મૃદુ તાલે ધબકતું સંભળાય છે. તે માનવમાહાત્મ્યનો કવિ છે. રાષ્ટ્રનું, ભવ્ય ભૂતકાળનું તેમજ વિશ્વમાનવનું ગૌરવ તેને હૈયે રમતું. અંગ્રેજી જીવનની લાક્ષણિક દશ્યમાળા તથા ઊર્મિડૂંક આલેખવામાં તે અજોડ છે. તેના નિરૂપણમાં અસાધારણ ઋજુતા અને સ્ફટિકસદશ વિશદતા છે. ટેનિસનનો સમાગમ લીલી હરીયાળી ને પ્રસન્ન જળનો શાંતિપ્રદ સુખદ સંસ્પર્શાનુભવ કરાવે છે.

પ્રસંગવિશેષ : શાહઆલમે બંગાળ-બિહાર-ઓરિસ્સા અંગ્રેજોને સોંપ્યાં

બંગાળ, બિહાર અને ઓરિસ્સાના જમીનદારો મુઘલ શહેનશાહ શાહઆલમ બીજાના ઝંડા તળે જતા જોઇને અને ઈ. ૧૭૬૧ના માર્ચ માસમાં બાદશાહે મીર કાસિમને એ ત્રણે પ્રાંતોની સૂબેદારીના પરવાનાનું ફરમાન કાઢ્યું તે પરથી ચાલાક અંગ્રેજોએ કંપનીના હાથ નીચેના પ્રાંતોનો પણ બાદશાહી પરવાનો મેળવવાની કોશિશ કરી; તથા આ ત્રણે પ્રાંતોનો પણ સૂબેદાર ભલે મીરકાસમ રહે, પરંતુ એ ત્રણે પ્રાંતોની દીવાની મીરકાસિમના હાથમાંથી લઈ કંપનીને સોંપવામાં આવે એવી પણ બાદશાહને પ્રાર્થના કરી. આમાં સવેળા સફળતા મળતી ન હોવા છતાં સત્તા માટેના કંપનીના પ્રયત્નો જારી રહ્યા. અંતે ઈ. ૧૭૬૫માં ક્લાઇવે આ પ્રાંતોના વહીવટની જવાબદારી માથે લઈ તેના બદલામાં નવાબ નજમુદ્દૌલા પાસેથી પાંચ લાખ રૂપિયા પડાવ્યા, અને એવો બંદોબસ્ત કર્યો કે જેથી બંગાળની ખરી સત્તા અંગ્રેજોના હાથમાં આવી અને સૂબેદાર માત્ર નામનો રહ્યો! ને ઈ. ૧૭૬૫ની ૯મી ઑગસ્ટે, ક્લાઇવે મુલાકાત લીધી તે જ દિવસે નિર્બળ તથા અદૂરદર્શી બાદશાહ શાહઆલમે પણ વાર્ષિક ૨૬ લાખ રૂપિયાની ખંડણી ભરવાની શરતે કંપનીને બંગાળ, બિહાર તથા ઓરિસ્સાની દીવાનીનો અધિકાર આપી દઈ મુર્શિદાબાદની સૂબેદારી—એટલે કે મુઘલ સામ્રાજ્યના મોતના પરવાના—ઉપર પોતાની સહી મૂકી! અને વૉરન હેસ્ટિંગ્સ ગવર્નર થતાં તો તેણે દર વર્ષે અપાતી આ ૨૬ લાખ રૂપિયાની ખંડણી મોકલવાનું પણ બંધ કરી દીધું!



ભારતીય નૌકાદળના 'જવાનો' દેશના દરેક ભાગમાંથી આવે છે (ડાબી બાજુથી અનુક્રમે બિહારી, દક્ષિણ ભારતીય, ગુરખા, બંગાળી, મહારાષ્ટ્રીય તથા શીખ) અને ભાષા, ધર્મ કે પ્રાંતના કશા ભેદભાવ વિના તેઓ એક ભારતીય લોહી બની રહે છે. પણ આ બધામાં ગુજરાતીઓ કયાં? જાણીને સખેદાશ્ચર્ય થાય છે કે થોડાક પારસી અફસરો બાદ કરતાં આખા નૌકાદળમાં માત્ર નવ જ ગુજરાતીઓ છે! આપણા કચ્છ-સૌરાષ્ટ્રના પરંપરાગત દરિયાખેડુ ખારવાઓ પણ એમાં નથી, કેમકે તત્પૂરતું જરૂરી ભણતર તેઓ લેતા નથી.

આ સર્વ મળીને જોકે આપણું નૌકાદળ દક્ષિણ એશિયામાં ગણનાપાત્ર થશે; છતાં આ સર્વ તો દોઢ દાયકા પહેલાંનાં—બીજા મહાયુદ્ધ વેળાનાં જહાજો છે. આજના અણુયુગને માટે તે તદ્દન 'અદ્યતન' તો ન જ કહેવાય. એ માટે ભારત સરકાર જાગૃત છે.

૧૯૫૩ના મે માસમાં આ બધાંમાં એક વધુ આધુનિક સગવડ ઉમેરાઇ છે. કોચીનમાં 'ગરુડ' નામે હવાઇ મથક ઉમેરાયું છે. અહીં દરિયાઈ તેમજ હવાઈ બંને પ્રકારની કામગીરી બજાવતાં વિમાન-વિરોધી દળની તાલીમ આપતાં 'સી-લૅન્ડ' અને 'ફાયર-ફ્લાઇ' ટુકડીઓની તથા તેની ટેકનિકલ શાળાનું સંચાલન કરવામાં આવે છે.


ભાગલા પડતાં ભારતને ત્રણ મુખ્ય તાલીમકેન્દ્રો અને ઘણા અનુભવી શિક્ષક-અફસરો તથા માણસો ગુમાવવા પડેલા. આ ખોટ તથા તંગી દૂર કરવા માટે સંખ્યાબંધ અમલદારો તથા માણસોને યુનાઇટેડ કિંગડમમાં તાલીમ લેવા મોકલાયા છે. દરમિયાન મુંબાઈમાં આંગ્રે, 'કુંજાલી' અને 'હમલા', જામનગરમાં 'વાલસુરા' અને લોણાવલામાં 'શિવાજી' નામનાં જહાજો પર તાલીમ કેન્દ્રો વિકસાવાયાં છે; તથા વિશાખાપટ્ટનમાં 'સરકાર', ને કોચીન પાસે 'વેન્દુરથી' ઉપર બે નવાં કેન્દ્રો સ્થપાયાં છે. હજી એક મથક એર્નાકયુલમમાં પણ સ્થપાવાનું છે. ઉપરાંત મુંબાઈમાં 'અશ્વિની' તથા કોચીનમાં 'સંજીવની' ઈસ્પીતાલ-જહાજો છે.

ઈ.સ. ૧૯૪૯માં નૅશનલ ડિફેન્સ ઍકડેમીમાં આપણાં ખુશ્કી, તરી તથા હવાઈ ત્રણે દળો માટે સંયુક્ત તાલીમ આપતી 'જૉઈન્ટ સર્વિસિઝ વિંગ' સ્થપાઈ હતી, તે હવે મુંબાઈ રાજ્યમાં ખડકવાસલા મુકામે લઈ જવાઇ છે. આ JSW (જૉઇન્ટ સર્વિસિઝ વિંગ)એ ત્રણે દળોને સંયુક્ત તાલીમ આપતું આખી દુનિયાભરમાં એકમાત્ર કેન્દ્ર છે.

દેશનાં અન્ય ક્ષેત્રોની પેઠે ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ આપણા નૌકાદળના મૂળ નામ 'રૉયલ ઈંડિયન નેવી' નામમાંથી પણ 'શાહી' (રૉયલ)શબ્દને રુખસદ અપાઈ છે ને ૧૯૫૧ની ૨૭મી મેએ મુંબાઈ મુકામે આપણાં દળોના સર્વોપરિ સેનાધિપતિ રાષ્ટ્રપતિએ તેને 'પ્રેસિડેન્શીઅલ કલર્સ'(પ્રમુખ-ધ્વજ)નો નવો વાવટો આપ્યો છે. વળી ૧૯૫૭માં ઘડાએલા નેવી ઍકટ(નૌકાધારો)ને પણ હમણાં કાયદેસરનું આખરી સ્વરૂપ અપાઇ ગયું છે.


સૌથી છેલ્લું પગલું તે આપણા નૌકાદળના સેનાપતિ તરીકે હવે એક ભારતીયની—શ્રી રામદાસ કટારીની નિમણૂક થઈ તે. છેલ્લાં સાડા ત્રણસો વરસથી એ સ્થાને, તેમજ સર્વ મુખ્ય અફસરો તરીકે અંગ્રેજો જ રહેતા આવેલા. સ્વરાજ થયા પછી તેનું હિંદીકરણ

ભારતીય નૌકાદળના અફસરોની સંજ્ઞા-પટ્ટીઓ






ચંદ્ર કે ગ્રહો પર પહોંચવાનો માણસનો પહેલો અવકાશ-પ્રવાસ જ્યારે થશે ત્યારે એ સિદ્ધિના સૌથી વધુ યશભાગી આધુનિક રૉકેટના સર્જક સ્વ. ડૉ રૉબર્ટ એચ. ગૉડાર્ડ હશે.




૧૮૮૨માં મૅસેચ્યુસેટ્સમાં જન્મેલા ગૉડાર્ડે ૧૯૦૬માં વિદ્યાર્થીકાળથી શાળાના ભોંયરામાં પ્રયોગો શરૂ કરેલા. એક વાર તો રૉકેટના સપાટાથી આખી ઈમારત ધૂમાડાથી ભરાઇ ગઈ.



૧૯૧૧માં સ્નાતક થઇ પ્રોફેસર બનેલા ગૉગાર્ડે પાસે પ્રયોગો ચાલુ રાખવા પૂરતા યે પૈસા ન હતા. ખોરાક ને અંગત જરૂરિયાતો પર કાપ મૂકીને તેમણે જેમતેમ સાધનો ઊભાં કર્યાં.




તે માનતા કે શૂન્યાવકાશમાં રૉકેટનો ધક્કો સામાન્ય વાતાવરણ કરતાં વધુ હશે ને તેથી તેનો વેગ પણ વધુ હશે. એક હવા વિનાની બરણીમાં પિસ્તોલ ફોડીને તેમણે આ સાબિત કર્યું.




ગૉગાર્ડે એ પણ સાબિત કર્યું કે રૉકેટમાંથી નીકળતી હવાની ધાર બહારની હવા સાથે ભટકાઇને તેને ગતિ આપતી નથી. બળતા વાયુનું દબાણ અંદરથી જ રૉકેટને ગતિ આપે છે.



જોઇતો ધક્કો મેળવવા હવે એમણે બંદૂકના દારૂને બદલે પ્રવાહી બળતણ (ઑક્સિજન ને પેટ્રોલ)ના પ્રયોગો શરૂ કર્યા. એથી એકધારી શક્તિ મળી અને તે વધુ વખત ટકી રહી.



૧૯૨૬માં ગૉડાર્ડે એનો પહેલો અખતરો કર્યો. દસ જ ફૂટ લાંબા એ રૉકેટે કલાકે ૬૦ માઈલના વેગે ફક્ત ૧૮૪ ફૂટ કાપ્યા. પણ ગૉડાર્ડને ખાતરી થઇ કે હું સાચા રાહ પર છું. આજના કૃત્રિમ ગ્રહો એ જ બળતણ પર ઊડે છે.



પ્રવાહી બળતણનો પ્રયોગ સફળ થયા પછી ગૉડાર્ડે તેનો અનિયંત્રિત ઉડ્ડયનનો દોષ પણ દૂર કર્યો. તેમણે જે કાર્યક્ષમતા પ્રાપ્ત કરી તેથી જ આજે ચંદ્ર ને ગ્રહો પર પહોંચવાનું સ્વપ્ન હવે નજીકના ભવિષ્યમાં સિદ્ધ થાય તેમ લાગે છે.



પણ પોતાના પ્રિય રૉકેટની આ પ્રગતિ જોવા એ જીવ્યા નહિ. ૧૯૪૫માં એમનું અવસાન થયું. પણ એમણે આપેલા ફાળાએ મનુષ્યનો અવકાશમાં પ્રવાસ કરવાનો માર્ગ કરી આપ્યો છે. દુનિયાભરના વિજ્ઞાની આજે તેમને સ્મરે છે.


> **તાકાત હુંમાં દસ માનવીની**
> **છે કેમકે નિર્મળ હૈયું મારું.**
>
> —ટેનિસન

કવિ ગોલ્ડસ્મિથે પહેલાં દાક્તરીનો અભ્યાસ કરેલો ને પદવી પણ મેળવેલી. એક વાર એક ગરીબ સ્ત્રીએ એને પત્ર લખી અતિશય બીમાર હોવાના ખબર જણાવ્યા. ગોલ્ડસ્મિથે એને ઘેર જઈ એને તપાસી અને કહ્યું: 'હું રોગ ને ગરીબી બંનેની દવા મોકલું છું.' થોડી વાર પછી એ બાઇને એક નાની દાબડી મળી. તેમાં દસ ગીની હતી. ઉપર લખેલું હતું: 'જરૂર પડ્યે આનો ઉપયોગ કરજો; ધીરજ ધરજો, ને સદ્‌ભાવ ખોશો નહિ.'

કહેવતોના અર્થ: 'કોણી મારીને કુલડું કરવું'.—એનો શબ્દાર્થ સૂચવે છે તેમ, માટીના લોંદામાંથી કોઈ પાત્રનો ઘાટ ઉતારવા માટે તેને કાળજીપૂર્વક ચાકડે ચડાવવાની લાંબી વિધિ કરવી પડે; પણ તાત્કાલિક જરૂરતનો પ્રસંગ પડ્યે, તરતબુદ્ધિવાળો માણસ જેમ એ લોંદામાં કોણી મારીને કુલડાનો ઘાટ બનાવી લે, એમ સમયસૂચકતાથી કામ પાર પાડવાની આવડત માટે આ કહેવત વપરાય છે.


અનેકાર્થી શબ્દ: **હાડ**=હાડકું; શરીર; શરીરનો બાંધો, હાડકાંનું માળખું; ટેક; ટાઢ; તિરસ્કાર; ધુત્કાર; કપાસ પીલવાનું સ્થળ, કપાસનાં ડોડવાં ભરી રાખવાનો વાડો; હદ; હૈયું, અંતર; તિરસ્કારપાત્ર; ઘણું જ; છેલ્લી હદે.

કપડા પર પડેલા લોહીના ડાઘ હાઇડ્રોજન પૅરૉક્સાઈડથી સહેલાઈથી નીકળશે. મેથિલેટેડ સ્પિરિટ પણ તે માટે ઉપયોગી છે. આખરે સાબુથી ધોઇ નાખવું.



કલાકણિકા: જાણીતી ગ્રીક ગાથામાં આવતા, એશિયા-માઈનરના ટ્રૉય શહેરની રમણીના કાનનું આભૂષણ.

તાજી રોટીને કાપતાં પહેલાં છરીને ઊકળતા પાણીમાં બોળીને વાપરશો તો મઝાની પાતળી સ્લાઈસો પડશે.




અંગ્રેજી મૂળાક્ષરનો સત્તરમો અક્ષર 'ક્યૂ' ઇજિપ્શ્યન ચિત્રલિપિ હાયરોગ્લિફની મૂળ ત્રિકોણાકાર આકૃતિમાંથી વિકસતો કયે ક્રમે હાયરેટિક, ફિનિશ્યન, જૂના ગ્રીક અને જૂના રોમનમાંથી આજનું રૂપ પામ્યો તે પહેલી તકતીમાં બતાવ્યું છે. બીજી તકતીમાં તેના કૅપિટલ અને નાના રૂપના લેખનમરોડનું કાલક્રમશ: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન, અને આજનું સ્વરૂપ બતાવ્યું છે.

'વીસ વર્ષનો હતો ત્યારથી મેં શ્રીમંત થવાનો સંકલ્પ કર્યો હતો.'

'પણ શ્રીમંત થયો તો નહિ?'

'ના; કેમકે પછી શ્રીમંત બનવા કરતાં સંકલ્પ બદલવો એ જ સહેલું લાગ્યું.'



સદુપયોગ કરો

ધનવાન હોઇએ પણ ધન વાપરતાં ન આવડે તો ધન બોજા રૂપ છે.

જ્ઞાનવાન હોઇએ પણ જ્ઞાનનો સદુપયોગ કરી ન જાણીએ તો તે શાપ રૂપ છે.

શક્તિમાન હોઈએ પણ તેનો સંચય કરી સેવાર્થે ન વાપરીએ તો તે કલંક રૂપ છે.


પ્રાણવાન હોઇએ પણ પ્રાણને નિષ્ફળ તરંગ પાછળ વેડફી નાખીએ તો પ્રાણનું અપમાન કરીએ છીએ.


બધી વસ્તુ સદુપયોગ માટે છે.

ગિજુભાઈ



ઘણીવાર કબાટમાં કે અન્ય ફરનિચરો પર કીડીઓ ચડી આવી ત્રાસ કરે છે. તે માટે સાથેની આકૃતિમાં દર્શાવ્યા મુજબના આકારનું એક પાત્ર બનાવી તેમાં બતાવ્યા મુજબ ગાળામાં નેપ્થેલિનની ગોળીઓનો રસ ભરી દો. (આ ગોળીઓ સળગી ઊઠે તેવી આવતી હોઇ બહુ જ ઓછા તાપે તેને ઓગાળવી.) રસ ઠરી ગયે એને ફરનિચર કે કબાટના પાયા નીચે, ચિત્રમાં દર્શાવ્યા મુજબ, મૂકી દેવું.





ચોમાસા દરમ્યાન કેટલો વરસાદ પડચો તે ઈંચથી મપાય છે એ તો સૌ જાણે છે. એક ઈંચ એટલે, જમીન પર પડતું પાણી શોષાયા વિના, ઢળી ગયા વિના કે સુકાઈ ગયા વિના ભૂમિ ઉપર જ રહે તો એક ઇંચ તેની ઊંડાઈ થાય, એ ગણતરી છે. આને માટે ઉપરનું સાદું યંત્ર વપરાય છે. ડાબી બાજુએ બરણીમાં રાખેલા પ્યાલામાં ઉપરની ગળણીમાંથી પડતું વરસાદનું પાણી ઝિલાય, અને તે ચોક્કસ આંકાવાળા માપિયામાં રેડતાં કેટલા ઇંચ થયું તે માપી લેવાય